અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 127, Dt.10-03-2023 (Friday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

સફળતા ત્યારે મળે છે, જ્યારે આપણાં સપના આપણાં બહાના કરતા મોટા થઈ જાય છે.

ન્યૂઝ ફ્લેશ

ઈલેકટ્રોનિક પ્રોડકટના ભાવ ઘટવા લાગ્યા

કલકતાઃ ત્રણ વર્ષ બાદ હવે ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓના ભાવોમાં ઘટાડો શરૂ થયો છે. માલનો ભરાવો દુર કરવા તથા નવેસરથી ડીમાંડ સર્જવા માટે ઉત્પાદકો ભાવઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવા લાગ્યા છે. પરિવહન ખર્ચ અને સેમીકન્ડકટરના ભાવ ઘટતા ઈલેકટ્રોનિક ચીજો પણ સસ્તી કરવામાં આવી છે. સ્માર્ટફોનના કેટલાક મોડેલ પર પથી૧૫ ટકાનું ડિસ્કાઉન્ટ આપવાનું શરૂ કરાયું છે. જયારે રેફ્રીજરેટરમાં એલજી, સેમસંગ, હાયર જેવી કંપનીઓએ જાણીતા મોડેલોમાં પણ રૂ.૪ હજાર સુધીનો ભાવઘટાડો કર્યો છે. ૧ લાખથી વધુની કિંમતના પ્રીમીયમ રેફ્રીજરેટરમાં ૭ હજારથી માંડીને ૫૧ હજાર સુધીનો ભાવઘટાડો છે. ઉદ્યોગ નિષ્ણાંતોના કહેવા પ્રમાણે કાચા માલમાં ભાવ મોરચે મિશ્ર વલણ છે. કેટલાકમાં ભાવ ઘટયા છે જયારે કેટલીક ચીજો હજુ ઉંચા સ્તરે જ છે. પરંતુ કંપનીઓએ સરેરાશ પડતર નકકી કરીને ગ્રાહકોને રાહત આપવાનું શરુ કરી દીધું છે. મોબાઈલ ઉદ્યોગ પર વોચ રાખતા કાઉન્ટર પોઈન્ટના રિપોર્ટ પ્રમાણે ૨૦૨૦ અને ૨૦૨૧ના કોવિડ વર્ષમાં મોબાઈલની સપ્લાય ઓછી હતી. ગત વર્ષથી ચિકકાર ઉત્પાદન વચ્ચે માલ ભરાવાની સ્થિતિ સર્જાતા અનેક મોડેલો પર ૧૫ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. આઈસીઆઈસીઆઈ સિકયુરીટીઝના તાજેતરના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ઈલેકટ્રોનિક પ્રોડકટના કાચા માલમાં ભાવઘટાડો થયો છે. એલ્યુમીનીયમનો ભાવ ફેબ્રુઆરીમાં વાર્ષિક ધોરણે ૧૬.૩ ટકા, સ્ટીલનો ૧.૩ ટકા તથા હાઈડેન્સીટી કવોલિટીનો ભાવ ૭ ટકા નીચો આવ્યો હતો. પરિવહન ખર્ચમાં પણ રાહત થઈ છે. આ સિવાય સેમીકન્ડકટર ચીપના ભાવ પણ ઘટયા છે. કોરોનાકાળ કરતા સેમીકન્ડકટર ચીપ ઘણા સસ્તા ભાવે ઉપલબ્ધ થઈ રહી છે. વોલસ્ટ્રીટ જર્નલના રિપોર્ટ પ્રમાણે આગામી જુન મહિના સુધી મેમરી ચીપના ભાવ પણ ઘટતા રહેશે.

ઓહ... સાવધાનઃ દેશભરમાં આવી રહ્યો છે હીટવેવ

ગુજરાત, કેરળ, ગોવા, કર્ણાટક સહિતના અનેક રાજ્યોમાં તાપમાન ઝડપથી ઊંચકાયુંઃ આવનારા ૩ દિવસમાં હીટવેવ ફરી વળવાની હવામાન ખાતાની આગાહી

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૦

હજુ તો ઉનાળાનો પ્રારંભ થયો છે ત્યાં તો આકરું તાપ લોકોની અગ્નિ પરીક્ષા કરવા લાગ્યો છે અને દેશના કેટલાય ભાગોમાં અત્યારથી હીટવેવ ફરી વળતા લોકો પરસેવે રેબઝેબ થઇ ગયા છે. ગુજરાત, કેરળ, કર્ણાટક, ગોવા સહિતના રાજ્યોમાં અને મધ્ય તથા પશ્ચિમ ભારતમાં ભયાનક ગરમીનું મોજું ફરી વળવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. કેરળના તાપમાનના આંકથી તો નિષ્ણાંતોનું માથું પણ ભમી ગયું છે. દક્ષિણી રાજ્ય કેરળના અમુક વિસ્તારોમાં મહતમ તાપમાનનો સૂચકાંક ૫૪ ડિગ્રી નોંધાતા ધરતી ધગધગી ઉઠી હતી અને હવામાન નિષ્ણાંતો સ્તબ્ધ બની ગયા હતા. આવનારા ૩ દિવસમાં ગુજરાત સહિતના દેશના અનેક રાજ્યોમાં હીટવેવ ફરી વળે તેવી શકયતા છે. કેમકે ઉનાળાના પ્રારંભે અસામાન્ય ગરમીથી લોકોના શરીર પર ગંભીર અસર પડી શકે છે. એટલે લોકોને સાવધ રહેવાની અપીલ કરવામાં આવી છે.

ઘરની બહાર ખરા બપોરે ન નીકળવા, બાળકો અને વૃધ્ધોને બપોરે ઘરની બહાર જવા ન દેવા, શરીરના તાપમાનને સંતુલિત રાખે એવા લીંબુનું શરબત, જ્યુસ અને ફળોનો પ્રચુર પ્રમાણમાં ઉપયોગ કરવા, લૂ થી બચવા માથું ઢાંકી રાખવાની આરોગ્ય નિષ્ણાંતોએ લોકોને સ્પષ્ટ તાકીદ કરી છે.

રાજયના થિરૂવંથપુરમ જીલ્લાનાં દક્ષિણ ભાગમાં આવેલા અલબુઝા, કોટાયમ, કન્નુરનાં કેટલાંક વિસ્તારોમાં તાપમાન ૪૫ થી ૫૪ ડિગ્રી નોંધાયું છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટના રીપોર્ટમાં જ આ ખુલાસો થયો છે.જેને કારણે હીટસ્ટ્રોક સહીત ગંભીર સ્વસ્થ સ્થિતિ સર્જાવાનું જોખમ છે. આ રીપોર્ટ વિશે તિરૂવનંતપુરમકના હવામાન વિભાગે ટીપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે. જોકે, આરોગ્ય વિભાગે લોકોને એલર્ટ રહેવા કહ્યું છે. ખાસ કરીને ઘરની બહાર નીકળતી વખતે સાવધાન રહેવા સુચવ્યુ છે. દેશનાં અન્ય કેટલાંક ભાગોમાં પણ હીટવેવની હાલત છે. ગોવામા ભીષણ ગરમીને પગલે સ્કુલો બંધ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

હવામાન વિભાગે ઉતર અને દક્ષિણ ગોવામાં લુ ફુંકાવાની ચેતવણી આપી છે. ૧૧ મી માર્ચ પછી આંશીક રાહત મળી શકે છે. ૧૨ વાગ્યા પછીની તમામ સ્કુલો બંધ કરવા તથા શાળાનો સમય બપોરે ૧૨ વાગ્યા સુધીનો જ રાખવાનું કહેવામાં આવ્યુ છે.ગોવા ઉપરાંત દક્ષિણ કોંકણ, તટીય, કર્ણાટકમાં પણ લુ વરસવા તથા હીટવેવ જેવી સ્થિતિ સર્જાવાની ચેતવણી આપવામાં આવી છે. આવતા ત્રણ દિવસમાં તાપમાન હજુ બે થી ત્રણ ડિગ્રી વધવાનું કહેવામાં આવ્યું છે. પશ્ચિમ તથા ગુજરાત સહીત મધ્ય ભારતમાં આવતા રાજયોમાં પણ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે.

લોકોને સાવધ રહેવાની અપીલ, કેરળના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૫૪ ડિગ્રી નોંધાતા ધરતી ધગધગી ઉઠી અને નિષ્ણાંતો હચમચી ઉઠ્યા

દેશમાં ચોમાસા પર ફરી મંડરાયો અલનીનો ખતરો

ઓગસ્ટમાં અલનીનો હવામાન પરિબળ ઉદ્ભવે તો ચોમાસું ખોરવાઈ જવાની ભીતિઃ અમેરિકી એજન્સીઓનો અહેવાલ, એપ્રિલમાં સાચું ચિત્ર ઉપસી આવશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં આગામી ચોમાસા વિશે ચિંતા વધતી હોય તેમ અમેરિકી એજન્સીઓ સળંગ ત્રીજા મહિને અલ-નીનો ઉદભવવાની ચેતવણી જાહેર કરી છે. અમેરિકી એજન્સી દ્વારા પેસીફીક સમુદ્રનાં તાપમાનની સ્થિતિનાં આધારે માર્ચ મહિનાનાં રીપોર્ટમાં એમ જણાવ્યું છે કે જુલાઈ-ઓગસ્ટમાં અલ-નીનોનો ઉદભવ થવાની શકયતા છે.

મહત્વની વાત એ છે કે ફેબ્રુઆરીના રીપોર્ટમાં અલ-નીનોનો ઉદભવ જુલાઈમાં થવાની શકયતા દર્શાવાઈ હતી જે હવે નવા રીપોર્ટમાં ઓગસ્ટમાં ઉદભવ થવાનું કહેવાયું છે. ભારતીય ચોમાસા માટે અલ-નીનોની સ્થિતિ ચિંતા સર્જનારી હોય છે. ખરીફ ઉત્પાદનને અસર થાય છે. જોકે જુન-સપ્ટેમ્બરના ચોમાસાને અન્ય પરિબળો પણ અસરકર્તા હોય છે. હિન્દ મહાસાગરની પરિસ્થિતિ બરફ વર્ષા જેવા પરીબળો પણ ભાગ ભજવતા હોય છે. ભારતમાં છેલ્લા ચાલ વર્ષથી ચોમાસા નોર્મલ બની રહ્યા હતા તેમાંથી ત્રણમાં અલ-નીનાનો પ્રભાવ હતો. ૨૦૦૯, ૨૦૧૪, ૨૦૧૫ તથા ૨૦૧૮માં અલ-નીનોની અસરે ચોમાસા નબળા હતા. સળંગ ત્રણ વર્ષ લા-નીનાની સ્થિતિ રહ્યા બાદ હવે સ્પેસીફીકની દરીયાઇ સપાટીના ઉંચા તાપમાનને કારણે અલ-નીનોનું ચોમાસા માટે ઘાતક ગણાતું પરીબળ ઉદભવે એવી આગાહી અમેરીકન એજન્સીઓએ કરી છે જેનાથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે.

ભારતમાં નવા પ્રકારના ઘાતક ફ્લુનું આક્રમણઃ બેના મોત

કર્ણાટક અને હરીયાણામાં H3N2 વાયરસથી એક-એક મોતઃ દેશમાં કુલ ૯૦ કેસ નોંધાયા

(એજન્સી સમાચાર) નવી દિલ્હી, તા.૧૦

કોરોનાના ભયાનક દોરમાંથી ભારતીયોને કેટલાક મહિનાઓથી માંડ રાહત મળી છે ત્યાં હવે H3N2 ફલુનો ભરડો ચિંતા સર્જી રહ્યો છે ત્યારે આ ફલુ ઘાતક બનવા લાગ્યો હોય તેમ તેનાથી દેશમાં પ્રથમ મોત નોંધાયું છે. કર્ણાટક અને હરિયાણામાં આ ફલુથી બે લોકોના મોત થયા હોવાના અહેવાલ સાંપડયા છે. ઈન્ફલુએન્ઝા શ્રેણીના આ વાઈરસ માણસને બિમાર બનાવે છે અને છેલ્લા કેટલાક દિવસોથી દેશભરમાં ભરડો છે.

ફલુની અસરથી લાંબા વખત સુધી શરદી, ખાસી જેવા લક્ષણો રહે છે. સૂત્રોના કહેવા પ્રમાણે ભારતમાં અત્યાર સુધીમાં H3N2 ઈન્ફલુએન્ઝાના ૯૦ કેસ નોંધાયા છે. આ સિવાય H1N1 ઈન્ફલુએન્ઝાના પણ પાંચ કેસ પ્રકાશમાં આવ્યા છે. છેલ્લા અઢી મહિનાથી દેશના અનેક રાજયોમાં H3N2ના કેસ નોંધાઈ રહ્યા છે અને હોસ્પીટલાઈઝેશન પણ વધી ગયા છે. ફલુના વધતા કેસોને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ એલર્ટ થઈ જ ગયું છે અને આઈસીએમઆર દ્વારા અગાઉ માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવી હતી

જેમાં લોકોને કોરોનાકાળની જેમ ફરી માસ્ક પહેરવા અને ફલુનો ચેપ લાગવાના સંજોગોમાં પર્યાપ્ત આરંભ કરવાની સલાહ આપવામાં આવી હતી.ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલ દ્વારા પણ અલગ માર્ગદર્શિકામાં લોકોને ફલુ સામે એન્ટીબાયોટીકનો આડેધડ ઉપયોગ નહીં કરવાની સલાહ આપવામાં આવી હતી. આ ફલુના લક્ષણો પાંચથી સાત દિવસ અને અનેક કિસ્સામાં દિવસો સુધી માલુમ પડી રહ્યા છે. મેડીકલ એસો.ના રિપોર્ટ પ્રમાણે ત્રણ દિવસમાં તાવ ઉતરી જતો હોય છે પરંતુ શરદી અને કફ ત્રણ અઠવાડિયા સુધી સંક્રમીત દર્દીને તકલીફ સર્જે છે.

નિયમનો કડક અમલ કરાવવા માટે હવે ખુદ ફાર્માસિસ્ટ એસોસિએશન મેદાનમાં

તરૂણોને નશા અને ગર્ભપાત માટે દવા આપતી રોકવા ઘડાયેલા કાયદાનો ઉલાળિયો

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં કિશોર વય ધરાવનારા અને ગેરકાયદે નશા માટે કે ગર્ભપાત માટે વપરાતી દવાઓ આપવામાં ન આવે એ માટે દરેક મેડિકલ સ્ટોરમાં સીસીટીવી લગાડવાના આદેશનો અમલ કરાતો ન હોવાની ફાર્માસિસ્ટ એસોસિએશને ગંભીર ફરિયાદ કરી છે. દરેક દવાની દુકાનોમાં ફરજીયાત સીસીટીવી કેમેરા લગાડવાના રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગના આદેશનો અમલ કરાવવા માટે હવે ખુદ ફાર્મા એસો મેદાનમાં આવ્યું છે. ગુજરાત ફાર્માસિસ્ટ એસો. એ તાલુકા અને ગ્રામ્ય કક્ષા સુધી આ નિયમનો અમલ કરાવવા દરેક જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી છે.

એસો. એ એવી ગંભીર ફરિયાદ કરી છે કે, તરૂણ-તરૂણીઓને આવી કોઈ દવા ન અપાય એ માટે દવાની દુકાનોમાં સીસીટીવી લગાવવાના આદેશનો ઘણા મેડિકલ સ્ટોર અમલ કરી રહ્યા નથી. એટલે કિશોરોને નશાને રવાડે ચડતા રોકવાનો હેતુ સાકાર થઇ રહ્યો નથી. કેટલાક કિશોર કફ સીરપનો નશા તરીકે ઉપયોગ કરે છે તો ગર્ભપાત માટેની દવાઓનો પણ ઉપયોગ કરાતો હોય છે એ બધું રોકવા માટે સીસીટીવી લગાવવા જરૂરી છે. આ અંગે જિલ્લાથી ગ્રામ્ય કક્ષા સુધી સમયાંતરે ચેકિંગ કરતા રહીને જે તે સ્ટોરના સંચાલકો સામે ગુન્હા દાખલ કરવા એસો. એ માંગણી કરી છે.

એક તરફ અનેક દવાની દુકાનો તંત્રની કડકાઈના અભાવે ફાર્માસિસ્ટનાં ભાડાના લાઈસન્સ ઉપર ચાલી રહી છે ત્યારે ફુડ એન્ડ ડ્રગ વિભાગની કામગીરી સામે સવાલ ઉઠતા હોય છે. તાજેતરમાં રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા દરેક મેડીકલ સ્ટોર્સમાં સીસીટીવી કેમેરા ફરજીયાત લગાવવાનો આદેશ કરાયો છે.ત્યારે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ તેનો કેટલો અમલ કરાવશે તે શંકા છે.

ગુજરાત ફાર્માસિસ્ટ એસો.દ્વારા તમામ કલેકટરને પણ આ અંગે લેખીત રજુઆત કરીને જીલ્લા તાલૂકા અને ગ્રામ્ય કક્ષા સુધી સીસીટીવી કેમેરા લગાવવાની ડેડ લાઈન જાહેર કરવા માંગણી કરાઈ છે. દવાની દુકાન માટે જે નવા લાયસન્સ અપાય તેમાં પણ સીસીટીવી લગાવાયા હોય તોજ આપવા માંગણી કરાઈ છે તે સાથે ફાર્માસીસ્ટના ભાડાના લાયસન્સ ઉપર દવાની દુકાન ચાલતી હોય તો તેના લાયસન્સ કાયમ માટે કેન્સલ કરવા અને ફોજદારી ગુના દાખલ કરવા જણાવાયું હોવાનું ફાર્માસીસ્ટમ એસો.નાં પ્રમુખ રજનીકાંત ભારતીયે જણાવ્યું છે.

દરેક દવાની દુકાનોમાં ફરજીયાત સીસીટીવી લગાડવાના નિયમનો અમલ કરાવવા એસો.ની માંગણી

જર્મનીમાં બેફામ ગોળીબારઃ અનેકના મોત

હત્યારો પણ ગંભીરતાથી ઘવાઈને મોતને ભેટ્યો હોવાની પોલીસને શંકા

(એજન્સી સમાચાર)

હેમ્બર્ગ, તા.૧૦

જર્મનીના હેમ્બર્ગ શહેરમાં આવેલા જેહોવા વિટનેશ સેન્ટર ગઈકાલે અજાણ્યા હુમલાખોરે બેફામ આડેધડ ગોળીબાર કરતા સંખ્યાબંધ લોકોના મોત થયા હોવાનું જર્મન પોલીસે જણાવ્યું હતું. ગોળીબારમાં બીજા ડઝનબંધ લોકો ઘાયલ થયા છે.

પોલીસને હુમલાના હેતુ અંગે હજુ જાણકારી મળી નથી. હુમલાખોર પણ મૃત્યુ પામ્યું હોવાની પોલીસને શંકા થઇ છે. ગોળીબારની ઘટના બનતા પોલીસનો મોટો કાફલો અને ફાયર-બ્રિગેડનો મોટો સ્ટાફ ધસી ગયા હતા. એક પછી એક મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા અને ઘાયલ લોકોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે ચોક્કસ મૃત્યુ આંક હજુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો નથી પણ સ્થાનિક અખબારોએ ૭ લોકોના મોત થયાનું દર્શાવ્યું છે. હુમલાખોરને કોઈએ નાસી જતા જોયો નથી એવું પોલીસને ચર્ચામાં ઉપસ્થિત કેટલાક લોકોએ જણાવ્યું હતું. હેમ્બર્ગના મેયર પણ સ્થળ પર ધસી ગયા હતા.(૨.૧૨)

ગુજરાતમાં પુલના નિભાવ નિરીક્ષણ માટે ખાસ નીતિઃ વર્ષે બે વાર ઈન્સ્પેકશન

હાઈકોર્ટ સમક્ષ નવી નીતિની વિગતોનો મુસદો રજુ કરતી રાજ્ય સરકારઃ મોરબી પુલ દુર્ઘટના પગલે હાઈકોર્ટના આગ્રહથી સરકારે પુલોના નિરીક્ષણની નવી નીતિ તૈયાર કરી

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૦

મોરબી પુલ દુર્ઘટનાને પગલે ગુજરાત હાઈકોર્ટના સતત આગ્રહથી રાજ્ય સરકારે પુલોના નિભાવ અને નિરીક્ષણ તથા ગટર વ્યવસ્થા નિભાવ અને નિરીક્ષણ અંગેની એક ખાસ નીતિ ઘડી કાઢી છે. નવી નીતિની હાઈકોર્ટમાં જાણ કરવામાં આવી છે એ મુજબ વર્ષમાં બે વખત દરેક પુલનું ઈન્સ્પેકશન કરવામાં આવશે અને કોઈપણ ખામી ક્ષતિ કે નુકશાની દેખાય તો એ અંગેનો રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. ગઈકાલે હાઈકોર્ટમાં રાજ્ય સરકારે ખાસ નીતિની વિગતો રજુ કરી હતી અને વિધાનસભામાં પસાર થયેલા ઠરાવનો મુસદો પણ રજુ કર્યો હતો.

શહેરી વિસ્તારોમાં હાલ ૪૬૧ બ્રિજ આવેલા છે. રાજ્યના માર્ગ અને મકાનની નીતિઓ અને નિયમો અનુસાર નાના-મોટા દરેક બ્રિજનો નિભાવ કરવામાં આવે છે અને ચકાસણી કરવામાં આવે છે. જે રીતે રસ્તાનું નિરીક્ષણ કરીને તેમાં થયેલા નુકશાનનું માપ કાઢી તાત્કાલિક રીપેરીંગ કરવાનું હોય છે એ નીતિ મુજબ બ્રિજનું ઈન્સ્પેકશન અને જાળવણી કરવામાં આવશે.

રાજ્ય સરકારે તૈયાર કરેલી નીતિ અંતર્ગત દરેક બ્રિજનું એક જાળવણી રજીસ્ટ્રર રાખવાનું રહેશે. વર્ષમાં બે વખત એટલે કે ચોમાસા પહેલા અને પછી પુલની ચકાસણી જે તે વિસ્તારના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા કરવાની રહેશે. તેઓ નિરીક્ષણ બાદ એક અહેવાલ તૈયાર કરશે. કાર્યપાલક ઈજનેર બાદમાં જાતે અહેવાલનો અભ્યાસ કરશે. એ જ રીતે ભૂકંપ જેવી આફત આવે અથવા શક્યતા હોય એવા કિસ્સામાં અને પુલ પર વધારાનું કેટલું ભારણ આવે છે તેનો પ્રયાસ કાઢવા માટે કાર્યપાલક ઈજનેરને જાતે નિરીક્ષણ કરવાનું રહેશે. ચોમાસા પછી પુલનું મરામત જરૂરી છે કે કેમ એ પણ કાર્યપાલક ઈજનેર નક્કી કરશે.

સુપ્રી. એન્જીનીયર વર્ષમાં બે વખત નિરીક્ષણ બાદ એમના હાથ નીચેના સ્ટાફના અહેવાલોનું ઓડીટ કરશે. એમણે ખાસ રીતે બંધાયેલા ચોક્કસ પુલોનું નિરીક્ષણ પણ કરવાનું રહેશે. મોટા અને

(અનુ.પાના નં.૪ ઉપર)

ચોમાસા પહેલા એકવાર અને ચોમાસા પછી દરેક બ્રિજનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરાશેઃ હાલ રાજ્યના શહેરી વિસ્તારોમાં ૪૬૧ જેટલા પુલ હોવાનો આંકડો હાઈકોર્ટમાં જાહેર કરતી સરકાર

ગુજરાતમાં પરીક્ષા કેન્દ્રો આસપાસ લાઉડસ્પીકર પર પ્રતિબંધ

માધ્યમિક શિક્ષણ બોર્ડનો પરીક્ષાર્થીઓના હિતમાં મહત્વનો નિર્ણય

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં ધો.૧૦ અને ૧૨ ની વાર્ષિક બોર્ડ પરીક્ષાઓ તા.૧૪ થી ૨૯ માર્ચ સુધી યોજાનાર છે ત્યારે પરીક્ષા કેન્દ્રોની નજીક લાઉડસ્પીકર વગાડી શકાશે નહીં. પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોની એકાગ્રતામાં ખલેલ ન પડે એ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ જિલ્લા કલેકટરે તો જાહેરનામું પણ બહાર પાડી દીધું છે. જેમાં પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડસ્પીકર વગાડવા પર કે જોરશોરથી ઘોંઘાટ સાથે સંગીત વગાડવા પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. પરીક્ષાઓ ચાલુ રહે ત્યાં સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.

બોર્ડના એક્શન પ્લાન મુજબ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની આસપાસના વિસ્તારમાં ઝેરોક્ષ સેન્ટર પણ ઉભા કરી શકાશે નહીં. બોર્ડ પરીક્ષાની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.(૨.૧૨)

વિશ્વ મહિલા દિવસ અંતગર્ત મહિલા પ્રતિભા સન્માન સમારોહ યોજાયો

યુથ ફોર ડેમોક્રેસી, ભારત સેવક સમાજ નશાબંધી મંડળ અને જીલ્લા નારી વિકાસ સમિતિ દ્વારા કરાયું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

યુથ ફોર ડેમોક્રેસી, નશાબંધી ખાતુ (રાજકોટ), નશાબંધી મંડળ ગુજરાત, ભારત સેવક સમાજ તથા જીલ્લા નારી સુરક્ષા સમિતિના સંયુકત ઉપકમે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે યોજાયેલા ૨૧મી સદીમાં મહિલાઓમાં હવે વિશેષ જાગૃતિ સાથે રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાની, પોતાની પ્રગતિ સાથે કુટુંબ, સમાજ અને દેશની સમૃદ્ધિ કેમ વધે અને પ્રગતિ કેમ થાય તેવી ભાવના અને લાગણી વિકાસ પામી છે. તેમ જણાવી પૂર્વ ડે.મેયર કુ.જસુમતીબેન વસાણીએ બહેનોને શીખ આપી. આ તકે રચનાત્મક કાર્યો કરતી સંસ્થા આજ સ્વીની ફાઉન્ડેશના પ્રેસિડેન્ટ હેમલબેન દવે તથા હિન્દી સમાજના લક્ષ્મીબેન મિશ્રાએ પ્રેરણાત્મક પ્રવચનો કરતા જણાવ્યું હતું કે સ્ત્રી હવે પહેલાં જેવી નથી રહી. મહિલાઓ હવે જાગૃત થઈ ગઈ છે. રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિ દ્વારા કુટુંબ, સમાજ અને દેશનું હિત વિચારતી થઈ ગઈ છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, એલઆઈસીના અતુલભાઈ જોશી, લોક સંસદ વિચાર મંચના ગજેન્દ્રસિંહ ઝાલા, ભાવેશભાઈ આચાર્ય, ઉર્મિલાબેન લાબડીયા, હેમાબેન કક્કડ વગેરેએ સફળ પ્રયત્નો કર્યા હતા.

આ કાર્યક્રમમાં રઘુવંશી મહિલા મંડળના ભારતીબેન નથવાણી, અનસુયાબેન કક્કડ, ભાવનાબેન ભટ્ટી, લીનાબેન વાઢેર, જ્યોત્સનાબેન રાજવૈદ્ય, નિશાબેન પી. પંડ્યા, જયશ્રીબેન ઠાકર, મીરા સિંહ, સેવા સમાજના હંસાબેન સાપરિયા, જ્યોતિબેન માઢક સહિત વિશાળ સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તેમ જણાવ્યું છે.(૧૩)

મેના પ્રથમ સપ્તાહમાં લોકાર્પણની શક્યતા

રાજકોટથી અમદાવાદ, મોરબી અને જામનગરનું પરિવહન ઝડપી બનશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

માધાપર ચોકડી વિસ્તારમાંથી પસાર થતા વાહનચાલકોની મુશ્કેલીનો આગામી એક માસ બાદ અંત આવનાર છે. શહેરના પ્રવેશ દ્વાર સમા માધાપર ચોકડી ખાતે કરોડોના ખર્ચે નિર્માણાધીન ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પુર્ણતાને આરે પહોંચી જવા પામેલ છે. આગામી મે માસના પ્રથમ સપ્તાહ સુધીમાં આ ઓવરબ્રિજને ખુલ્લો મુકવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

રાજકોટ શહેરના પ્રવેશ દ્વાર સમા માધાપર ચોક ખાતે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ચાલુમાં છે જેની મોટાભાગની કામગીરી પરીપુર્ણ થઇ ચુકી છે. જે અંતિમ તબકકાનું કામ બાકી છે તેને આગામી એપ્રિલ માસના અંત સુધીમાં પુર્ણ કરી વાહનચાલકોની સુવિધા માટે આ બ્રિજને ખુલ્લો મુકી દેવામાં આવશે. આ બ્રિજ ખુલ્લો મુકવામાં આવતા રાજકોટ-અમદાવાદ તેમજ રાજકોટ-જામનગર અને રાજકોટ-મોરબી તરફ આવતા જતા લાખો વાહનચાલકોને ફાયદો થશે અને ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે. હાલ શહેરના હાર્દસમા કાલાવડ રોડ પર કે.કે.વી. ચોકમાં ઓવરબ્રિજ સમા એલીવેટેડ ફલાય ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહયું છે.(૯)

લોકડાઉન બાદ અમને કામ મળતું નથી કહી બે મહિલા ઘરકામે રહ્યા બાદ રૂ.૫.૫૬ લાખના દાગીના ઉસેડી ગઈ

કાલાવડ રોડ પર નૂતનનગરનો બનાવ:બંને બિહારી હોવાનું અને ટ્રેન મારફતે પલાયન થઈ ગઈ હોવાનું તપાસમાં ખુલ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૦

કાલાવડ રોડ ઉપર આવેલા નૂતન નગરમાં ઘર કામ કરવા આવેલી બે મહિલાએ ઘરની સાફ સફાઈ કર્યા બાદ રૂ.૫.૫૬ લાખના દાગીનાની ચોરી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.આ બનાવ અંગે માલવીયાનગર પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી આદરી છે.

વધુ વિગત મુજબ,કાલાવડ રોડ ઉપર આવેલા નૂતન નગરમાં રહેતા કૌમુદીનીબેન અતુલભાઈ મણીયાર(ઉ.વ.૬૬) પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું છે કે,બે અજાણી મહીલાઓ અમારા ઘરે આવેલ અને મને કહેલ કે લોકડાઉનના કારણે અમારું કામ ચાલતુ નથી જેથી અમારે કામ જોઈએ છે.જેથી તમે અમોને કામે રાખો તેમ કહ્યું હતું અને અમારે કામવાળાની જરૂર હોવાથી આ બન્ને મહીલાઓને કામે રાખેલ જેમા એક મહીલાએ તેનુ નામ સીમા હોવાનું જણાવ્યું હતું જ્યારે બીજી મહીલાનુ નામ અમે પુછવાનુ ભુલી ગયા હતા અને બાદ આ બન્ને મહિલાઓ ઘરમાં અલગ અલગ જગ્યાએ કામ કરવા લાગી હતી. તેઓ સાફ સફાઈનુ કામ કરતી હતી.ત્યારે આ બન્ને મહીલાઓએ કબાટમા રહેલ સોનાની રજવાડી બંગડી નંગ ૪,વજન આશરે ૬૦ ગ્રામ, રોડીયમ પાટલા નંગ ૨ વજન આશરે ૩૫ ગ્રામ, સોનાની ડાયમંડ પાટલી નંગ વજન આશરે ૪૧ ગ્રામ, રોડીયમની માળા નંગ ૧ વજન આશરે ૩૫ ગ્રામ, સોના મોતીની માળા નંગ ૧ વજન આશરે ૧૫ ગ્રામ, રીયલ ડાયમંડ નેકલેશ નંગ ૧ (૨૫ ગ્રામ), રીયલ ડાયમંડ પાર્ટ લા નંગ ૨ (૪૦ ગ્રામ), સોનાનુ મંગળસુત્ર ૧૭ ગ્રામ અને વીંટી નંગ-૧ એમ તમામ જુના સોનાનીની જુની કિમત પ્રમાણે કિ.રૂ.૫,૫૩,૬૦૦ નુ હોય જે આ બન્ને મહિલાઓ મારા રહેણાંક ઘર માંથી ચોરી કરીને લઇને ગયેલ હોય તો આ બન્ને મહીલા વિરુદ્ધ માલવીયા પોલોસ ફરીયાદ નોંધાવી હતી. આ બનાવમાં કૌમુદીબેને જણાવ્યું હતું કે,આ બંને મહિલાઓ કામ કરીને ઘર બહાર જતી હતી ત્યારે તેણીને બીજા દિવસે આધાર પુરાવો લઈ આવવા કહ્યું હતું.બન્ને મહિલા ગયા બાદ અંદર અમના કબાટનો સામાન તપાસતા તેમાં દાગીના જોવા મળ્યા નહોતા જેથી ચોરી થઈ હોવાની જાણ થઈ હતી.તે મામલે ફરિયાદ નોંધાવી હતી.પોલીસે તપાસ કરતા બંને મહિલાઓ બિહારની હોવાનું અને તેઓ ટ્રેન મારફતે ફરાર થઇ ગઇ હોવાનું જાણવા મળ્યું હતું.

વોર્ડનં.૨ના કોર્પોરેટર જયમીન ઠાકરનો આજે જન્મદિવસ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ: રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન, પ્રજામાં પ્રબળ લોકચાહના ધરાવનાર લોકસેવક, તરવરાટ ભરી કાર્યશૈલી, સદાબહાર હાસ્યસભર વ્યક્તિત્વ ધરાવતા અને હાલના વોર્ડનં.૨ના કોર્પોરેટર જયમીન ઠાકરનો આજે જન્મદિવસ છે. તેઓના જન્મદિને સગાસ્નેહીઓ,મિત્ર વર્તુળો તેમજ શહેર ભાજપના હોદેદારો દ્વારા શુભકામનાઓ મળી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરીવાર તરફથી જયમીન ઠાકરને નિરોગી દિર્ઘાયુ સાથે સમાજ કલ્યાણ ની આપ થકી પ્રજ્વલિત સેવા યજ્ઞની જ્યોત સદાય જલતી રહે એ જ શુભકામના...

રાજકોટ-પોરબંદર હાઇ-વે પર ભરૂડી, પીઠડીયા, ડુમીયાણીમાંથી એક ટોલનાકુ હટાવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

રાજકોટ-પોરબંદર હાઇવે પર હાલ ૬૦-૬૦ કી.મી. કરતા પણ ઓછા અંતરમાં આવેલા ભરૂડી, પીઠડીયા અને ડુમીયાણીના ટોલનાકા દ્વારા વાહનચાલકો પાસેથી ટોલટેક્ષના ઉઘરાણા થઇ રહ્યા હોય. છેલ્લા લાંબા સમયથી વાહનચાલકોમાં આ અંગે ભારે કચવાટ જાગેલ હતો આ સંજોગોમાં હવે ભરૂડી, પીઠડીયા અને ડુમીયાણીના ટોલનાકામાંથી એક ટોલનાકુ આગામી ટુંક સમયમાં જ હટાવવામાં આવનાર છે. આ અંગે જીલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ જણાવ્યું હતું કે, આ ભરૂડી, પીઠડીયા અને ડુમીયાણીના ટોલનાકા સંદર્ભે ધોરાજી પ્રાંત અધિકારી, ડીવાયએસપી તેમજ આરટીઓ અધિકારીની એક કમીટીની રચના કરવામાં આવી હતી. આ કમીટી દ્વારા આ અંગે સર્વે કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. આ અંગેનો રીપોર્ટ આજે સાંજના કલેકટર કચેરી ખાતે આયોજીત રોડ સેફટીની મીટીંગમાં તેઓને મળી જશે. તેઓએ જણાવ્યું હતું કે, ભરૂડી, પીઠડીયા અને ડુમીયાણીના આ ત્રણ ટોલનાકામાંથી એક ટોલનાકુ નાબુદ કરવા માટે આગામી ટુંક સમયમાં જ નિર્ણય લેવામાં આવશે.અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજકોટ-પોરબંદર હાઇવે ઉપર નજીક નજીકમાં ખડકાયેલા આ ટોલનાકા દ્વારા વાહનચાલકો પાસે વસુલાતા તોતીંગ ટેક્ષ સામે ભુતકાળમાં અનેક વખત વિરોધ ઉઠવા પામેલ હતો. જેમાં ડુમીયાણીમાં ટોલનાકા સામે આસપાસના ગ્રામજનો દ્વારા આંદોલન પણ છેડવામાં આવેલ હતું. આ અંગે ખુદ ભાજપના ધારાસભ્ય મહેન્દ્રભાઇ પાડલીયા રજુઆત કરવા માટે કલેકટર કચેરી ખાતે દોડી આવ્યા હતા. આ રજુઆત રાજય સરકાર સુધી પણ પહોંચી હતી. જે બાદ ઉપરોકત ત્રણ ટોલનાકામાંથી એક ટોલનાકુ નાબુદ કરવા માટે કલેકટર તંત્ર દ્વારા ગતિવિધીઓ તેજ કરી દેવામાં આવી છે.

રૂપિયાના સમાધાન મામલે બોલાવી બે યુવક પર ધોકા-પાઈપથી હુમલો

રાજકોટ તા.૧૦ : ગોંડલના કોલેજચોકમાં રૂપીયા લેતી-દેતીના સમાધાન માટે યુવકને બોલાવી બે શખ્સોએ ધોકા-પાઇપથી ફટકાર્યો હતો તેમજ સાથે આવેલા મીત્રને પણ માર મારતા બન્ને ઈજાગ્રસ્ત યુવકોને સારવારમાં રાજકોટ ખસેડાયા હતા. પ્રાપ્ત વિગત અનુસાર, ગોંડલની ગુંદાળા શેરીમાં રહેતો દાઉદ યાકુબભાઈ દલાલ (ઉ.વ.૨૫) એ થોડા સમય પહેલા ગોંડલના જીત નામના શખ્સની પાસેથી રૂ.૪૦ હજાર ઉછીના લીધા હતા. જેના રૂપીયા ૨૫ હજાર પરત આપી દીધા હતા અને બાકી રહેલ ૧૫ હજાર રૂપિયાની ઉઘરાણી મામલે જીતે દાઉદને ફોન કરી પૈસાનો વહીવટ પૂરો કરી દેવો છે માટે સમાધાન માટે કોલેજ ચોક પાસે બોલાવ્યો હતો. બનાવમાં ઈજાગ્રસ્ત થયેલ યુવકોને પ્રથમ ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો.

પતિ વિરૂધ્ધ પ્રથમ પત્નિએ સગીર સંતાનની કાયમી કસ્ટડી મેળવવાની કરેલ અરજી નામંજુર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

અનિષા ડો.ઓફ. દાઉદભાઈ વિંધાણી રાજકોટવાળાના નિકાહ સામાવાળા ઈમરાન ગુલમહમદભાઈ ઠેબા સાથે રાજકોટ મુકામે મુસ્લીમ શરીયત તથા જ્ઞાતિના રીત-રિવાજ મુજબ થયેલા હતા ત્યારબાદ કુટુંબીજનો અરજદાર ઉપર શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપવાનું ચાલુ કરેલ હતું. અરજદારે પુત્ર 'હૈદર' તથા સામાવાળાનો ત્યાગ કરીને તેમના માવતરે ચાલ્યા ગયેલા. ત્યારબાદ સામાવાળાએ મુસ્લીમ શરીયત મુજબ તલ્લાક-એ-હસન પધ્ધતિથી અરજદારને પ્રથમ 'તલ્લાક' લેખિતમાં મોકલાવેલ જેનો અરજદારે ઉડાવ જવાબ આપતા અરજદારે ત્યારબાદ સામાવાળા વિરૂધ્ધ સર્વપ્રથમ રાજકોટ મહિલા પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે સામાવાળા વિરૂધ્ધ અરજી કરેલ ત્યાર બાદ સામાવાળા તથા તેમના પરીવારજનો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરેલી. ત્યાર-બાદ સામાવાળા વિરૂધ્ધ ફેમેલી કોર્ટમાં કાયમી ભરણપોષણ મેળવવાની અરજી દાખલ કરેલી. ત્યાર બાદ સામાવાળા તથા તેમના પરીવારજનો વિરૂધ્ધ ઘરેલું હિંસાની ફરિયાદ દાખલ કરેલ અને છેલ્લે અરજદારે સામાવાળા સામે સગીર પુત્ર 'હૈદર' ની કાયમી કસ્ટડી મેળવવા માટે રાજકોટના મહે. ફેમેલી પ્રિન્સીપાલ કોર્ટ સમક્ષ ગાર્ડીયન એન્ડ વોર્ડસ એકટ હેઠળ અરજી દાખલ કરેલ.

ત્યારબાદ અરજી ચાલવા પર આવતા અરજદારની અરજીના અનુસંધાને સામાવાળાએ લેખિતમાં જવાબ વાંધાએ રજુ કરેલા અને ચાલુ કામે સામાવાળાએ પુનઃનિકાહ કરેલા અને ત્યારબાદ કેસ ચાલી જતાં બંન્ને પક્ષકારોનો પુરાવો રેકર્ડ પર આવતા સામાવાળાના વકીલ અજયસિંહ એમ. ચૌહાણએ ઉપરોકત અરજદારની દલીલનું ખંડન કરતી

એડવોકેટઃ અજય ચૌહાણ

વિગતવાર લેખિત તથા મૌખિક દલીલો કરેલી.

જેને ધ્યાને લઈને કોર્ટે અરજદારની સગીર પુત્ર 'હૈદર' ની કાયમી કસ્ટડી મેળવવાની અરજી નામંજુર કરતા શકવર્તી ચુકાદો રાજકોટની ફેમેલી કોર્ટએ ફરમાવેલ હતો.

આ કેસમાં સામાવાળા ઈમરાન ગુલમહમદભાઈ ઠેબા વતી અજયસિંહ એમ.ચૌહાણ (એડવોકેટ એન્ડ નોટરી) તથા પ્રિયાંક જે.ભટ્ટ (એડવોકેટ) તરીકે રોકાયેલ હતા.

તરૂણીએ ગળાફાંસો ખાઈ લેતા અરેરાટી

અમરેલીઃ મૂળ ધારી તાલુકાનાં ઝર ગામના વતની અને હાલ અમરેલી નજીક આવેલ ગુજકોમીલ પાછળ ગોકુલનગરમાં રહેતી એક ૧૬ વર્ષની તરૂણીએ કોઈ અગમ્ય કારણોસર ગુજકો મીલ પાછળ ગોકુલનગરમાં છતનાં ભાગે કેલ સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

માર્ગ અકસ્માતમાં થયું યુવકનું મોત

અમરેલીઃ અમરેલી તાલુકાના કેરીયાચાડ ગામે રહેતા ચિંતનભાઈ અશોકભાઈ ગજેરા પોતાના મિત્રો સાથે કાર નં. જી.જે. ૧૪ એપી ૭૪૫૨ લઈ ચલાલા-માળીલા વચ્ચેથી પસર થતાં હતા ત્યારે તેઓએ સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા કાર પુલ ઉપરથી નીચે ખાબકતા કાર ચાલક સહિત ૬ લોકોને ઈજા થતાં કાર ચાલક ચિંતનભાઈ ગજેરાનું મોત નિપજયું હતું.

બાઈક ખાડામાં પડી જતાં ચાલકનું ઈજાથી મોત

અમરેલીઃ સાવરકુંડલા તાલુકાનાં લુવારા ગામે રહેતા કાળુભાઈ વિરજીભાઈ સોલંકી નામનાં ૨૮ વર્ષિય યુવક ગત તા. ૬નાં રોજ બપોરે પોતાના હવાલાવ-ળા બાઈક લઈ સાવરકુંડલા તાલુકાનાં ગોરડકા ગામ નજીક આવેલ દોલતીરોડ ઉપરથી પસાર થતાં હતા. ત્યારે તેમણે બાઈક ઉપરનો કાબુ ગુમાવી દેતા બાઈક ખાડામાં ઉતરી જતાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયું હતું.

જુગાર રમતા ૧૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલીઃ અમરેલીમાં રહેતા આશીષભાઈ ઘનશ્યામભાઈ ધાનાણી સહિત ૧૪ જેટલા ઈસમો તા. ૮ નાં રોજ અમરેલી તાલુકાનાં નવા ખીજડીયા ગામની સીમમાં જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂ. ૧૨૫૨૦ તથા મોટર સાયકલ નંગ-૪ મળી કુલ રૂ. ૨,૦૭,૫૨૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

અજીતભાઈ કરમસીંગભાઈ જરીયા (લોધા) એ રાજકોટની અદાલતમાં ચેક રીટર્નની ફરિયાદ નોંધાવેલ કે, આરોપી શારદાબેન કુટુંબીક માસી થતા હોય, તેઓને અંગત ઉપયોગ માટે રકમની જરૂરત પડતાં, કટકે કટકે હાથ ઉછીના વગર વ્યાજે રૂમ.૩,૪૦,૦૦૦ આપેલ અને જે રકમ પેટે રૂ.૩,૪૦,૦૦૦ નો ચેક આપેલ. જે ચેક અજીતભાઈએ તેમની બેંકમાં રજુ કરતાં ચેક ફંડ ઈનસફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ, જેથી અજીતભાઈએ એડવોકેટ મારફતે નોટીસ આપેલ અને ત્યારબાદ સદરહું કેસ અદાલતમાં દાખલ કરેલ. જે કેસ ચાલી જતા ફરિયાદીના એડવોકેટ વી.પી.દવે દ્વારા રજુ કરવામાં આવેલ અલગ સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદાઓ તથા દલીલ ધ્યાને લઈ અદાલત દ્વારા આરોપીને એક વર્ષની સજા તથા ફરિયાદીને ચેકની રકમ વળતર પેટે હુકમની તારીખથી એક માસમાં ચુકવી આપવી. જો વળતરની રકમ આરોપી ન ચુકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે.

આ કેસમાં ફરિયાદી વર્તી એડવોકેટ વિજય પી. દવે રોકાયેલા છે.

વેરા-વસુલાત શાખા દ્વારા ૧૨ મિલ્કતો સીલ કરી રૂ.૫૭ થી વધુની રીકવરી કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

રાજકોટ મહાનગરપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા પુરજોશમાં રીકવરી ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે આજરોજ કુલ ૧૨- મિલ્કતોને સીલ કરેલ તથા ૨-નળકનેકશન કપાત ૪૫-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ, રૂ.૫૭.૮૩ લાખ રીકવરી કરવામાં આવી હતી.

જેમાં સે.ઝોન દ્વારા કુલ -૧ મિલ્કતોને સીલ મારેલ તથા ૧-નળકનેકશન કપાત તથા ૨૩-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૧૯.૬૨ લાખ, વેસ્ટ ઝોન દ્વારા કુલ-૫ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૦-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૧૮.૦૦ લાખ અને ઇસ્ટ ઝોન દ્વારા કુલ-૬ મિલ્કતોને સીલ મારેલ તથા ૧-નળકનેકશન કપાત તથા ૧૨-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૨૦.૨૧ લાખ કરવામાં આવી હતી.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધુડુક તથા વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે. (૧૩)

શિવાનંદ મિશન વીરનગર હોસ્પિટલ દ્વારા વિવિધ સ્થળે આંખના મોતિયાના કેમ્પ યોજાશે

નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા આંખની તપાસ કરાશે

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૧૦

આંખની હોસ્પિટલ તરીકે પ્રખ્યાત શિવાનંદ મિશન સૌરાષ્ટ્ર સેન્ટ્રલ હોસ્પિટલ વીરનગર દ્વારા સૌરાષ્ટ્રના વિવિધ સ્થળે આંખની તપાસ તેમજ મોતિયાનાં ઓપરેશન માટેના વિનામૂલ્યે કેમ્પ યોજાશે. તા.૧૨ ના રોજ જામખંભાળિયા ગામે બધીયાણી હોસ્પિટલ ખાતે, તા.૧૪ ના રોજ મહુવા ખાતે કુબેરનાથ મહાદેવ મંદિર ખાતે, તા.૧૫ ના રોજ તલાલા ગીર ખાતે શ્રીબાઈ આશ્રમ ખાતે, તા.૧૭ ના ભાયાવદર ગામે રોટરી કોમ્યુનિટી હોલ ખાતે, તા.૧૮ ના વેરાવળ ગામે બ્લડ બેન્ક ખાતે, તા.૧૯ ના કાલાવડ ગામે ખોડીયાર ગરબી ચોક ખાતે, તા. ૧ ના ઉના ખાતે સ્વામિનારાયણ મંદિરમાં, તા.૨૨ ના ભાણવડ ગામે મહાજન પાંજરાપોળ ગૌશાળા ખાતે, તા.૨૩ ના રોજ જેતપુર ગામે તાલુકા પંચાયત ક્વાર્ટર ખાતે, તા.૨૪ ના ભાવનગર ગામે શિશુવિહાર ખાતે, તા.૨૫ ના રોજ જૂનાગઢ ખાતે ગાયત્રી શક્તિપીઠ ખાતે તથા તા.૨૮ ના રોજ પોરબંદર ખાતે જલારામ મંદિર ખાતે મોતિયાના ઓપરેશન માટેની તપાસના કેમ્પ યોજાશે. આ તમામ સ્થળોએ શિવાનંદ મિશન સૌરાષ્ટ્ર સેન્ટ્રલ હોસ્પિટલ વિરનગરની આંખની હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા આંખની તપાસ કરવામાં આવશે તેમજ મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને સંસ્થા દ્વારા વિરનગર ખાતે લઈ જવામાં આવશે. જ્યાં વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન કરવામાં આવશે તેમજ રહેવા જમવા સહિતની તમામ સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. વધુ વિગત માટે અશોકભાઈ મહેતા ૯૮૨૪૪૨૫૨૫૬ ઉપર સંપર્ક કરવા શિવાનંદ મિશન વીરનગરની યાદીમાં જણાવાયું છે.(૧૩)

વાચકોએ નોંધ લેવી

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

અમરેલીમાં રહેણાંક મકાનમાં જોખમી રીતે ગેસની હેરફેર કરનાર શખ્સની અટકાયત

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહએ અમરેલી જીલ્લામાં થતી ચોરીઓ અટકાવવા જરૂરી સુચના આપેલ હોય અને માણસોની જીંદગી જોખમ મુકત રહે તે માટે કાર્યવાહી કરવા જણાવેલ હોય જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. ડી.વી. પ્રસાદની સુચના મુજબ અમરેલી સીટી પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અમરેલી, સવજીપરા રોડ, મેમણનગરમા રહેતા સોયેબભાઇ મજીદભાઇ અલીયાણી નામનાં ઇસમને રાંધણ ગેસના બાટલા નંગ- ૩ કિંમત રૂ.૮૨૦૦, કોમર્શિયલ ગેસના બાટલા નંગ-૦૬ કીમત રૂ.૧૦૮૦૦, ગેસ રીફીલીંગ માટેની ઇલેકટ્રીક મોટર નંગ-૨ કિંમત રૂ.૫૦૦૦ તથા એક ઇલેકટ્રીક વજન કાંટો કીમત રૂ.૫૦૦ મળી કુલ કિંમત રૂ.૨૪૫૦૦ નો મુદામાલ પોતાના રહેણાંક મકાને રાખી પોતાની આજુબાજુમાં રહેતા માણસોની જીંદગી જોખમાઇ તે રીતે એક ગેસના બાટલામાંથી બીજા ગેસના બાટલાનુ ઇલેકટ્રીક મોટર વડે રીફીલીંગ કરી બેદરકારી ભર્યું કૃત્ય કરી તેમજ ગેસની ચોરી કરતા પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

ઇન્દુબેન ધીરૂભાઇ ગઢવી મેમોરીયલ ટ્રસ્ટ

રવિવારે જામજોધપુર ખાતે સાતમો નિઃશુલ્ક મેગા મેડિકલ કેમ્પ

સવારે ૯ થી ૧ કલાક દરમ્યાન આઇશ્રી સોનલઆઇ માતાજી મંદિર, સરકારી હોસ્પિટલ સામે જામજોધપુર ખાતે વિનામૂલ્યે સર્વજ્ઞાતિય નેત્રયજ્ઞ તથા દંત યજ્ઞ કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

ઇન્દુબેન ધીરૂભાઇ ગઢવી મેમોરીયલ ટ્રસ્ટ-રાજકોટ અને જામજોધપુર ગામના સહયોગથી જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ, શિવાનંદ મિશન સેન્ટ્રલ હોસ્પિટલ(વિરનગર)ની ડોકટરની ટીમ દ્વારા આગામી તા.૧૨ ને રવિવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમ્યાન આઇશ્રી સોનલઆઇ માતાજી મંદિર, સરકારી હોસ્પિટલ સામે જામજોધપુર ખાતે વિનામૂલ્યે સર્વજ્ઞાતિય નેત્રયજ્ઞ તથા દંત યજ્ઞ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં નેત્રયજ્ઞ, આંખોને લગતી સારવાર, ત્યારબાદ જરૂરી જણાય તેવા દર્દીઓનું આંખનું ઓપરેશન નેત્રમણી બેસાડવી, ચશ્મા વગેરેની વ્યવસ્થા રાખેલ છે.

આ કેમ્પમાં ડિવાઇન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સુપ્રસિધ્ધ દંત વૈદ્ય ડો. જયસુખ મકવાણા દ્વારા ઇન્જેકશન વગર દાંત-દાઢ કાઢી આપવામાં આવશે.

આ કેમ્પમાં ધારાસભ્ય હેમંતભાઇ ખવા, પૂર્વ કેબીનેટ મંત્રી ચિમનભાઇ સાપરીયા અને પૂર્વ ધારાસભ્ય ચિરાગભાઇ કાલરીયાની વિશેષ ઉપસ્થિત રહેશે.

ઇન્દુબેન ધીરૂભાઇ ગઢવી મેમોરીયલ ટ્રસ્ટ-રાજકોટના પ્રમુખ ચન્દ્રકાંત સાખા, ઉપપ્રમુખ નાગરદાસ બુધસી અને મેનેજીંગ ટ્રસ્ટી રામભાઇ જામંગ દ્વારા કેમ્પનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

વધુ માહિતી માટે વિરમભાઇ ધારાણી(મો.નં.૯૯૨૫૨ ૪૬૪૭૩) , ધુસાભાઇ ધારાણી(મો.નં.૯૭૨૬૭ ૭૮૮૦૦) અને શૈલેષ ગોસ્વામી (મો.નં. ૯૦૩૩૬ ૨૫૧૧૪) પર સંપર્ક કરવા ઇન્દુબેન ધીરૂભાઇ ગઢવી મેમોરીયલ ટ્રસ્ટની યાદીમાં જણાવ્યું છે. (૧૩)

તંત્રી લેખ

આજે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી દિવસ...

સમગ્ર દેશમાં ૧૦ માર્ચના દિવસે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સંરક્ષણ મંત્રાલય હેઠળ ભારતીય સશસ્ત્ર સેનામાં ચાર મુખ્ય સેનાઓ છે. જેમાં થલસેના, વાયુસેના, જલસેના, કોસ્ટગાર્ડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભારતની અર્ધલશ્કરી સેનાઓ જેવી કે આસામ રાઈફલ્સ, બોર્ડર સિક્યોરીટી ફોર્સ, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ, સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ ફોર્સ, નેશનલ સિક્યુરિટી ગાર્ડઝ, સશસ્ત્ર સીમા બલ, સહિતની સેનાઓ ગૃહ મંત્રાલય હેઠળ સમાવિષટ થયેલી છે.

સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સની સ્થાપના ૧૦ માર્ચ ૧૯૬૯ના રોજ કરવામાં આવી હતી. દેશની ઉમદા અને કુશળ સંસ્થા તરીકે પ્રસ્થાપિત થનાર આ ફોર્સની સ્થાપનાનો મુખ્ય હેતુ ભારતના સંવેદનશીલ જાહેરક્ષેત્રોને સુરક્ષા પ્રદાન કરવાનો છે. ૧૫ જૂન ૧૯૮૩ના ભારતીય સંસદ દ્વારા સી.આઈ.એસ.એફ.ને ભારતનું સશસ્ત્ર દળ બનાવવામાં આવ્યું છે.

સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ અંતર્ગત દેશની અગત્યની જાહેર સંસ્થાઓ જેવીકે પરમાણુ સંસ્થાઓ, અવકાશ સંસ્થાઓ, એરપોર્ટ, દરિયાઈ બંદરો, પાવર પ્લાન્ટ્સ વગેરે જેવી ભારતની સૌથી મહત્વપૂર્ણ સંસ્થાઓને રક્ષણ મળે છે. તેમજ આ ફોર્સ તમામ મહત્વપૂર્ણ સરકારી ઈમારતો, પ્રતિષ્ઠિત હેરિટેજ સ્મારકો અને દિલ્હી મેટ્રોનું પણ રક્ષણ કરે છે. ફોર્સ પાસે એક વિશિષ્ટ વી.આઈ.પી. સુરક્ષા વર્ટિકલ પણ છે જે મહત્વપૂર્ણ રક્ષકોને ચોવીસ કલાકની સુરક્ષા પૂરી પાડે છે. વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા પછી, ખાનગી કોર્પોરેટ સંસ્થાઓને પણ સી.આઈ.એસ.એફ.સુરક્ષા કવચ તેમજ સુરક્ષા કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડે છે. તેમજ આતંકવાદ સહિત કોઈ પણ ખતરાનો સફળતાપૂર્વક જવાબ આપવા માટે હંમેશા સજ્જ રહે છે. સી.આઈ.એસ.એફ. એક માત્ર કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ છે. જે પોતાના વ્યાવસાયિક કૌશલ્યોને સતત અપગ્રેડ કરવા માટે પ્રતિબદ્ધ છે. પોતાની ફાયર વિંગ ધરાવતી સી.આઇ.એસ.એફ. ડિઝાસ્ટર મેનેજમેન્ટના સમયે ઈન્ડસ્ટ્રીઝમાં આગની દુર્ઘટનાને રોકવા માટે મદદરૂપ બને છે.

બોગસ બિલીંગ, ઈનપુટ ટેકસ ક્રેડીટ અને જી.એસ.ટી. ભરવામાં પડતી ટેકનીકલ ખામીઓના નિવારણ અર્થે

ઓપન હાઉસના આયોજનમાં વેપારી, ઉદ્યોગકારોને ઉમટી પડવા હાંકલ

સૌપ્રથમવાર રાજકોટ ખાતે ગ્રેટર રાજકોટ ચેમ્બર અને રાજકોટ GST બાર એસોસિએશન અને રાજકોટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બ્રાંચના સહયોગ થકી કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

રાજકોટમાં પ્રથમ વખત **GST** ઓપન હાઉસ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. જે **GST** કાયદાના અમલમાં આવ્યા પછી પહેલી વખત આવી મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. **GST** ના કાયદાના અમલમાં વેપારીઓ કેટલી મુશ્કેલીઓ અનુભવી રહયા છે. કાયદામાં પોલીસી લેવલે ઘણા સુધારા કરવાની જરૂરીયાત છે. જેથી કાયદાનું અમલીકરણ સરળતાથી કરી શકાય. વેપારીઓ ઘણી બધી વહીવટી મુશ્કેલીઓ પણ અનુભવી રહયા છે. **GST** દ્વારા ઓડીટ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે વેપારીઓને મુશ્કેલીઓ વધે તેવું દેખાય છે. **SGST** અને **CGST** ના કાયદાના અમલીકરણમાં પણ એકરૂપતા નથી. આવા બધા પ્રશ્નોની રજુઆત ઓપન હાઉસમાં **GST** કાઉન્સીલના ઉચ્ચ અધિકારીઓ અને **SGST** અને **CGST**ના કમિશનરો સમક્ષ કરવામાં આવશે. આ ઓપન હાઉસમાં વેપારીઓ લગતા પ્રશ્નોની રજુઆતો કરી તેમનો સંતોષકારક ખુલાસો મેળવવામાં આવશે તેમ ગ્રેટર ચેમ્બરના પ્રમુખ **CM** રાજીવભાઇ દોશી તથા માનદમંત્રી ઉપેનભાઇ મોદી જણાવે છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, **GST** ની પાંચ વર્ષની સફરમાં વેપાર ઉદ્યોગને ઘણી ખાટી મીઠી અસરોમાંથી પસાર થવું પડયું છે. શરૂઆતના અનેક પ્રશ્નો વચ્ચે વેપારીઓ **GST** હેઠળ વેપાર કરે છે અને **GST** નું કલેકશન દોઢ લાખ કરોડને વટી ગયું છે ત્યારે વેપારીઓને પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવું ખુબ જ જરૂરી છે. રોજબરોજની અનેક સમસ્યાઓ જેવી કે, વારંવાર ટેક્ષ માળખામાં ફેરફાર, **GST** ની મીસમેચ અને **ITC** ક્રેડીટ, અલગ અલગ રીટર્ન ભરવાની સમસ્યાઓ, ઇ-વે બીલ માં કલેરીકલ ક્ષતી રહી જાય તો પણ ખુબ જ મોટા દંડની જોગવાઇ છે તેવા પ્રશ્નો વેપારીઓ ભોગવી રહયા છે. ત્યારે વેપાર ઉદ્યોગની આ મહત્વની કરોડરજજુ કે જેના આધાર ઉપર જેન્યુઇન વેપારીઓ ધંધો કરી રહયા છે તે તમામ વેપારીઓ માટે બોગસ બિલીંગના પ્રશ્ન પણ છેલ્લા ઘણા સમયથી બોગસ બિલીંગની એક મોટી સમસ્યા ઉત્પન્ન થઇ છે. આ સેમીનાર આગામી તા. ૧૪ ને મંગવાળના રોજ સવારે ૯:૩૦ થી સાંજના ૫:૩૦ સુધી રાજકોટના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશનના ઓડીટોરીયમમાં રાખવામાં આવેલ છે. જે પણ વેપાર ઉદ્યોગના મિત્રોએ આ અલભ્ય સેમીનારમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. અને રજીસ્ટ્રેશન ફી રૂ. ૭૫૦ રાખવામાં આવેલ છે. આ સેમીનારમાં રજીસ્ટ્રેશન કરાવવા માટે ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ, ૪૦૧, ૪૦૨, ગોલ્ડન પ્લાઝા, ટાગોર રોડ, રાજકોટ. એડીકો ઇન્ટરનેશનલ, કાંતીભાઇ જાવીયા, વાઇસ ચેરમેન મો. નં. ૯૪૨૬૨ ૦૧૬૩૩, પ્રમુખ જતીનભાઇ ભટ્ટ, પી. એન્ડ બી. એસોસીએટ, ૧૦૬, અવધ પ્લાઝા, રાજબેંક સામે, પંચનાથ પ્લોટ તથા હેમલભાઇ કામદાર, જોઇન્ટ સેક્રેટરી, શિવકમલ બિલ્ડીંગ, પહેલા માળે, આર્યસમાજની સામે, રીગલ ફર્નિચરની બાજુમાં, ઢેબર રોડ, તથા રાજકોટ સી.એ. બ્રાંચ, **ICAI** ભવન, ગીરીરાજ નગર, રૈયા સર્કલ, રાજકોટનો સંપર્ક કરવાનો રહેશે.

આપના ઉપરોકત વિષયને લગતા પ્રશ્નો અને ઓપન હાઉસમાં કરવા યોગ્ય રજુઆત અને પ્રશ્નો આપ આ સેમીનારમાં ખ્યાતનામ સલાહકાર અને **GST** ના નિષ્ણાંતો અને **GST** ના ઉચ્ચ અધિકારીઓ આવવાના છે ત્યારે આપના પ્રશ્નો ગ્રેટર રાજકોટ ચેમ્બરના ઉપરોકત સરનામે લેખીતમાં અથવા ગ્રેટર રાજકોટ ચેમ્બરના ઇમેઇલ **grc-cirediffmail.com** પર મોકલી આપવાના રહેશે.

લીલીયામોટાના ઉમિયાધામ મંદિરે રજત જયંતિ મહોત્સવ નિમિતે ભૂમિપૂજન કરાયું

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૧૦

લીલીયા ઉમિયાધામ મંદિરે આગામી તા.૭ થી ૧૦ માર્ચ સુધી રજત જયંતિ મહોત્સવ નિમિત્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગામની સૌવ ધર્મ પ્રેમી જનતા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રી દ્વારા ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. વિઘ્નહર્તા ગણેશ તેમજ પવનપુત્ર હનુમાન વગેરે દેવોની આરાધના કરી કાર્યની શુભ શરૂઆત કરવામાં આવી હતી. તેમજ મંદિરના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા, કરસન લાલ કોટડીયા ડી.કે. શેખલીયા વિનુભાઈ ધામત ભરતભાઈ શેખલીયા વિપુલભાઈ દુધાત અરૂણભાઇ પટેલ અશોકભાઈ વિરાણી પ્રવિણભાઈ શેખલીયા મનુભાઈ ધામત ભુપતભાઈ ધામત ભગવાનભાઈ શેખલીયા ઉકાભાઇ શીળોજા મુકેશભાઈ શેખલીયા વશરામભાઈ ધામત તેમજ ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ મીડિયા ચેરમેન ઘનશ્યામભાઈ સહિતના લોકો આ પ્રસંગે ઉપસ્થિત રહેલ.

રાજકોટ મનપાની 'વન ટાઇમ ઇન્સ્ટોલમેન્ટ સ્કીમ'નો વધુમાં વધુ લોકોને લાભ લેવા અનુરોધ કરતા સ્ટે. કમિટી ચેરમેન

વધુને વધુ બાકી કરદાતાઓ યોજનામાં જોડાઇ રાહત મેળવેઃ પુષ્કર પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

રાજકોટ મહાનગરપાલિકાની અંદાજીત ૨ લાખ મિલકતની બાકી વેરાની રૂપિયા પાંચસો કરોડની રકમ સહેલાઇથી મળી રહે તેમજ વધુમાં વધુ બાકીદાર મિલકતધારકો સમયાંતરે એડવાન્સમાં વેરો ભરવા પ્રોત્સાહિત થાય તે માટે **'One Time Installment Scheme'** ગત તા.૧૪ ફેબ્રુઆરીથી અમલમાં મુકવામાં આવેલ, જેનો આજદીન સુધીમાં અંદાજે ૨૯૩૦ જેટલાં મિલકતધારકોએ લાભ મેળવેલ છે.

આ અંગે માહિતી આપતા સ્ટે. કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ જણાવે છે કે, આ યોજના અંતર્ગત મિલકતધારકે પોતાની મિલકતના ચાલુ વર્ષના મિલકતવેરાની પૂરેપૂરી રકમ તથા અગાઉના વર્ષોની મિલકત વેરાની વ્યાજ સહિતની બાકી રકમના ૧૦%, ૧૫%, ૨૫%, ૨૫% અને ૨૫% મુજબ ૫ વર્ષ સુધીમાં બાકી રકમ ભરપાઇ કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે.

આ યોજનાનો લાભ મેળવવા ઇચ્છુક મિલકતધારકે પોતાની મિલકતના ચાલુ વર્ષના મિલકતવેરાની પૂરેપૂરી રકમ તથા અગાઉના વર્ષોની મિલકતવેરાની વ્યાજ સહિતની બાકી રકમના ૧૦% મુજબની કુલ રકમ તા.૩૧ માર્ચ સુધીમાં ભરપાઇ કરે તો વેરાની બાકી રહેતી રકમના બીજા વર્ષે ૧૫% મુજબ તેમજ ત્યારબાદના ૩ વર્ષોમાં પ્રત્યેક વર્ષે ૨૫% મુજબ, એમ મળી, કુલ ૫ વર્ષ સુધી આ યોજના અમલી રાખવાનું મંજુર કરેલ છે.

શહેરીજનોના વિશાળ હિતને લક્ષમાં લઇ, આ યોજનાના અમલની નિયત તારીખના દોઢ માસ પહેલાં જ આ યોજના લાગુ કરવાનું મંજુર કરવામાં આવેલ છે.

બાકી મિલકતવેરો ભરવો હોય પણ એકસાથે ભરી શકતા ન હોય અને તેને કારણે વર્ષોવર્ષ ૧૮% જેટલું વ્યાજ ચડી રહ્યું છે તો તે મિલકતધારકો નવી અમલી બનેલ 'વન ટાઇમ ઇન્સટોલમેન્ટ સ્કીમ' હેઠળ આગામી ચાર વર્ષમાં કટકે કટકે ભરી શકશે અને તે દરમિયાન જૂના બાકી વેરાનું વધારાનું વ્યાજ પણ ચડતું બંધ થશે.

અંતમાં, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલે શહેરીજનોને અનુરોધ કરતા જણાવે છે કે, બાકી રકમના એરીયર્સને હમામાં ભરપાઇ કરવાના લાભની સાથોસાથ બાકી રકમ પર નવું વ્યાજ ચડવામાંથી મુક્તિ સહિતનો બેવડો લાભ મળી શકશે, તો વધુ ને વધુ બાકી કરદાતાઓ આ યોજનામાં જોડાઇ અને રાહત મેળવે.

શહેર ભાજપ કમલમ્ કાર્યાલય ખાતે

બુથ સશક્તિકરણ અંતર્ગત બેઠક યોજાઈ : માર્ગદર્શન આપતા કમલેશ મિરાણી

શક્તિકેન્દ્ર અને બુથ એ સંગઠનના ખૂબ જ પાયાના અને મહત્વના એકમ છે ત્યારે બુથ સશક્તિકરણના માધ્યમથી પેજસમિતિ, બુથસમિતિ અને શક્તિકેન્દ્રને લક્ષમાં રાખી પાર્ટીના સંગઠનને વધુ સુદ્રઢ બનાવાશે : કમલેશ મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

ભારતીય જનતા પાર્ટી સંગઠન અને કાર્યકર્તાના આધારે કામ કરતી પાર્ટી છે. પાર્ટીનું સૌથી નાનામાં નાનુ એકમ બુથ છે. એક મજબૂત બુથ ચૂંટણીઓમાં જીત અને સમાજને જોડવાના પક્ષના કાર્યક્રમોની સફળતાનો આધાર બની શકે છે. બુથ એકમને મજબૂત કરવા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાની સૂચના મુજબ પાર્ટી દ્વારા દેશભરમાં બુથ સશક્તિકરણ અભિયાનનું આયોજન થયેલ છે.

તે અંતર્ગત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલજીના માર્ગદર્શન હેઠળ તમામ મહાનગરમાં બુથ સશક્તિકરણ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના નેતૃત્વમાં શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની ઉપસ્થિતિમાં શહેર ભાજપ કમલમ્ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં શહેરના હોદેદારો, વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, મોરચાના પ્રમુખ- મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં કમલેશ મિરાણીએ બુથ સશક્તિકરણ અભિયાન મજબુત સંકલન અંતર્ગત વિસ્તૃત માર્ગદર્શન આપતા જણાવેલ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રમાં નવા સીમાચિન્હો અંકિત કરી રહ્યો છે ત્યારે ભારતીય જનતા પાર્ટી એ કાર્યકર્તા આધારીત પાર્ટી છે ત્યારે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ પેજપ્રમુખ અને પેજસમિતિના ગઠનથી મતદાતા ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા સાથે જોડાયો છે અને ગત ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને ભવ્ય જીત મળી છે ત્યારે શક્તિકેન્દ્ર અને બુથ એ સંગઠનના ખૂબ જ પાયાના અને મહત્વના એકમ છે ત્યારે બુથ સશક્તિકરણના માધ્યમથી પેજસમિતિ, બુથસમિતિ અને શક્તિકેન્દ્રને લક્ષમાં રાખી પાર્ટીના સંગઠનને વધુ સુદ્રઢ બનાવાશે.

આ બેઠકને સફળ બનાવવા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ અને શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ જહેમત ઉઠાવી હતી.

શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય રાજકોટ પ્રથમ ક્રમાંકે જાહેર

૩૬૦ રૂપિયાના વાર્ષિક લવાજમમાં વિદ્યાલય, છાત્રાલય અને ભોજનાલયની સુવિધા પૂરી પાડતી સંસ્થા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીના ઉત્કર્ષ માટે શ્રેષ્ઠ કામગીરી કરતી શાળાઓને પ્રોત્સાહિત કરવાનો ઉત્તમ પ્રયાસ થઈ રહ્યો છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે શાળા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય રાજકોટની પસંદગી થતા સમગ્ર ગુરૂકુળ પરિવાર હર્ષ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે. માત્ર ૩૬૦ રૂપિયાના વાર્ષિક લવાજમમાં વિદ્યાલય, છાત્રાલય અને ભોજનાલયની સુવિધા પૂરી પાડતી આ સંસ્થામાં હજારો વિદ્યાર્થીઓનું ઘડતર થઈ રહ્યું છે. આ અગાઉ પણ બબ્બે વખત આ શાળા આવું ગૌરવ પ્રાપ્ત કરી ચૂકી છે. શ્રેષ્ઠ શાળાનું

મૂલ્યાંકન કરવા માટે ડી. ઇ. ઓ., ડી.પી.ઈ.ઓ., ડાયેટના પ્રાચાર્ય, અન્ય ક્લાસ ટુ અધિકારીઓ, સંકુલના પ્રતિનિધિ તથા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતાની ટીમ બનેલી હોય છે. નિર્ધારિત ફોર્મેટના ચાર વિભાગો અંતર્ગત કુલ ૭૬ પ્રકારના માપદંડોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

શ્રેષ્ઠ શાળાનું ગૌરવ પ્રાપ્ત થતાં ગુરૂકુળના પૂજ્ય ગુરૂ મહારાજ શ્રી દેવ કૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય મહંત સ્વામી દેવપ્રસાદદાસજી સ્વામી, પૂજ્ય હરિપ્રિય દાસજી સ્વામી વગેરે સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. શાળાના શિક્ષણ વિભાગનું સંચાલન કરતા પૂજ્ય જનમંગલદાસજી સ્વામીએ આચાર્ય કિશોરભાઈ દવે, સુપરવાઇઝર કપૂપરા તથા સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

આ સફળતા, ઈશ્વર કૃપા, મેનેજમેન્ટની હુંફ, શિક્ષકોની યથાર્થ અને અથાક મહેનત અને વાલી વિદ્યાર્થીઓના સહકારને કારણે જ પ્રાપ્ત થઈ શકે તેમ પ્રિન્સિપાલ કિશોરભાઈ દવે યાદીમાં જણાવે છે.(૧૩)

અમરેલી : વિદ્યાસભા કેમ્પસ ખાતે ધો.૧૨ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ યોજાયો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૧૦

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ દ્વારા વિદ્યાસભા કેમ્પસમાં ધો.૧૨નાં વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ ધો.૧૨ની અગત્યની પરીક્ષા આપવા જઈ રભં છે ત્યારે તેમને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય અમરેલી સેન્ટરથી કુ.તૃપ્તિદીદી અને બ્રહ્મ કુમાર ભાવેશભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સંસ્થાના કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ, એડમિનિસ્ટ્રેટીવ ડાયરેકટર પેથાણી, વિભાગીય સુપરવાઈઝરો, પ્રિન્સીપાલો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના શાળા અને હોસ્ટેલનાં સંસ્મરણો વાગોળ્યા હતા.

પેથાણીએ પોતાના ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં ખૂબ ઉત્તરોતર પ્રગતિ કરી શાળા, સમાજ અને માતાપિતાનું ગૌરવ વધારો તેવી શુભેચ્છા પાઠવી હતી. બ્ર.કુ. તૃપ્તિદીદીએ વિદ્યાર્થીઓને પરીક્ષા માટે ત્રણ મહત્વની વાત કરી હતી. જેમાં હું શાંત છું, હું બધું કરી શકું છું, મે ભગવાનના શકિતશાળી સંતાનો છીએ. તેમના આ વકતવ્યથી વિદ્યાર્થીઓને હકારાત્મક અભિગમથી પ્રેરિત કર્યા હતા. આ અનુભવ આજીવન અમોને પ્રેરણા આપશે તેવી હૃદયની ભાવનાવ્યકત કરી સંસ્થા પ્રત્યે હંમેશા લાગણીઓનો ભાવ જાળવી રાખશે તેવી ખાત્રી આપી હતી. અને સંસ્થાના આવા અનેક મધુર સ્મરણો વાગોળીને છુટા પડયા હતા.

કાલે વાંકાનેરમાં વેલનાથધામ મંદિર ખાતે ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન

૧૧૧ થી વધુ વસ્તુઓ કરીયાવરમાં અપાશેઃ ૫ હજારથી વધુ જ્ઞાતિજનો ભોજન પ્રસાદ માણશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

જય વેલનાથ દાદા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વાંકાનેર દ્વારા આવતીકાલ તા.૧૧ ને શનિવારે સવારે ૭ થી બપોરે ૧ વાગ્યા સુધી આઠમો સમૂહ લગ્ન સમારંભનું ભવ્ય જાજરમાન આયોજન વાંકાનેર રાજકોટ રોડ પર આવેલ શ્રી વેલનાથધામ મંદિર ખાતે યોજાશે.

આ આઠમા સમુહ લગ્નોત્સવમાં કોળી ઠાકોર સમાજના ૭ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. દાતાઓના સહયોગથી કરીયાવરમાં ૧૧૧ વસ્તુ આપવામાં આવશે. અંદાજીત ૫૦૦૦ હજારથી વધુ સંખ્યામાં જ્ઞાતિજનો ભોજન પ્રસાદ માણશે.

આ પ્રસંગે સમાજના સંતો, મહંતો, રાજકીય મહાનુભાવો, સામાજીક અગ્રણીઓ ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, વેપારીઓ, ડોકટરો, વકીલો, શિક્ષકો, પોલીસ મિત્રો, ઉચ્ચ કક્ષાના સરકારી કર્મચારીઓ, સરપંચઓ, તાલુકા પંચાયતના સદસ્યઓ, જીલ્લા પંચાયત સદસ્યઓ,નગરપાલીકા સદસ્યો, કોળી ઠાકોર સમાજના ચાલતા વેલનાથ મંડળો માંધાતા ગ્રુપોના આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહેશે, સમગ્ર સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે જય વેલનાથ દાદા ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ, આરોગ્યનગર સમાજના સર્વે ભાઈઓ બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે તેમ શ્રી વેલનાથ ધામ મંદીર સમૂહ લગ્ન સમિતિની યાદી જણાવે છે.(૪)

આગામી જૂનમાં યોજાશે સમગ્ર બ્રહ્મ યુવક યુવતી પરિચય સંમેલન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

લગ્ન લાયક સંતાનો માટે સારું ઠેકાણું શોધવા મથતા માતાપિતાની ચિંતા દૂર કરવા રાજકોટની સેવા સંસ્થા ઓમ માનવ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજન હાથ ધરાયું છે અને આગામી જૂન મહિનામાં બ્રહ્મ યુવક-યુવતી પરિચય સંમેલનનું હાઈટેક આયોજન હાથ ધરાયુ છે.

આ અંગેની વિગત એવી છે કે, ઓમ માનવ કલ્યાણ ચે. ટ્રસ્ટની પ્રમુખ પ્રવીણભાઈ જોશીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં પ્રતિ વર્ષ યોજાતા સતત અગિયાર સંમેલનોની સફળતા બાદ આગામી જૂનમાં બારમા હાઈટેક પરિચય સંમેલન યોજવા નિર્ણય કરાયો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સાંપ્રત ભાગદોડના સમયમાં યુવા સંતાનો માટે યોગ્ય પાત્ર શોધવું એ હરકોઈ વાલી માટે ચિંતાનો વિષય બની રહે છે. ત્યારે વાલીઓની આ સમસ્યાના સમાધાન રૂપે ઓમ માનવ કલ્યાણ ચે. ટ્રસ્ટ બ્રહ્મ યુવક યુવતી પરિચય સંમેલન યોજે છે. જેમાં આજની યુવા જનરેશનના સ્ટેઈજ સંકોચને સમજી તે દૂર કરવા આધુનિક સમયની માંગ અનુરૂપ હાઈટેક કાર્યક્રમ કરે છે જેમાં યુવક કે યુવતી સ્ટુડિયો રૂમમાં કેમેરા સામે પોતાનો પરિચય રજૂ કરે છે. જે હોલમાં બેઠેલા વાલીઓ બિગ સ્ક્રીન ઉપર પ્રસારણ જોઈ વિગત નોંધતા હોય છે. પ્રતિ વર્ષ આ કાર્યક્રમમાં ચારસોથી પાંચસો ઉમેદવારો સહભાગી બનતા હોય છે. સ્ટેઈજ કાર્યક્રમ ન હોય યુવક યુવતીઓ પણ હરખભેર જોડાતા હોય છે.

આ બેઠકમાં પ્રવીણભાઈ જોશી, જે. પી. ત્રિવેદી, મધુકરભાઈ ખીરા, બાલેન્દુ જાની, કૌશિકભાઈ પાઠક સહિતના ટ્રસ્ટીઓ તેમજ લલિતભાઈ જાની, અમરેલીના બ્રહ્મ શ્રેષ્ઠી હસુભાઈ જોશી જેવા વડીલોએ માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં વિશાળ સંખ્યામાં કાર્યકર ભાઈઓ બહેનોએ ઉપસ્થિત રહી પરિચય સંમેલન સફળ બનાવવા ખાતરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હર્ષદભાઈ વ્યાસે કર્યું હતું.

શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે લીંબડી ગોપાલ સંપ્રદાયના પૂ. સાધુ-સાધ્વીજીઓનું સ્વાગત એવમ વ્યાખ્યાન સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

લિંબડી ગોપાલ સંપ્રદાયના પૂ. રામજીમુનિ મ્સા.ના સુશિષ્ય પૂ. દિપમુનિજી મ્સા. આદી ઠાણા-૫ એવમ પૂ. કિર્તીદાજી મહાસતીજી આદી ઠાણા-૨૬ શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે પ્રવેશ સ્વાગત કરવામાં આવેલ હતુ અને લિંબડી ગોપાલ સંપ્રદાયના પૂ. સાધુ-સાધ્વીજીઓએ પ્રાસંગિક પ્રવચન ફરમાવેલ હતુ અને વ્યાખ્યાન બાદ પ્રભાવના રાખવામાં આવેલ હતી. પરમઉપકારી પૂ. ઉતમમુનિ મ્.સા.એ જ્ઞાનસરભર પ્રવચન ફરમાવીને અલગ-અલગ વિખયો ઉપર પ્રકાશ પાડેલ હતો. શ્રીસંઘની વિનંતીને માન આપી ને આવતીકાલને શનિવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ વ્યાખ્યાન રાખવામાં આવેલ છે એવમ બપોરે ૩ થી ૪ વિવિધ જ્ઞાનલક્ષી કાર્યક્રમો તથા વાંચણી

રાખવામાં આવેલ છે. સંઘના ચેરમેન ચંદ્રકાંતભાઈ શેઠએ પૂ. સાધુ-સાધ્વીજીઓનું સ્વાગત કરેલ હતુ અને બને સંપ્રદાય વચ્ચે સંબંધોની મિઠાસમાં પ્રાસંગીક પ્રવચન ફરમાવેલ હતુ. ગોંડલ સંપ્રદાયવતી શેઠ ઉપાશ્રયમાં બિરાજમાન અખંડસેવાભાવી પૂ. ભદ્રાબાઈ મ્.સા.ના સુશિષ્યા પૂ. અજીતાબાઈ મ્એ શબ્દોથી સ્વાગત કરી પૂ. સાધુ-સાધ્વીજીઓ પધાર્યા તે બદલ અનુમોદના કરેલ હતી. શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી.એમશેઠ પૌષધશાળામાં બિરાજમાન સાધ્વીરત્ના પૂ. રૂપાબાઈ મ્ આદી ઠાણા આ પ્રસંગ માં ઉપસ્થિત રહેલા હતા. ગરીમા ગ્રુપ તથા વિજયાબા મંડળોના બહેનોએ સ્વાગત ગીત ગાયેલા હતા. પૂ. ગુરૂદેવો સવારે

રાજકોટ બાર એસો. દ્વારા વકીલો માટે ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રાજકોટ બાર એસોસિએશનની યાદીમાં જણાવે છે કે, રાજકોટ બાર એસોસિએશન દ્વારા આજે તા.૧૦ અને ૧૧ બે દિવસ રાત્રી પ્રકાશ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન રાજ શકિત ક્રિકેટ કલબ ગ્રાઉન્ડ-રતનપર ખાતે કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ બાર એસોસિએશનના વકીલોની ક્રિકેટ રમતી ૧૨ ટીમો એ ભાગ લીધેલ છે. આ ભવ્ય આયોજન માટે રાજકોટ બાર એસોસિએશન દ્વારા સ્પોર્ટસ કમીટીની રચના કરવામાં આવેલ છે. જેમાં આ ટુર્નામેન્ટને લગતા નીતિ-નિયમો ઘડેલ છે. લીગ મેચ ૧૦-૧૦ ઓવરના અને સેમીફાઈનલ અને ફાઇનલ મેચ ૧૨-૧૨ ઓવરના રમાશે.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ લલીતિસિંહ જે. શાહી, પુર્વ પ્રમુખ અર્જુનભાઈ એસ. પટેલ, ઉપપ્રમુખ એન. જે.પટેલ, સેક્રેટરી દિલીપભાઈ એન. જોષી, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્રસિંહ એફ.રાણા, ટ્રેઝરર કિશોરભાઈ આર. સખીયા, લાયબેરી સેક્રેટરી જયદેવભાઈ જી.શુકલ, કારોબારી સભ્ય જીજ્ઞેશ એમ.જોષી, તુલસીદાસ બી. ગોંડલીયા, મહર્ષિભાઈ સી. પંડયા, જયંતકુમાર વી. ગાંગાણી, ગીરીશભાઈ કે. ભટ્ટ, જી.એલ. રામાણી, જી.આર.ઠાકર, બીપીનભાઈ આર. કોટેચા, રંજનબા ટી. રાણા તેમજ સ્પોર્ટસ કમીટી મેમ્બર જે.બી.શાહ, ઈન્દ્રસિંહ ઝાલા, સંદિપભાઈ વેકરીયા, ધવલ તન્ના, આનંદ રાઘનપરા, હિરેનભાઈ શેઠ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી. તેમ જણાવ્યું છે.

જસદણઃ શ્રીનાથજી હવેલીમાં ફૂલડોલ ઉત્સવની ભવ્યતાથી ઉજવણી

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ ,તા.૧૦

જસદણની શ્રીનાથજી હવેલીમાં ફૂલડોલ ઉત્સવની ભવ્યતાથી ઉજવણી થઈ હતી.

વૈષ્ણવ હવેલી સંપ્રદાયની પ્રણાલીકા મુજબ મૂખ્યાજી ઘનશ્યામભાઈ જોશીએ ઠાકોરજી તથા શ્રીનાથજીને અબીલ, ગુલાલ, કેસુડો તેમજ પુષ્પ પાંદડીથી ખેલવ્યા હતા. બાળકૃષ્ણલાલજીને આસોપાલવ તેમજ ફૂલોથી સજાવેલા કલાત્મક હિંડોળામાં પધારવામાં આવ્યા હતા. વૈષ્ણવ ભાઈઓ બહેનો વડીલો ઠાકોરજીના આંગણે અબીલ ગુલાલ તેમજ ગુલાબ ફૂલોની પાંદડી વગેરે દ્વારા રંગે રમ્યા હતા. બહેનોએ ઠાકોરજી સમક્ષ મહારાસ લીધા હતા. હવેલી ખાતે ભવ્યતાથી ફુલડોલ ઉત્સવની ઉજવણી થઈ હતી તેમ જસદણ હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદી જણાવે છે.(૧૩)

સમસ્ત ટાઢાણી પરિવારના કુળદેવી ખોડીયાર માતાજીનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૦

રાજકોટ ભાવનગર હાઇ-વે ઉપર બળધોઈ ગામ નજીક ડુંગર ઉપર સમસ્ત ટાઢાણી પરિવારના કુળદેવી ખોડીયાર માતાજીનું મંદિર આવેલ છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને નુતન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં માતાજીની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા.૧૧ થી ૧૩ માર્ચ સુધી ભવ્યતાથી યોજાશે. આચાર્ય પદે શાસ્ત્રીજી ચિંતનભાઈ પંડ્યા વેદોક્તવિધિ કરાવશે તથા મંદિરના મહંત મહેન્દ્રપરી ગોસ્વામી ઉપસ્થિત રહેશે. તા.૧૧ ને શનિવારે સવારે ૮ કલાકે હેમાદ્રી ૯ થી ૧૨ ગણપતિ પૂજન, સરસ્વતી પુણ્ય વાંચન, મંડપ માતૃકા પૂજન ગૃહ શાંતિ તથા બપોરે ૧૨ થી ૨ ભોજન પ્રસાદ બપોરે બે થી ૪:૪૫ સુધી મૂર્તિની શોભાયાત્રા, સાંજે ૫ કલાકે ધાન્યધિવાસ તેમજ તા.૧૨ ને રવિવારે સવારે ૮ થી ૧૨ પ્રધાન હોમ જલાદીવાસ બપોરે ભોજન તથા તા.૧૩ ને સોમવારે પ્રાણ પ્રતિષ્ઠા

આરતી તેમજ બપોરે ત્રણ કલાકે બીડું હોમવામાં આવશે. રાત્રે ૯ કલાકે લોક ડાયરો યોજાશે. જેમાં લોકસાહિત્યકાર હિતેશભાઈ અંટાળા, યોગીતાબેન પટેલ, હર્ષ પીપળીયા સહિતના કલાકારો રમઝટ બોલાવશે. ત્રણ દિવસ દરમિયાન ધૂન, ભજન, આરતી, સ્તુતિ, મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. તેમજ તા.૧૩ ને સોમવારે પ્રાણ પ્રતિષ્ઠા આરતી તેમજ બપોરે ત્રણ કલાકે બીડું હોમવામાં આવશે. સમસ્ત ટાઢાણી પરિવારના લોકોએ ઉપસ્થિત રહેવા કાળુભાઈ ખીમજીભાઈ ટાઢાણીની યાદી જણાવે છે.(૧૩)

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

૪૮ કિલો ગાંજાના કેસમાં આરોપી જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રાજકોટ એસ.ઓ.જી શાખા રાજકોટ ગ્રામ્યના પોલીસ અમલદારો પેટ્રોલીંગમાં હતા ત્યારે તેઓને ખાનગી રાહે હકીકત મળેલ કે શરીફભાઈ ઈબ્રાહીમભાઈ ભૈયા પોતાના હવાલાવાળા અશોક લેલન્ડ ટ્રક ગેરકાયદેસર રીતે નાર્કોટીક્સ માદક પદાર્થનો જથ્થો રાખી આટકોટથી ગોંડલ તરફ આવનાર છે. તેવી બાતમીના અનુસંધાને પોલીસે ટ્રક ઉભો કરતા ટ્રકમાંથી ૪૮ કિલો ૫૬૫ ગ્રામ ગાંજો મળી આવેલ. જેથી પોલીસ અમલદારોએ ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ રજીસ્ટ્રરે લીધેલ. ત્યારબાદ પોલીસ તપાસ દરમ્યાને હાલનો ગાંજાનો જથ્થો આરોપી ઓડીસા રાજયમાંથી સુર્યકાન્તા સીમન કોન્તાત્નીતો બીરો પાસેથી લઈ આવેલનું ખુલતા પોલીસ અમલદારો ઓડીસા રાજયમાં ગયેલ અને ત્યાંથી આરોપી સુર્યકાન્તા સીમન કોન્તાત્નીનો બીરોની ધરપકડ કરેલ. ત્યારબાદ આ કામમાં પોલીસ તપાસ પુરી થઈ જતા પોલીસ અમલદારોએ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ. આ કામમાં આરોપી સુર્યકાન્તા સીમન કાન્તાત્નીનો બીરોએ વકીલ મારફત સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા કોર્ટે આરોપીની જામીન અરજી મંજુર રાખેલ અને આરોપીને રૂ. ૧૫૦૦૦ ના શરતોને આધીન જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ.

આ કેસમાં આરોપી વતી વકીલ તુષારભાઈ બસલાણી, મનીષભાઈ કોટક, એઝાઝભાઈ જુણાચ, અલીઅસગર ભારમલ, સંજયભાઈ મહેતા વગેરે રોકાયેલા હતા.

અજાણી લાશના વાલી વારસોને સંપર્ક કરવા સૂચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦: ભુણાવા ગામની સીમમાં આશરે ૩૫-૪૦ વર્ષની ઉંમરના એક અજાણ્યા પુરૂષની લાશ ગત તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ મળી આવેલ છે. જેના જમણા હાથમાં એ.એસ. તથા હિન્દીમાં ઓમકાર ત્રોફાવેલ છે. તેમણે લાલ કલરનું ટી-શર્ટ તથા કાળા કલરનું નાઈટ ટ્રેક પહેરેલ છે. આ પુરુષની લાશ અંગે કોઈને કંઇ જાણ હોય અથવા તેના કોઇ વાલીવારસ હોય તો તેઓએ ફોન નં ૯૮૭૯૨૯૧૧૧૧ કે ૮૯૦૮૯૧૯૦૯૦ પર સંપર્ક કરવા પડધરી પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.(૧૩)

૩૦૦ કરોડની જમીનના બોગસ સાટાખત બનાવનાર આરોપીના આગોતરા જામીન રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રૈયાની જમીન ગાયત્રીનગર કો.ઓ.હા. સોસાયટી લી. ના પ્રમુખ દરજજે રાજેન્દ્રભાઈ પ્રભુદાસ જસાણીએ દસ્તાવેજથી ખરીદ કરેલ હતી. ત્યારબાદ સને ૨૦૦૪ થી જમીન જે સરકારી હોવા બાબતે કલેકટર કચેરી રાજકોટ ખાતે સુવોમોટો કેસ ચાલુ હતો અને જેમાં સને ૨૦૧૧ ની સાલમાં મુળ ખાતેદાર તથા ત્યારબાદના ઉતરોતર એટલે કે ગાયત્રીનગર કો.ઓ.હા.સોસાયટી લી. ની રેવન્યુ એન્ટ્રી રદ કરવામાં આવેલ હતી અને જેની સામે ગાયત્રીનગર કો.ઓ.હા. સોસાયટી લી. દ્વારા એસ.એસ. આર.ડી.(મહેસુલ સચિવ વિવાદ) માં અપીલ કરવામાં આવેલ. જેમાં કલેકટરે રાજકોટના હુકમને યોગ્ય ઠેરવેલ હતો. જેથી ફરિયાદી ગાયત્રીનગર કો.ઓ.હા.સોસાયટી લી. એ ગુજરાત હાઈકોર્ટ ખાતે સીવીલ અરજી દાખલ કરેલ જે કેસ હાલ ગુજરાત હાઈકોર્ટમાં ચાલુ છે અને જેમાં એસ.એસ.

એડવોકેટઃ રક્ષીત કલોલા

આર.ડી.(મહેસુલ સચિવ વિવાદ) ના હુકમ સામે મનાઈ હુકમ ફરીયાદીને મનાઈ હુકમ મળેલ. આરોપી મહેશ ગોવિંદભાઈ પટેલે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલી. જેમાં રૈયાની જમીન તેઓએ અવેજ ચુકવી નોટરાઈઝ બાનાખત કરી આપેલ હોવા બાબતેની જાહેર નોટીસ આપેલી અને જે નોટીસ મુળ ફરિયાદીના ધ્યાનમાં આવતા તેઓએ જાહેર નોટીસ અંગેની તપાસ કરતાં કહેવાતા બાનાખતમાં ગાયત્રીનગર કો.ઓપ.હા. સોસાયટી લી. ના સભ્યોની બોગસ સહીઓ કરી બોગસ બનાવટી બાનાખટ ઉભુ કરેલ હોય ફરિયાદીએ પોલીસ કમિશ્નરને લેખીતમાં વિગતવાર ફરિયાદ આપેલી. ત્યારબાદ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોગસ બનાવટી બાનાખત ખરા તરીકે રજુ કરી ગાયત્રીનગર કો.ઓપ.હા.સોસાયટી લી. ના કુલ ૩૭૫ સભ્યોની કિંમતી જમીન તકરારી કરવાના ગુન્હાની લેખીત ફરિયાદ મહેશભાઈ ગોવિંદભાઈ પટેલ, રમેશકુમાર આંબાલાલ પટેલ, સુનીલકુમાર દલપતસિંહ ઠાકોર નાઓ સામે લેખીત ફરીયાદ કરેલી.

જેથી આરોપીઓ મહેશભાઈ ગોવિંદભાઈ પટેલ, રમેશકુમાર આંબાલાલ પટેલ, સુનીલકુમાર દલપતસિંહ ઠાકોર વિગેરે નાઓએ રાજકોટની સેશન્સ કોર્ટ સમક્ષ આગોતર જામીન અરજી કરતા સેશન્સ કોર્ટે તમામ આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજુર કરેલી. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ રક્ષિત વી. કલોલા રોકાયેલા હતા. તેમજ મુળ ફરિયાદી વતી અનીલભાઈ દેસાઈ તથા કમલેશભાઈ શાહ રોકાયેલ હતા.

નવા કોર્ટ બિલ્ડીંગમાં ૫૦૦૦ વકીલોની સગવડતાઓ માટેના સૂચનો હાઈકોર્ટને મોકલતું રાજકોટ બાર એસો.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રાજકોટ શહેરમાં જામનગર રોડ ઉપર ૧૪ એકર જગ્યાના આકાર લઇ રહેલ અતિઆધુનીક નવા કોર્ટ બિલ્ડીંગમાં ૫૦૦૦ વકીલોની જુદા જુદા પ્રકારની સગવડતાઓ, સવલતો માટે ચેરમેન કોર્ટ બિલ્ડિંગ એકોમોડેશન કમિટી, ગુજરાત હાઈકોર્ટને રાજકોટના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ થ્રુ રાજકોટ બાર એસોસિએશન દ્વારા તાજેતરમાં પત્ર લખી ડીસ્ટ્રીકટ કોર્ટ રાજકોટમાં રીસીવ્ડ કરાવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ હકકીતો જેમાં ઘણા સમયથી નવા કોર્ટ બિલ્ડિંગનું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે. જેમાં ફર્નીચરનું કામ લાંબા સમયથી પેન્ડીંગ છે. બાર એસોસિએશનને જગ્યા ફાળવણી માટે અનેકવાર રજુઆતોના અંતે માત્ર ડિસ્ટ્રીકટ કોર્ટ દ્વારા નકશાની નકલ પુરી પાડેલ છે. પરંતુ તેમાં બાર એસોસિએશનને જગ્યા ફાળવણી કરેલનું નીર્દીષ્ટ થતું નથી. તેનું બારને જે જગ્યા આપવામાં આવશે. તેમાં કઈ રીતે ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ સગવડતાઓ/ સવલતો આપવાની છે. તેવું પણ જણાવવામાં આવતું નથી. જેથી પત્રમાં જણાવવામાં આવેલ કે વર્તમાન સમયમાં ૪૦૦૦ આસપાસ વકીલો નોંધાયેલ હોય ભવિષ્યને ધ્યાનમાં રાખી ૫૦૦૦ વકીલોનો સમાવેશ થઈ શકે તેવો વિશાળ મુખ્ય બારરૂમ તેમજ એમ.એ.સી.પી. બાર તથા મહિલા બાર રૂમો ઉપરાંત પાર્કીંગ, કેન્ટીન, પોસ્ટ ઓફીસ, કુરીયર ઓફીસ, એ.ટી.એમ. જેવી સુવિધાઓનો રોડમેપ કરેલ છે કે કેમ અને આ સુવિધા અનિવાર્ય છે. બાર એસોસિએશનના રૂમો આધુનિક અને સંપૂર્ણ સવલત સગવડતાઓ મળે તે માટે સને- ૨૦૧૮ થી ડિસ્ટ્રીકટ જજને લેખીત રજુઆતો કરતા આજદિન સુધી કોઈ પ્રતિભાવ કે પ્રત્યુતર મળેલ નથી. બાર એસોસિએશન તે ન્યાયીક પ્રણાલીનું અભિન્ન અંગ છે. છતા દરેક બાબતોથી અડગા રાખવામાં આવે છે. બાર એસોસિએશનના પત્રો અન્વયે શું નીર્ણયો લીધા, શું થઈ શકે તેમ છે, શુ કરવા માગો છો તેવું જણાવવામાં શુ આવતુ નથી. જનરલ મુખ્ય બાર રૂમ, એમ.એ.સી.પી. તથા મહિલા બાર રૂમ ફર્નીચર સાથે ઈલેકટ્રોનીક ઉપકરણોથી સજજ તથા સિનિયર વકિલો માટે અલગ વ્યવસ્થા, વેલફેર રૂમ, ઝેરોક્ષ રૂમ, દરેક બાર રૂમો ડોર કલોઝર સહિત સેન્ટ્રલી એ.સી., પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટ તેમજ એટેચ્ડ ટોયલેટ બાથરૂમ બાર રૂમમાં સ્પીકર, માઈક, એમ્પલીફાયર સહિતની સુવિધાઓ એક જ કલરના લોકરો, નોટરીની બેઠક વ્યવસ્થા, વકિલોને કન્સલ્ટન્સી માટે ચેમ્બર વ્યવસ્થા, બાર હોદેદારો માટે મિટિંગ રૂમ, બાર રૂમમાં નોટીસ બોર્ડ, ડસ્ટબીન, કાર્યક્રમો તથા જનરલ બોર્ડ માટે કોન્ફરન્સ હોલ/ ઓડીટોરીયમ, વકીલોને જમવા માટેની બેઠક વ્યવસ્થા રૂમ વકીલોને ઓફીસ માટે અલગ સંકુલ, વકીલોના કારકુન માટે અલગ રૂમ, ટુ વ્હીલર, ફોર વ્હીલર માટે વિશાળ પાર્કીંગ આ રીતેની ડિમાન્ડ સંબંધે ડિસ્ટ્રીકટ જજનું ધ્યાન દોરેલ હોય પરંતુ ભવિષ્યમાં સગવડ સુવિધાઓ અંગે કોઈ વિવાદ ન રહે તે માટે ઉપરોકત માંગણીઓ સબંધે ત્વરીત નીર્ણય લઈ બાર એસોસિએશને જાણ કરવા જણાવતો પત્ર રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ લલીતસિંહ જે. શાહી, ઉપપ્રમુખ એમ.જે.પટેલ, સેક્રેટરી દિલીપ એન. જોષી, જોઈન્ટ સેક્રેટરી જે.એફ. રાણા, ટ્રેઝરર કિશોર સખીયા, લાયબ્રેરી સેક્રેટરી જયદેવભાઈ શુકલ, મહીલા કારોબારી રજનીબા રાણા તથા કારોબારી સભ્ય ગીરીશભાઈ ભટ્ટ, જયંતભાઈ ગાંગાણી, તુલસીદાસભાઈ ગોંડલીયા, જીજ્ઞેશભાઈ જોષી, બીપીનભાઈ કોટેચા, બીપીનભાઈ મહેતા, મહર્ષીભાઈ પંડયા, જી.એલ. રામાણી, જી.આર.ઠાકર નાઓએ વિચાર વિમર્શના અંતે પત્ર પાઠવેલ છે. તેમ જણાવ્યું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

ગુજરાતમાં પુલના નિભાવ નિરીક્ષણ માટે ખાસ નીતિઃ વર્ષે બે વાર ઇન્સ્પેકશન

મહત્વના તથા ખાસ ટેકનીકથી બંધાયેલા તમામ બ્રિજનું ચોમાસા બાદ અવલોકન કરવાનું રહેશે. પુલના બાંધકામમાં કોઈપણ ખામી કે ઉણપ દેખાય અને માળખાકીય કોઈ ક્ષતિ નજરે પડે તો એ નુકશાન અંગે તેના રીપેરીંગ અંગેનો અહેવાલ નિરીક્ષકોએ આપવાનો રહેશે. જેથી માર્ગ અને મકાન વિભાગમાં ઉચ્ચ સત્તાવાળાઓનું ધ્યાન દોરી શકાય. એ માટે બ્રિજના પ્લાન, સ્કેચ, રેખાચિત્રો સાથે ઉચ્ચ કક્ષાએ રીપોર્ટ કરવાનો રહેશે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

રાજકોટ આવી પહોંચ્યા ધો.૧૦ના પ્રશ્નપત્રો, સુરક્ષા અંગે અનેક સવાલો

અતિસંવેદનશીલ નિર્ધારિત ૫૭ પરીક્ષા કેન્દ્રો પર તકેદારી અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા છે. કમિશનરનું જાહેરનામું: ધો.૧૦ અને ૧૨ ની વાર્ષિક પરીક્ષાઓનો કાર્યક્રમ જાહેર થઇ ગયો છે. ધો.૧૦ નું પેપર સવારે ૧૦ થી બપોરના સવા વાગ્યા સુધીનો સમય રહેશે. ધો.૧૨ ના પેપરનો સમય બપોરે ૩ થી સાંજે ૬:૩૦ સુધીનો છે. રાજકોટના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા જાહેરનામું બહાર પાડીને રાજકોટના પરીક્ષા કેન્દ્રો હોય તે શાળાની ૧૦૦ મીટર ફરતેની ત્રિજ્યામાં અનધિકૃત વ્યક્તિઓએ એકત્ર ન થવા, કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટર વિસ્તારમાં સ્ટેશનરીની દુકાનમાં ઝેરોક્ષ મશીન ન રાખવા તાકીદ કરવામાં આવી છે. કોઈ વ્યક્તિ વાહન લઈને ૧૦૦ મીટર વિસ્તારની નજીક આવી શકશે નહીં અને ૪ થી વધુ લોકો એકઠાં થઇ શકશે નહીં. શાળામાં પરીક્ષા અંગેના સાહિત્ય અને મોબાઈલ લઇ જવાની પણ મનાઈ ફરમાવવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર ફરજ પરના શિક્ષકો, સંચાલક અને સુપર વાઈઝરે આઇકાર્ડ સાથે રાખવાનું રહેશે.(૨.૧૨)

શ્રી ગીરાસદાર ક્ષત્રિય રાજપૂત એડવોકેટ ફેડરેશના ઉપક્રમે

ક્ષત્રિય એડવોકેટ સમાજનું દ્વિતીય ભવ્ય સન્માન સમારોહ યોજાયો

એડવોકેટ રાજેન્દ્રસિંહ ગોહીલ દ્વારા ક્ષત્રિય સમાજના એડવોકેટની ડીરેકટરી બનાવવાનો વિચાર રજૂ કરાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

શ્રી ગીરાસદાર ક્ષત્રિય રાજપૂત એડવોકેટ ફેડરેશનના ઉપક્રમે ક્ષત્રિય એડવોકેટ સમાજનું દ્વિતીય ભવ્ય સન્માન પુષ્પ સમારોહ આયોજીત કરવામાં આવેલ જેમાં રાજકોટ બાર એસોસિએશનની વર્ષ૨૦૨૨ ૨૩ની ચુંટણીમાં જંગી બહુમતીથી વિજેતા થયેલ એવા એડવોકેટ જયેન્દ્રસિંહ એક રાણા (જોઈન્ટ સેક્રેટરી) તથા બહેન રજનીબા રાણા (મહિલા કારોબારી) તેમજ ગોંડલ બાર એસોસિએશનમાં ઉપપ્રમુખ પદ ઉપર બિનહરીફ વિજેતા થયેલ ઈન્દ્રજીતસિંહ બી. જાડેજાનું તેમજ સેન્ટ્રલ ગર્વમેન્ટમાંથી વર્ષ-૨૦૨૩માં નીયુક્તી પામેલ નોટરી ચંદ્રસિંહકે. જાડેજા, પ્રધ્યુમનસિંહજી એમ. જાડેજા, મનોજીસિંહ કે. જાડેજા તથા કિરીટસિંહજે.જાડેજાનું સિલ્ડ અર્પણ કરીને ભવ્ય બહુમાન કરવામાં આવેલ તથા સમાજના એડવોકેટઓના સંગઠન તથા ઉજજવળ વિકાસ અર્થે એક મજબુત ફેડરેશન બનાવવાના ઉદ્દેશ્ય સાથે ગર્વ ભેર એક વર્ષ પુર્ણ કરેલ હોય તેવા ખુશીના પ્રસંગે તમામ ક્ષત્રીય એડવોકેટઓ બહોળી સંખ્યામાં એકત્ર થયેલ હતા.

સમાજને ઉપયોગી બાબતો ઉપર સિધ્ધરાજસિંહ જાડેજા, ભરતસિંહ ગોહીલ, પ્રકારસિંહ ગોહીલ રાજેન્દ્રસિંહ ગોહીલ, મેઘરાજસિંહ ચુડાસમા, શૈલેન્દ્રસિંહ જાડેજા, જે.એફ.રાણા, રંજનાબા રાણા, ઈન્દુભા રાઓલ વગેરેએ પોતાના વિચારો રજુ કર્યા હતા.તથા ક્ષત્રિય ભાઈઓ- બહેનો માં સંપ શકિત તથા પ્રભુત્વના ગુણોનું સિંચન થાય સમાજનો વિકાસ થાય તે બાબત ઉપર ભાર મુકવામાં આવેલ હતો તેમજ ભવિષ્યમાં આ સંગઠન વધુ મજબુત બનેતેવા પ્રયાસો કરવા માટે વિચારવિમર્સ કરવામાં આવેલ હતો. આ તકે એડવોકેટ રાજેન્દ્રસિંહ ગોહીલ (ચમારડી) દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લાની ક્ષત્રિય સમાજના એડવોકેટઓની એક સુંદર ડીરેકટરી બનાવવાનો વિચાર મુકેલ હતો. જે અન્વયેનો તમામ ખર્ચ તેઓએ પોતે આપવાનો ભગીરથી ફાળો આપેલ હતો.જે બદલ ફેડરેશને તેઓનો આભાર ખુબ પ્રગટ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે એડવોકેટ પ્રકાશસિંહ ગોહીલ રાજભા ગોહીલ દીગુભા ઝાલા, ભરતસિંહ ગોહીલ, મેઘરાજસિંહ ચુડાસમા, કિર્તિસિંહ ઝાલા, હિરેન્દ્રસિંહ ચૌહાણ,અશોકસિંહ વાઘેલા ધર્મેન્દ્રસિંહ જાડેજા, શકિતસિંહ ગોહીલ અન્નપૂર્ણાબા ગોહીલ, મિનાશીબા જાડેજા, હરદીપસિંહ રાણા, પ્રધ્યુમન સિંહ જાડેજા, ધર્મરાજસિંહ જાડેજા, એસ. જાડેજા, યજુવેન્દ્રસિંહ જાડેજા, શૈલેન્દ્રસિંહ જાડેજા, પ્રહલાદસિંહ ઝાલા, હિતેન્દ્રસિંહ જાડેજા, હેમેન્દ્રસિંહ જાડેજા, વિજયસિંહ ઝાલા, સંજયસિંહ જાડેજા, શકિતસિંહ ગોહીલ, રવીરાજસિંહ જાડેજા, ઓમદેવસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, ક્રિપાલસિંહ જાડેજા, અભિષેકસિંહ જાડેજા, દિલીપસિંહ જાડેજા, અજયસિંહ ચુડાસમા, ભરતસિંહ જાડેજા, ભગીરથસિંહ રાઠોડ, પૃથ્વીરાજસિંહ જાડેજા, હર્ષદેવસિંહ ગોહીલ, અશોકસિંહ જાડેજા, સહદેવસિંહ ગોહીલ, એચ. એલ. જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, ક્રિષ્નાબા ઝાલા, નીલદીપસિંહ જાડેજા, જયોતીબા પરમાર, ચંદ્રસિંહ જાડેજા, મનોજસિંહ જાડેજા, બી.એસ. જાડેજા, સુરેન્દ્રસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, ગીરીરાજસિંહ જાડેજા, જે. વી.ઝાલા, રાજવીરસિંહ ઝાલા વગેરે ક્ષત્રિય સમાજના એડવોકેટઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમના અંતે સૌ ક્ષત્રિય એડવોકેટ મિત્રોએ સાથે ભોજન લીધેલ હતું. તેમ જણાવ્યું છે.

માસમાં ધનવંતરી રથ દ્વારા ૧૨ હજારથી વધુ શ્રમિકોને મળી આરોગ્યલક્ષી સેવા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રાજ્ય સરકાર દ્વારા ધન્વંતરી રથ મારફતે શ્રમિકોને કાર્ય સ્થળે આરોગ્યલક્ષી સુવિધા નિઃશુલ્ક આપવામાં આવે છે રાજકોટ જિલ્લામાં માત્ર ફેબ્રુઆરી માસમાં જ આ યોજના થકી ૧૨,૭૭૨ શ્રમિકોને નિઃશુલ્ક નિદાન અને દવાની સુવિધા પૂરી પાડવામાં આવી છે. ફેબ્રુઆરી માસમાં રાજકોટ જિલ્લાના ૮ તાલુકા અને ઔદ્યોગિક વિસ્તાર તેમજ રાજકોટ શહેરમાં ૪ મળી કુલ ૧૨ રથ દ્વારા ૧૨,૭૭૨ શ્રમિકોને અને હાલ સુધીમાં રાજકોટ જિલ્લામાં ૩,૭૧,૧૮૭ શ્રમિકોને ધન્વંતરી રથની સુવિધા પૂરી પાડવામાં આવી છે તેમ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર જયેન્દ્રસિંહ સોલંકીએ જણાવ્યું હતું.(૧૩)

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત અને સરગમ ક્લબ સંચાલિત

વીરસાવરકર ઈન્ડોર સ્ટેડીયમના વિભાગમાં છ માસિક મેમ્બરશિપ માટે નવા ફોર્મ વિતરણ શરૂ

જુના મેમ્બરોએ પોતાની મેમ્બરશિપ રીન્યુ કરાવી લેવા અપીલઃ વધુ માહિતી માટે ફોન નં.૦૨૮૧ ૨૪૭૭૫૫૫ પર સંપર્ક કરવો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત અને સરગમ ક્લબ સંચાલિત ઇન્ડોર સ્ટેડીયમમાં ચાલતી રમત ગમતની પ્રવૃતિમાં જોડાવા માંગતા લોકોએ છ માસિક એપ્રિલથી સપ્ટેમ્બર સુધીની મેમ્બરશિપ માટે નવા ફોર્મ ભરી દેવા તેમજ જુના સભ્યોએ પોતાની મેમ્બરશિપ રીન્યુ કરાવી લેવા સરગમ ક્લબ દ્વારા અનુરોધ કરાયો છે.

સરગમ ક્લબ નાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, વીર સાવરકર ઈન્ડોર સ્ટેડીયમમાં ચાલતી બેડમિન્ટન, ટેબલ ટેનીસ, જીમ, જુડો, ટેકવોન્ડો, ચેસ, કેરમ, સહિતના વિવિધ વિભાગમાં આવતા જુના મેમ્બરો પોતાની મેમ્બરશિપ તા.૧૩ થી ૨૨ માર્ચ સુધીમાં રીન્યુ કરાવી લેવાની રહેશે. ત્યારબાદ જુના મેમ્બરોની મેમ્બરશિપ રીન્યુ કરવામાં આવશે નહી, તેઓને પણ નવા મેમ્બર ગણી જગ્યા હશે તો જ મેમ્બરશિપ અપાશે. જેની ખાસ નોંધ લેવી.

આ ઉપરાંત ઈન્ડોર સ્ટેડીયમમાં

જીમમાં નવા અદ્યતન સાધનો તેમજ ટેબલ ટેનિસના બે નવા ટેબલ મુકાયા

જોડાવવા માંગતા નવા સભ્યોનાં તા.૨૬ ને રવિવારે બેડમિન્ટન સહિતના અન્ય વિભાગમાં ફોર્મ સવારે ૮:૩૦ વાગ્યાથી સ્વીકારવાનું શરૂ થશે. જે વ્યક્તિ હાજર હશે તેને સ્થળ પર જ પ્રવેશ આપી દેવામાં આવશે. દરમિયાન બેડમિન્ટન વિભાગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. જે વિભાગમાં જેટલી ખાલી જગ્યા હશે તેટલા જ સભ્યોને પ્રવેશ આપવામાં આવશે. તેથી ઈન્ડોર સ્ટેડીયમમાં સભ્યપદ મેળવવા માંગતા લોકોએ વહેલામાં વહેલી તકે ફોર્મ મેળવીને નિર્ધારિત તારીખે, સમયે હાજર રહેવા અનુરોધ કરાયો છે. બેડમિન્ટન વિભાગમાં જોડાનાર ખેલાડીઓએ નોન માર્કિંગ સૂઝ પહેરવાના રહેશે. મેમ્બરશિપનો સમયગાળો તા.૧ એપ્રિલથી તા.૩૦ સપ્ટેમ્બર સુધીનો રહેશે.

બેડમિન્ટન વિભાગમાં શીખાઉ બેચનો સમય સવારે ૯ થી ૯:૪૫ અને ૯:૪૫ થી ૧૦:૩૦ નો રહેશે. ઈન્ડોર સ્ટેડીયમનાં વિવિધ વિભાગોમાં બેડમિન્ટન, ટેબલ ટેનીસ, જીમ, જુડો, ટેકવોન્ડો, ચેસ, કેરમ, વગેરે રમતો તો રેગ્યુલર ચાલે જ છે.તેમજ લેડીઝ હેલ્થ ક્લબમાં પણ પ્રવેશ કાર્યવાહી ચાલુ છે.

ઈન્ડોર સ્ટેડીયમની સમગ્ર વ્યવસ્થા સરગમ ક્લબનાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન હેઠળ જયેશભાઈ વસા, કૌશિકભાઈ સોલંકી, જયદિપસિંહ જાડેજા સહિતના સંભાળી રહ્યા છે. ખાસ જાણ માટે ગુજરાત સરકાર તથા રાજકોટ મહાનગરપાલિકાની ગાઈડલાઈન પ્રમાણે સમયે સમયે ચુસ્ત પાલન કરવાનું રહેશે. તેમજ જીમમાં અત્યત નવા અધ્યતન સાધનો આવેલ છે અને ત્યાર પહેલા ટેબલ ટેનિસના બે નવા ટેબલ પણ મુકવામાં આવેલ છે. જેની ખાસ નોંધ લેવી.

વધુ માહિતી તથા પુછપરછ માટે ઈન્ડોર સ્ટેડીયમ ખાતે કાર્યાલયનો સવારના ૯ થી ૧૨ સાંજે ૫ થી ૮ દરમિયાન (ફોન નં.૦૨૮૧ ૨૪૭૭૫૫૫) ઉપર અથવા રૂબરૂ મેનેજર પ્રફુલભાઈ સંઘાણીનો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

મેમ્બરશિપ ની છ મહિનાની ફી

બેડમિન્ટન ફી - રૂ. ૧૫૦૦, ટેબલ ટેનિસ - રૂ. ૭૫૦, જીમ (જેન્ટ્સ)- રૂ. ૧૧૦૦, લેડીઝ હેલ્થ -રૂ. ૮૦૦, ટેક વોન્ડો - રૂ. ૫૦૦, જીમનાસ્ટી- રૂ. ૬૦૦, કેરમ રૂ. ૪૦૦, જુડો-રૂ. ૪૦૦

કલાપ્રેમીઓ માટે પેઈન્ટિંગ પ્રદર્શનનો આજે છેલ્લો દિવસ

વોટસન મ્યુઝિયમ ખાતે અંદાજે 300 કલાપ્રેમીઓએ પ્રદર્શન નિહાળ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦ યુવાનો આઝાદીનું મહત્વ સમજે, સાંસ્કૃતિક વારસાની કલાત્મક કૃતિઓ નિહાળે અને જાળવણી માટે સભાન બને, ગર્વની લાગણી અનુભવે, કલા પ્રવૃત્તિમાં રસ ઉત્પન્ન થાય તેમજ પોતાનામાં રહેલી કલાને જાણી આત્મવિશ્વાસથી આગળ વધે એવા ઉદ્દેશથી રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા દ્વારા સંચાલિત વોટસન મ્યુઝિયમ, રાજકોટ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત ગત તા.૫ માર્ચના રોજ લાઇવ સ્કેચ-પેઇન્ટીંગ વર્કશોપ યોજાઈ હતી.

જેના પ્રદર્શનની સમયમર્યાદા વધારીને તા.૧૦ માર્ચ સુધી કરાઈ હોવાથી આ પ્રદર્શન હવે ૧૦ માર્ચ સુધી નિહાળી શકાશે.વોટસન મ્યુઝિયમના ક્યુરેટર સંગીતાબેન રામાનુજે જણાવ્યું હતું કે લાઇવ સ્કેચ-પેઇન્ટીંગ વર્કશોપ દરમિયાન ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પોટ્રેઈટ, વરાહ (જૈન તીર્થંકર) શિલ્પ, કાર્ટુન, મ્યુઝિયમ પરિસરની કૃતિઓ, મ્યુઝીયમની આજુબાજુના હેરીટેજ બિલ્ડીંગ, લેન્ડ સ્કેપ, જનરલ વ્યુના સ્કેચ અને પેઇન્ટીંગ પેન, પેન્સિલ, વોટર કલરથી તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારે આજુબાજુ પસાર થતા લોકો સ્કેચ તથા પેઇન્ટીંગ લાઇવ જોવામાં મશગુલ બન્યા હતા.

વિદેશી નાગરિકો, શાળાના વિદ્યાર્થીઓ સહિત અંદાજે ૩૦૦

રાજકોટના સાંસ્કૃતિક વારસાને લાઇવ સ્કેચ તથા પેઇન્ટીંગ રૂપે રજૂ કરતા કલાકારો

કલાપ્રેમીઓએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ વર્કશોપમાં શહેરના વરિષ્ઠ- યુવાન કલાકારો સુરેશભાઇ રાવલ, અશ્વિનભાઇ ચૌહાણ, મનોજભાઇ ગોહિલ, ભરતભાઇ બારહટ, નીતાંશુભાઇ પારેખ, રોનીતભાઇ પંચોલી, સાજીદભાઇ થોભાણી, પ્રેમભાઇ મકવાણા, નિખિલભાઈ ભાવસાર, પ્રશાંતભાઇ દૂધરેજીયા, એસ્કોલભાઇ મોઝિસ, વિજયભાઇ ભટ્ટ, રેખાબેન આશરા સહિતના કલાકારોએ સહર્ષ ભાગ લઇ સ્કેચ અને પેન્ટિંગ તૈયાર કર્યા હતા.(૧૩)

આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા

રવિવારે વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદાન કરી પ્રગતિ કરનાર મહિલાઓને 'સુષ્મા સ્વરાજ એવોર્ડ' એનાયત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦ જ્યા નારીઓનું પુજન કરવામાં આવે છે ત્યા દેવતા પણ વાસ કરે છે, આ વાતને સાર્થક કરતો દિવસ એટલે કે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ. વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે. આંતર રાષ્ટ્રીય મહિલા દિવસનો હેતુ છે મહિલાઓને સમાન અધિકાર આપવા અને સમાજમાં તેની ભાગીદારી વધારવી. આ દિવસે મહિલાઓની રાજકીય, સામાજીક, શૈક્ષણિક, વ્યવસાયિક જેવી વિવિધ સિધ્ધિઓને બિરદાવવામાં આવે છે ત્યારે પ્રદેશ ભાજપ મહિલા મોરચાની યોજના મુજબ અને પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવાના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત તા.૧૧ થી ૧૩ માર્ચ દરમ્યાન રાજયના તમામ જીલ્લા અને મહાનગરમાં વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રગતિ કરનાર મહિલાઓને સુષ્મા સ્વરાજ એવોર્ડથી સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાનાર હોય તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ અને શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી જયોતીબેન વાછાણી, પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, લીનબેન રાવલની અધ્યક્ષતામાં તા.૧૨ ના રવિવારે સાંજે ૫ કલાકે શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા શહેરના વિવિધ ક્ષેત્ર જેમકે, પ્રબુધ્ધ, સેવાકીય, શૈક્ષણિક, વ્યવસાય, સાહસી, સાંસ્કૃતિક,રમતગમત, એન.જી.ઓ. ચલાવતા બહેનો, ડોકટર, વકીલ, શિક્ષક, સરકારી યોજનાઓ પર નોંધનીય કાર્ય કરતા, મનોરંજન, પત્રકારત્વ, વગેરે ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદાન કરી પ્રગતિ કરનારા બહેનોને સુષ્મા સ્વરાજ એવોર્ડથી સન્માનિત કરાશે. તો આ કાર્યક્રમમાં શહેર ભાજપ મહિલા મોરચાના તમામ બહેનોને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, લીનબેન રાવલએ અનુરોધ કરેલ છે.

ભાજપ 'કમલમ્' કાર્યાલય ખાતે સાંજે ૫ કલાકે 'સુષ્મા સ્વરાજ એવોર્ડ' વિતરણ કાર્યક્રમઃ શહેર ભાજપ મહિલા મોરચાના તમામ બહેનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતાઃ કિરણ માકડીયા, કિરણ હરસોડા, લીના રાવલ

---

૧૦ વર્ષ પહેલાના આધાર કાર્ડ અપડેટ કરવા શહેરીજનોને અપીલ કરતા મેયર, સ્ટે. ચેરમેન અને મ્યુ.કમિશનર

મનપાની ત્રણેય ઝોનલ કચેરીઓના આધાર કેન્દ્રો ખાતે સવારે ૧૦ થી સાંજે ૬:૧૦ કલાક સુધી કામગીરી ચાલુ રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦ છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન આધાર ઓળખનાં સૌથી સ્વીકૃત પુરાવા તરીકે થઇ આવેલ છે. જેમાં બાયોમેટ્રીક પ્રમાણીકરણથી રહિશની ઓળખ કરવાની જોગવાઈ છે. રહીશો/જાહેર જનતા દ્વારા વિવિધ પ્રકારની સરકારી સેવાઓનો લાભ લેવા માટે આધારનો ઉપયોગ કરવામાં આવે છે. સરકારની અલગ-અલગ યોજનાકીય લાભ મેળવવા માટે આધારની વિગતો સમયાંતરે અપડેટ કરવી જરૂરી છે. ૧૦ વર્ષ પહેલાનાં આધાર કાર્ડ અપડેટ કરવા શહેરીજનોને મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ અને મ્યુનિ. કમિશનર અમિત અરોરા દ્વારા અપીલ કરવામાં આવે છે. જે માટે UIDAI (UNIQUEIDENTIFICATION AUTHORITY OF INDIA) નાં તા.૦૯/૧૧/૨૦૨૨ના જાહેરનામા No. HQ-16027/1/2022-EU-I- HQ (No. 6 of 2022) અન્વયે તમામ આધાર નંબર ધારકોએ આધાર નોંધણી કરાવ્યાથી દર ૧૦ વર્ષમાં ઓછામાં ઓછા એક વખત તેમના દસ્તાવેજોમાં POI- ઓળખાણનાં પુરાવો અને POA- સરનામાનો પુરાવોનાં દસ્તાવેજો અપડેટ કરવાનાં થાય છે.

આ પ્રકારના ડોક્યુમેન્ટ અપડેટ કરાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની ઝોનલ કચેરીઓનાં આધાર કેન્દ્રો (૧) ડો.આંબેડકર ભવન, સેન્ટ્રલ ઝોન, ગ્રાઉન્ડ ફ્લોર, ઢેબરભાઈ રોડ, રાજકોટ, (૨) ઝવેરચંદ મેઘાણી વિભાગીય કચેરી, પૂર્વ ઝોન, ભાવનગર રોડ, રાજકોટ તથા (૩) હરિસિંહજી ગોહિલ વિભાગીય કચેરી, વેસ્ટ ઝોન, ૧૫૦ રીંગ રોડ, રાજકોટ ખાતે કચેરીના કામગીરીના સમય દરમ્યાન તેમજ બીજા અને ચોથા શનિવારના રોજ સવારે ૧૦ કલાક થી સાંજે ૬:૧૦ કલાક સુધીમાં કરાવી શકાય છે. શહેરીજનોએ ઉક્ત આધાર કેન્દ્રો ખાતે ડોક્યુમેન્ટ અપડેટ કરાવવા આવવાનું રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.(૧૩)

શ્રી સ્વાતિ મહિલા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે

રવિવારે વિશ્વેશ્વર મંદિર ખાતે પાંચમા સર્વજ્ઞાતિય સમૂહલગ્ન મહોત્સવ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦ આગામી તા.૧૨ ને રવિવારના રોજ શ્રી સ્વાતિ મહિલા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વેશ્વર મહાદેવ મંદિર, મવડી મેઈન રોડ ખાતે પાંચમા સર્વજ્ઞાતિય સમૂહલગ્ન ઉત્સવનું અનેરૂ આયોજન કરવામાં આવેલ છે. શ્રી સ્વાતિ મહિલા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ આ સમૂહ લગ્નોત્સવના આયોજનમાં તા.૧૨ ના રવિવારે સવારે ૬ કલાકે જાન આગમન, સવારે ૭ કલાકે સામૈયા, ૯ કલાકે હસ્ત મેળાપ તેમજ બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ યોજાશે. આ સમૂહ લગ્નોત્સવમાં ગોપાલ ગૌ શાળા-ખેરડીના શ્રી રમેશગીરી બાપુ, ગુણેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રી અવધેશબાપુ, શ્રી મનુ મહારાજ, શ્રી દલપતરામ બાપુ, મહંતશ્રી સુરદાસબાપુ, શ્રી વિશ્વેશ્વર મહાદેવ મંદિરના પુજારીશ્રી, શ્રી આશાપુરા માતાજી મંદિરના પુજારી શ્રી પદુભા સહીતના સંતો-મહંતો નવદંપતિને આર્શિવાદ આપવા ઉપસ્થિત રહેશે. તેમજ ઘનશ્યામભાઈ અગ્રાવત, શારદાબેન પરસોતમભાઈ માલવી, દિવાળીબેન પરસોતમભાઈ ગોંડલીયા, ગીરીશભાઈ ટાંક, ગઢવીભાઈ સહિતના સ્ટેજ પ્રોગ્રામ શોભાવશે.

આ સમૂહલગ્નના ભવ્ય આયોજનમાં કુલ પાંચ યુગલો પ્રભુતામાં પગલાં પાડશે સાથે નવપરિણીત યુગલોને કરીયાવરમાં ૧૦૫ જાતની ચીજ-વસ્તુઓ જેમાં સોનાની બુટ્ટી,સોના નો દાણો,ચાંદીની વીંટી, સાંકળા ચાંદીની ગાય સહિત નાના-મોટા વાસણો, ઘર માટે રાચ-રચીલાનો સામાન સહિતની વસ્તુઓ આપવામાં આવશે.તેમજ સમૂહ લગ્નમાં જોડાયેલ દરેક દીકરીઓને ૫ લાખની વિમા પોલીસી આપવામાં આવશે.

આ સમૂહલગ્નોત્સવમાં પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, મેયર ડો. પ્રદિપ ડવ, વિશેષ કાર્યક્રમ સન્માનમાં રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળાનું સન્માન કરાશે તેમજ મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષ તરીકે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, સ્ટેન્ડીંગ ચેરમેન પુષ્કર પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, મનપાના દંડક સુરેન્દ્રસિંહ વાળા, રાજુભાઈ બોરીચા, કોર્પોરેટર જયાબેન ડાંગર, શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી સહિતના ભાજપ અગ્રણીઓ તેમજ સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ નિર્મળાબેન ભાવેશભાઈ અગ્રાવત, છાયાબેન રામાવત, વર્ષાબેન વીરડા, ધર્મીષ્ઠાબેન રામાવત, ગાયત્રીબેન વૈષ્ણવ, રસીલાબેન પાંભર, મધુબેન પડસારીયા, દશાંમાં ધુન મંડળ તથા મહાકાલેશ્વર ધુન મંડળના સભ્યો, તુલસીભાઈ મકવાણા, સાઉન્ડ સીસ્ટમમાં વિશાલ કુબાવત, નેહાંશુ કુબાવત સહિતના જહેમત ઉઠાવી રહ્યા છે.

પાંચ યુગલો પ્રભુતામાં પગલા માંડશે : સમૂહલગ્નમાં જોડાયેલ દીકરીઓને ૫ લાખની વિમા પોલીસી આપવામાં આવશે : ભાજપ અગ્રણીઓ તેમજ વિવિધ સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહી નવદંપતિને શુભેચ્છા પાઠવશે

પ૧ મહિલા કર્મચારીઓનું પ્રમુખ ભુપત બોદરના હસ્તે સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦ રાજકોટ જિલ્લા પંચાયત સાથે સંકલિત મહિલાઓને પ્રોત્સાહીત કરવા માટે જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદરનાં અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયતના મુખ્ય સભાખંડ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ. વિભાગ સહિતના જુદા જુદા વિભાગોમાં કાર્યરત મહિલા અધિકારીઓ, મહિલા કર્મીઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ૫૧ મહિલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહિલાઓને માન-સન્માન આપવા, મહિલા શકિતને ઉજાગર-પ્રોત્સાહિત-પ્રેરિત કરવા તા.૮ મી માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે. સરકારી, બિનસરકારી, સામાજીક સંસ્થાઓ દ્વારા મહિલાઓની સાંસ્કૃતિક, રાજકીય, ઐતિહાસિક અને વિશિષ્ટ સિદ્ધિઓની ઉજવણી કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી બ્રિજેશ કાલરીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નિલેશ રાઠોડ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ તથા મહિલાકર્મીઓએ ઉપસ્થિત રહી મહિલા શકિતને પ્રોત્સાહન પૂરું પાડયું હતું.(૧૩)

વિશ્વ મહિલા દિવસ અંતર્ગત જિલ્લા પંચાયતમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મહિલાઓનો સન્માન સમારોહ યોજાયો

મકવાણા પરીવાર દ્વારા બાળકો માટે બટુક ભોજન કાર્યક્રમ યોજાયો

જામનગર, તા.૧૦ સમ્યક સંકલ્પ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સથવારેને મકવાણા પરીવાર દ્વારા જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પૂર્વ ચેરમેન સ્વ.બિજલભાઈ પેથાભાઈ મકવાણાના ધર્મપત્ની સ્વ.ભોજીબેન બિજલભાઈ મકવાણાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે મકવાણા પરીવાર દ્વારા બાળકોને બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું.

આ તકે નારણભાઈ બિજલભાઈ મકવાણા, વેલજીભાઈ બિજલભાઈ મકવાણા, અશ્વિનભાઈ બિજલભાઈ મકવાણા, નરશીભાઈ બિજલભાઈ મકવાણા, ભીખાભાઈ બિજલભાઈ મકવાણા, કમળાબેન હીરાભાઈ સાગઠીયા તેમજ સમગ્ર મકવાણા પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.(૧૩)

ચાચરિયા પ્રાથમિક શાળામાં ઉજવાયો મેઘાણી વંદના કાર્યક્રમ

ઝવેરચંદ મેઘાણીની ૭૬ મી પુણ્યતિથિ નિમિતે કરાઈ ઉજવણી

બોટાદ, તા.૧૦ બોટાદ જિલ્લાની શ્રી ચાચરીયા પ્રાથમિક શાળામાં આપણાં દેશના રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૭૬મી પુણ્યતિથિ નિમિત્તે મેઘાણી વંદના કરવામાં આવી હતી.

શાળાના ભૂલકાઓ સાથે તમામ શિક્ષકોએ ગુજરાતી સાહિત્યના આ ઘેઘૂર વડલાને પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાસુમન કર્યું હતું. મેઘાણી વંદના નિમિત્તે શાળાના ભૂલકાઓએ મેઘાણી ગીતોનો રસથાળ પીરસ્યો હતો. શાળાનું પરિસર મેઘાણી ગીતોથી ગુંજી ઉઠ્યું હતું. અષાઢી સાંજના અંબર ગાજે, હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ જેવા જાજરમાન ગીતોથી વાતાવરણ ભવ્ય બન્યું.

શાળાની દીકરી દિશા દ્વારા મેઘાણીના એક ગીત ઝાડ માથે જુમકડુનો અભિનય રજુ કરાયો હતો અને શાળાના ભુલકાઓએ મેઘાણીજી અવિસ્મરણીય ગીતો થકી સૌને મોજ લાવી દીધી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

ધો. ૧૦ અને ૧૨ ના ૫૭ પરીક્ષા કેન્દ્રો માટે તકેદારી અધિકારીઓની નિમણૂંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૧૪ થી ૨૯ માર્ચ દરમિયાન ધો. ૧૦ અને ધો. ૧૨ (વિ.પ્ર./સા. પ્ર)ના રીપીટર/પૃથ્થક/ ખાનગી વિદ્યાર્થીઓની જાહેર પરીક્ષા લેવાનાર છે. પરીક્ષાના સુચારૂ આયોજન અને સંચાલન માટે જિલ્લાના સંવેદનશીલ, અતિ સંવેદનશીલ તેમજ તકેદારી રાખવાના ૫૭ કેન્દ્રો ઉપર સંપૂર્ણ સમય માટે વર્ગ-૧ તથા વર્ગ-૨ કક્ષાના તકેદારી અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે. તકેદારી અધિકારીઓ પરીક્ષા કેન્દ્ર પર સતત હાજર રહી કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને પરીક્ષા સુચારૂ રીતે લેવાય તેનું નિરીક્ષણ કરશે તેમ નિવાસી અધિક કલેક્ટર રાજકોટ કે.બી.ઠક્કરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.(૧૩)

ઝવેરચંદ મેઘાણીની ૭૬મી પુણ્યતિથિ નિમિત્તે

કર્મભૂમિ રાણપુર અને બોટાદ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ચોટીલા, બોટાદ અને રાણપુર પુસ્તકાલયમાં મેઘાણી સાહિત્યના પુસ્તક પ્રદર્શન યોજાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૭૬મી પુણ્યતિથિ નિમિત્તે એમની કર્મ-નિર્વાણભૂમિ બોટાદ તથા કર્મભૂમિ રાણપુર ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ. ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા આ પ્રેરક આયોજન કરાયું હતું. ઝવેરચંદ મેઘાણીનું નિધન ૦૯ માર્ચ ૧૯૪૭ના રોજ બોટાદ ખાતે સાળંગપુર રોડ પર રેલવે-ફાટક પાસે આવેલ અને ૧૯૩૩માં તેમણે બંધાવેલ નિવાસસ્થાન ખાતે થયેલું. રાણપુર સ્થિત સામાહિક અખબાર ફૂલછાબના તંત્રી તરીકે કામગીરી બજાવતાં ઝવેરચંદ મેઘાણી રહેઠાણ બોટાદ અને કાર્યસ્થળ રાણપુર વચ્ચે ટ્રેન દ્વારા દરરોજ નિયમિતપણે આવ-જા કરતાં.

રાણપુર ખાતે ભારત સરકારના મત્સ્ય, પશુપાલન, ડેરી મંત્રી અને રાજ્યસભાના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, આયુષ, મહિલા અને બાળ વિકાસ મંત્રી અને સુરેન્દ્રનગર લોકસભાના સાંસદ ડો. મહેન્દ્રભાઈ મુંજપરા, બોટાદ જિલ્લા કલેકટર બી. એ. શાહ (આઈએએસ), બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ ઘનશ્યામભાઈ વિરાણી, ઈન્ચાર્જ બોટાદ જિલ્લા વિકાસ અધિકારી અને નિવાસી અધિક કલેકટર મુકેશભાઈ પરમાર (જીએએસ), સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

બોટાદ ખાતે વિભાગીય પોલીસ અધિકારી મહર્ષિ રાવલ, સાહિત્યકાર, શિક્ષણવિદ્ મહેશભાઈ ગઢવી, અગ્રણીઓ ભીખુભા વાઘેલા, ચંદુભાઈ સાવલિયા, પ્રકાશભાઈ સોનાગરા અને હરેશભાઈ ધાધલ, વિશ્વ હિંદુ પરિષદના સતુભાઈ ધાધલ, શશિકાંતભાઈ ગોહિલ, ભૂપતભાઈ ચૌહાણ સહિતના ઉપસ્થિતિ રહ્યા હતા. વિશ્વભરમાં વસતાં ગુજરાતીઓ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પ્રેરણાદાયી જીવન-કવનમાંથી પ્રેરિત થાય છે. સાહિત્ય, લોકસાહિત્ય, પત્રકારત્વ તેમ જ આઝાદીની લડતમાં એમનું અનન્ય અને મહામૂલું પ્રદાન ક્યારેય વિસરાશે નહીં, સદાય અજરામર રહેશે તેમ મંત્રીઓ પરસોત્તમભાઈ રૂપાલા અને ડો. મહેન્દ્રભાઈ મુંજપરા, પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા, બોટાદ જિલ્લા કલેકટર બી.એ. શાહ (આઈએએસ)એ લાગણીસભર અંજલિ આપી હતી. લોકગાયક અભેસિંહ રાઠોડે સ્વરાંજલિ અર્પણ કરી હતી. પિનાકી મેઘાણીએ મેઘાણી-સાહિત્ય અર્પણ કર્યું હતું. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં નામકરણ પામેલાં બોટાદ જિલ્લા સરકારી પુસ્તકાલય, રાણપુર સાર્વજનિક પુસ્તકાલય, ચોટીલા તાલુકા સરકારી પુસ્તકાલય ખાતે ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ગ્રંથાલય ખાતા દ્વારા સમગ્ર મેઘાણી-સાહિત્યના પુસ્તક પ્રદર્શનનું આયોજન થયું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

ગોંડલના યુવકને નવજીવન બક્ષતી ૧૦૮ની ટીમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

હોળી ધુળેટી જેવા તહેવારો નિમિત્તે પણ લોકોની સેવામાં તૈનાત રહેનાર ૧૦૮ની ટીમએ ગોંડલ ખાતે નદીમાં ખાબકી ગયેલા યુવકને નવજીવન બક્ષ્યું હતું. ૧૦૮ ના જિલ્લા સુપરવાઈઝર દર્શિત પટેલએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગોંડલ મોવિયા ચોકડી પાસે આવેલા પાંજરાપોળના પુલ પાસે પ્રકાશભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦) નામનો યુવક પુલની પાળ પર બેઠો હતો, ત્યારે અચાનક નીચે નદીમાં ખાબકી જતાં, લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. એક જાગૃત નાગરિકે તુરંત જ ૧૦૮ ને જાણ કરતાં, ગોંડલ ૧૦૮ની ટીમ સત્વરે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ૧૦૮ ટીમના આરોગ્યકર્મી પ્રતાપભાઈ વાળાએ સમયસૂચકતાથી યુવકને નદીમાંથી બહાર કાઢ્યો હતો. અચાનક નદીમાં ખાબકતા યુવકને માથાના ભાગે અને હાથમાં વધુ ઈજા થવા પામી હતી. અચાનક બનેલા આ સમગ્ર બનાવને લઈને પુલ પર ટ્રાફિકજામ થઈ જતાં તુરંત જ ગોંડલ શહેર પોલીસ ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. યુવકને સત્વરે ૧૦૮ મારફત ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ત્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.(૧૩)

પાંચમાં જન ઔષધી દિવસની ઉજવણી અંતર્ગત

‘આઓ જન ઔષધિ મિત્ર બનાવીએ’-‘સસ્તી પણ સારી પણ’-દવા પર સેમિનાર યોજાયો

જન ઔષધિ સ્ટોર ખોલવાથી સામાન્ય લોકોના કરોડો રૂપિયાની બચત થઈ ચૂકી છેઃ મનોજ બન્સલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજ ખાતે જન ઔષધિ દિવસની ઉજવણીના ભાગરૂપે ભારતીય જનઔષધી પરીયોજનાના ઉપક્રમે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલું હતું. આ કોલેજ દ્વારા ગત તા.૬ માર્ચના રોજ પ્રધાનમંત્રી જન ઔષધી પરીયોજના અને ફાર્માસ્યુટિકલ એન્ડ મેડીકલ ડીવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આઓ જન ઔષધિ મિત્ર બનાવીએના શીર્ષક હેઠળ એક દિવસીય સેમિનારનું ભવ્ય આયોજન કરેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના ૧૫૦ વિદ્યાર્થી અને ૨૫ સ્ટાફ મેમ્બર્સ સહિત કુલ ૨૦૦ જેટલા ફાર્માસીસ્ટો અને વિદ્યાર્થીઓએ રસપ્રદ માહિતી મેળવી હતી. આવો સેમિનાર આખા ભારતમાં ૭૫ સંસ્થાઓમાં આયોજીત કરી પાંચમો જન ઔષધી દિવસ (૭ માર્ચ, ૨૦૨૩) ઉજવવાનું PMBI એ આયોજન કરેલ હતું. બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજ, રાજકોટ ૭૫ માંની એક સંસ્થા હોય ગૌરવપ્રદ બાબત બની રહી છે.

આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત મનોજ બન્સલ કે જેઓ પોતે જન ઔષધિ સ્ટોર ચલાવે છે તેઓએ માહિતી આપતા ફાર્મસી વિદ્યાર્થીઓને જણાવેલ કે જન ઔષધી સ્ટોર ખોલવા માટેની કાયદાકીય અને વહીવટી પ્રક્રિયા કઈ રીતે કરી શકાય અને આ સ્ટોરના માધ્યમથી સામાન્ય લોકોના કરોડો રૂપિયાની બચત થઇ ચુકી છે અને વધુમાં જણાવેલ કે ફાર્મસીના સ્નાતક/ડીપ્લોમા માટે આવા સ્ટોરનું સંચાલન કરવું ખુબજ ગૌરવપૂર્ણ અને જોડાયેલો ઉમદા વ્યવસાય છે. વધુમાં જણાવ્યું હતું કે કિશાનપરા ચોક પાસે આવેલ જન ઔષધિ કેન્દ્ર ૨૦૧૬ થી કાર્યરત છે અને ત્યારબાદ આજદિન સુધી આખાય ભારતમાં કુલ ૯૩૦૦ જેટલા જન ઔષધિ સ્ટોર કાર્યરત છે. ડાયાબીટીસ, B.P જેવા રોગોની સારવાર જન ઔષધિ સ્ટોરની દવાઓથી કરવામાં આવે છે ત્યારે ફક્ત રૂ.૨૦૦ થી રૂ.૩૦૦ માંજ આખા મહિનાની દવાઓ ખરીદી શકાય છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના વ્યાખ્યાતા આર.ડી. પરમાર તથા ડી.આર.ભીમાણીએ વિશેષ યોગદાન આપેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે

શ્રીમતી કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

NSS ની ૧૦૦ થી વધુ વોલેન્ટીયર્સનું વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડયા હસ્તે કરાયું સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

શ્રીમતી કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ ઉપક્રમે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં એન.એસ.એસ. ની ૧૦૦ વધુ વોલેન્ટીયર્સનું ભવ્યાતીત સન્માન કરવામાં આવ્યું હતું. ભારતના પ્રત્યેક નાગરિકોએ સ્વરક્ષણ સંબંધી તાલીમ મેળવવી જરૂરી છે તે સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. યશવંત ગોસ્વામીએ પ્રારંભમાં કાર્યક્રમનો વિગતે પરિચય આપ્યો હતો. ત્રણ વર્ષ એન.એસ. એસ. કાર્યક્રમોમાં ભાગ લેનાર વોલન્ટીયર્સને સન્માન સાથે વિદાય આપવામાં આવશે. સમાજ શ્રેષ્ઠીઓનું સન્માનની વાત મુકી હતી.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ વિશ્વ મહિલા દિનની ઉજવણી સંબંધી વાત કરતાં જણાવ્યું કે ૨૧ મી સદી મહિલાઓની આત્મ સુરક્ષા સાથે સર્વાંગી વિકાસના સ્તોત્રની માહિતી આપી હતી. કોલેજના અભ્યાસ સાથે સહ અભ્યાસિક ઈત્તર પ્રવૃત્તિઓ લાભકારક છે. કણસાગરા મહિલા કોલેજ છાત્રાઓને તક આપે છે તેનું પરિણામ જોવા મળે છે. છાત્રાઓએ કોઈનાથી પ્રભાવિત થવાની જરૂર નથી. પોતાનો અભ્યાસ સાથે પ્રગતિમાં ધ્યાન આપવું જોઈએ. આજે ગામડે-ગામડે નારી ઉત્થાનના કાર્યક્રમો-પ્રોજેકટ અમલમાં છે તેનો લાભ ભવિષ્યમાં જોવા મળવાનો છે. જાથાના પંડયાએ છાત્રાઓનું સન્માન કરી અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે કોલેજના વાઈસ પ્રિન્સિપાલ જયોતિબેન રાજયગુરૂ, મોટીવેશનલ સ્પીકર હર્ષલ માંકડ, પત્રકાર અરૂણ દવે, ડો. પ્રીતિબેન ભટ્ટ, ભરતભાઈ ગાલોરીયા, કૃણાલ મહેતા, પ્રોફે. સંજ કામદાર, પ્રોફે. આર.સી. પરમાર, પ્રોફે. બાબરીયા ઉદબોધન કરી સન્માનમાં ભાગીદાર બન્યા હતા.

કાર્યક્રમનું સંચાલન જલ્પા કુહાડીયા, અવની ચૌહાણ, ટર્વીકલ બથવાર અને સુરભી દ્વારા આબેહુબ કરવામાં આવ્યું હતું. તેમ યાદીમાં જણાવ્યું હતું.(૧૩)

અમરેલીઃ વિદ્યા સભાના નર્સિંગ કોલેજના વિદ્યાર્થી માટે માનસિક રોગ શિબિર યોજાઈ

તાલીમાર્થી દ્વારા પરીક્ષા સમયે થતા માનસિક તણાવ અને રોગો વિશે વિસ્તૃત માહિતી અપાઈ

અમરેલી, તા.૧૦

માનસિક આરોગ્ય માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ, અમરેલી જિલ્લા એન.સી.ડી. સેલ અને માનસિક આરોગ્ય વિભાગ, જનરલ હોસ્પિટલ તથા શ્રી અભિયાન સેવા ટ્રસ્ટ દ્વારા અમરેલી વિદ્યા સભાના નર્સિંગ કોલેજના વિદ્યાર્થીને માનસિક રોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા માનસિક તણાવ બાબતે ગંભીરતાથી ચાલવા માંગતી હોય અને આ બિમારીમાં સંપડાયેલા લોકો હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર મળે અને લોકો આ બાબતે જાગૃત બને તેવાં અભિગમ સાથે અને હાલ માર્ચમાં પરીક્ષા સમયે માનસિક તણાવ અને માનસિક રોગો વિષે વિસ્તૃત માહિતી આપી. તાલીમાર્થી નરેન્દ્ર મકવાણાએ માનસિક રોગો વિશે માર્ગદર્શન આપેલ અને જેમાં વિદ્યા સભાના નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ તથા સ્ટાફ અને અમરેલી સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન વાળા સાહેબ, એન.સી.ડી સેલના અધિકારી તેમજ કર્મચારીઓએ હાજરી આપી અને અભિયાન સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી વગેરે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.(૧૩)

જસદણઃ ખાંડા હડમતીયા પ્રાથમિક શાળાના બાળકોને કુંભારી કારીગરીનો પરિચય અપાયો

(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ, તા.૧૦

જસદણ તાલુકાની ખાંડા હડમતીયા પ્રાથમિક શાળામાં સરકારના કાર્યક્રમ અન્વયે ઝિ વોકેશનલ કાર્યક્રમ અંતર્ગત ૧૦ બેગલેસ ડે અંતર્ગત સ્થાનિક કારીગરોનો પરિચય આવતો હોય આ જ શાળાના આચાર્ય સુનિલભાઈ પરમાર કુંભારીકામ જાણતા હોવાથી શાળાના તમામ બાળકોને પરંપરાગત ચાકડા ઉપર કુંભારી કામની જુદી જુદી વસ્તુઓ જેમ કે કોડિયા, કુંડા, ગલ્લા નાની માટલી, ચકલીના માળા, વગેરે બનાવી કુંભારની કારીગરીનો તેમજ કુંભારીકામ માટે વપરાતા સાધનોનો વિસ્તૃત પરિચય આપી બેગલેસ ડે સાચા અર્થમાં સાર્થક કર્યો હતો.

આ પ્રવૃત્તિને સફળ બનાવવામાં શાળાના શિક્ષક રમેશભાઈ કુકડીયા તેમજ નોડલ ટીચર યોગિશાબેન કંટારીયા અને ભાવેશભાઈ સાપરાએ આયોજનમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ‘વિશ્વ કિડની દિવસની’ ઉજવણી કરાઈ

ભાવનગર, તા.૧૦

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા સમાજમાં કિડની અને તેના રોગો પ્રત્યે અને અંગદાન જાગૃતિ માટે છેલ્લા ૨૨ વર્ષથી ભાવનગર સહિત ગુજરાતમાં કાર્ય કરી રહ્યુ છે. સમાજમાં કિડનીના રોગો દિવસેને દિવસે ખૂબજ વધી રહ્યા છે અને કિડનીના દર્દીઓમાં હાલ નાની ઉંમર વાળા વ્યકતિઓ આ કિડનીના રોગના ભોગ બની રહ્યા છે તેથી આવા રોગો સમાજમા ન થાય અને કિડનીના રોગોથી બચી શકે તે હેતુથી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ગુજરાતભરમાં કિડની જાગૃતિ તથા કિડનીને લગતા ટેસ્ટ તથા ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની તપાસ વિનામૂલ્યે કરી લોકોમાં કિડની વિશે જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

ઉલ્લેખનિય છે કે, ત્રિલોકભાઈ પરીખના નેતૃત્વ હેઠળ અને જયેશભાઈ પટેલના માર્ગદર્શન દ્વારા સંસ્થા કાર્ય કરી રહી છે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા માર્ચ મહિનાનો બીજો ગુરૂવાર વિશ્વ કિડની દિવસ ઉજવવામાં આવે છે તે અનુસંધાને ભાવનગર ખાતે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ સુમિતભાઈ ઠક્કર વર્ષાબેન લાલાણી, રોહિત ભંડેરી, મિલનભાઈ દવે, ડો.હાર્દિક ક્યાડા, કાર્તિકભાઈ દવે સહિતના ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.(૧૩)

વિંછીયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દિવ્યાંગો માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

વિંછીયા અને આસપાસના વિસ્તારોમાં વસતાં દિવ્યાંગજનોની સુવિધા માટે આરોગ્ય તંત્ર દ્વારા તા.૭ ના દિવસે વિંછીયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દિવ્યાંગોને યુડીઆઈડી કાર્ડ આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કેમ્પમાં ઓર્થોપેડિક ચેકઅપ બાદ ૨૩, આંખ સર્જન દ્વારા ૫, મનોચિકિત્સક દ્વારા ૫ એમ કૂલ ૩૩ સર્ટિફિકેટ ઇશ્યુ કરવામાં આવ્યા હતા. ડોક્ટરો દ્વારા અન્ય ૨૮ લોકોનું પણ ચેકિંગ કરવામાં આવ્યુ હતું. યુનિક ડિસેબિલિટિ કાર્ડ કે સ્વાવલંબન કાર્ડ એ દિવ્યાંગતાના ધોરણે વિવિધ લાભો મેળવવા માટે દિવ્યાંગોની ઓળખ તેમજ વેરિફિકેશન માટે ઉપયોગી દસ્તાવેજ છે. આ કાર્ડને આધારે હવે લાભાર્થીઓ દિવ્યાંગો માટેની સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મેળવી શકશે, તેમ તાલુકા હેલ્થ ઓફિસર ડો. સી.કે.રામની યાદીમાં જણાવ્યું છે.(૧૩)

જેતપુર તથા ઉપલેટામાં શ્રમજીવીઓ માટે ઈ-શ્રમ કાર્ડનો કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

દેશના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા અસંગઠિત શ્રમયોગીઓના કલ્યાણ અર્થે ઈ-શ્રમ કાર્ડ આપવામાં આવે છે. ત્યારે રાજકોટ જિલ્લામાં ઈ-શ્રમ કાર્ડ કાઢવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના સરધારપુર તથા ચાંપરાજપુર ગામ ખાતે તેમજ ઉપલેટા નગરપાલિકા વિસ્તારમાં શ્રમજીવીઓ માટે ઈ-શ્રમ કાર્ડનો કેમ્પ યોજાયો હતો. જેમાં અનેક શ્રમયોગીઓએ ઈ-શ્રમ કાર્ડ માટે નોંધણી કરાવી હતી. આ કેમ્પ માટે વહીવટી તંત્રએ જહેમત ઉઠાવી હતી.(૧૩)

ભાજપ મહિલા મોરચા રાજકોટ શહેરના ખજાનચી માધવીબેન ઉપાધ્યાયનો આજે જન્મદિવસ

રાજકોટઃ ભારતીય જનતા પક્ષ મહિલા મોરચા રાજકોટ શહેરના ખજાનચી તથા ‘ઓલ ઈન્ડીયા બ્રહ્મસમાજ રાજકોટ’ ના અધ્યક્ષ માધવીબેન ઉપાધ્યાયનો આજે જન્મદિવસ છે. તેઓ રૈયા ગ્રામ પંચાયતમાં સરકાર તરફથી શિક્ષણ સમિતિના સભ્ય તરીકે વરસો સુધી રહેલા, ગુ.હા.સ.ચા. મોઢ બ્રાહ્મણ સમાજમાં સલાહકાર સભ્ય રહેલ અને બ્રાહ્મણ સેવા સંગઠન એજયુકેશન એન્ડ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે તેને દરેક સમાજ તરફથી શુભકામનાઓનો ધોધ તેઓના (મો.નં.૯૮૨૪૯ ૨૮૦૨૩) પર વરસી રહ્યો છે. ‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ પરિવાર તરફથી માધવીબેન ઉપાધ્યાયને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ...

રાજકોટ પોલીસ દ્વારા મહિલાઓને સેલ્ફ ડીફેન્સ વિશે માહિતી અપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે રાજકોટ ખાતે બેંક ઓફ ઈન્ડીયામાં કામ કરતી તમામ મહિલાઓને સેલ્ફ ડીફેન્સ વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ સેલ્ફ ડીફેન્સ માટે કરાટેનો ડેમો પણ બતાવવામાં આવ્યો હતો.

વર્તમાન સમયમાં મહિલાઓની પજવણી, જાતીય સતામણી, છેડતીના બનાવો વગેરે સામે રક્ષણ મેળવવા અંગે બહેનોને તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. જે અન્વયે મહિલાઓની તરફેણમાં રાજય અને કેન્દ્ર સકરારે અમલી બનાવેલા કાયદાઓ, કાયદાકીય કલમોની માહિતી, મહિલાઓને લગતી કાયદાકીય સંસ્થાઓ, કાર્યસ્થળવાળી જગ્યાઓ પર જાતીય સતામણી અંગેનો કાયદો, ઘરેલુ હિંસા સામેના કાયદાઓ, રાજકોટ શહેર શી ટીમ તથા પોલીસ હેલ્પલાઈન નંબર તેમજ ટ્રાફિક અવેરનેસ વિશે પોલીસ ઇન્સ્પેક્ટર ભાર્ગવસિંહ જનકાટ દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે બેંક ઓફ ઈન્ડિયાના ઝોનલ મેનેજર અને બેંકની તમામ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.(૧૩)

સ્માર્ટફોન વાપરતા બાળકોના મા-બાપને ચેતવા જેવું

સ્માર્ટફોનમાંથી નીકળતા તરંગોને કારણે બાળકો ડિપ્રેશન, ચિંતા, અનિદ્રા તથા આત્મહત્યાનો ભોગ બની શકે

૧૮ કુટુંબના નિરીક્ષણ કરાતા ૯ કુટુંબમાં જમતા પહેલા મોબાઈલ વાપરવાની ટેવઃ સામાજિક જીવન માટે જોખમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ આજના યુગમાં સ્માર્ટફોન દરેક વ્યક્તિની જરૂરિયાત બની ગયો છે, પરંતુ તેના ઉપયોગ અંગે સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે. સ્માર્ટફોનના સતત ઉપયોગને કારણે કિશોરોમાં આત્મહત્યા વૃત્તિ, ડિપ્રેશન, ચિંતા અને અનિદ્રા જેવી સમસ્યાઓ વધી રહી છે. મોબાઈલના વધુ પડતા ઉપયોગને કારણે મગજ પર ખરાબ અસર પડે છે. મનોવિજ્ઞાનના તજજ્ઞો તેને એક એક વ્યસન માને છે. જ્યારે બાળકો સ્માર્ટફોનના સંપર્કમાં આવે છે ત્યારે તેમનો માનસિક વિકાસ યોગ્ય રીતે થતો નથી. બાળકનું મન નબળું પડી જાય છે. મોબાઈલ કે સ્માર્ટફોનમાંથી નીકળતા તરંગો મગજ પર ઊંડી અસર કરે છે એટલું જ નહીં સાંભળવાની ક્ષમતાને પણ નબળી પાડે છે. છેલ્લા ઘણા સમયથી વિદ્યાર્થીઓમાં મોબાઈલની ના પાડતા આત્મહત્યા કરવાનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. આજકાલ દેશમાં બાળકોથી લઈને વડીલો સુધી સ્માર્ટફોનનો ઉપયોગ વધી રહ્યો છે. કોમ્પ્યુટર અને સ્માર્ટ ફોનના વધુ પડતા ઉપયોગને કારણે કિશોરોમાં આત્મહત્યાની શક્યતાઓ વધી રહી છે. આધુનિક ચીજવસ્તુઓના વધુ પડતા ઉપયોગને કારણે લોકો તેના વ્યસની બની રહ્યા હોવાનું જોવા મળે છે. આજના યુવાનો સ્માર્ટફોન વગર ન તો ચાલી શકે છે કે ન તો કોઈ કામ કરી શકે છે. સ્માર્ટ ફોનનો મર્યાદિત ઉપયોગ કરવામાં આવે તો તે નુકસાનકારક નથી, પરંતુ મર્યાદા કરતાં વધુ સમય સ્માર્ટ ફોન પર વિતાવવો ઘાતક છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના અધ્યાપક ડો. ધારા આર. દોશી અને અધ્યક્ષ ડો. યોગેશ જોગસણ દ્વારા એક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ અહેવાલ વિદ્યાર્થીઓએ ટ્રાફિક સિગ્નલ, બસ મુસાફરી, રેલ્વેસ્ટેશન, વગેરેથી એકત્રિત કરેલ (૧૦૮૦) માહિતી દ્વારા અને કાઉન્સેલિંગમાં આવેલ ૪૫૦ વાલીઓ અને વિદ્યાર્થીઓના આધારે કરવામાં આવ્યો.

બાળકો મોબાઈલ તરફ કેમ આટલા આકર્ષાય છે?

બાળકો અલગ-અલગ ચિત્રો અને રંગો જોઈને આકર્ષાય છે. આ જ કારણ છે કે બાળકોનો મોબાઈલ તરફ ઝોક વધી રહ્યો છે. મોબાઈલમાંથી નીકળતો પ્રકાશ અને તેના પર દેખાતા ચિત્રો બાળકોને પોતાની તરફ આકર્ષિત કરે છે. આ સાથે મોબાઈલનો અવાજ પણ બાળકોમાં તેના વિશે જાણવા અને તેને સ્પર્શવાની જિજ્ઞાસા પેદા કરે છે.

મોબાઈલનો ઉપયોગ કરવાની ટેવ

બધા જ્યારે સાથે બેઠા હોઈએ ત્યારે એક વ્યક્તિ કલાકમાં સરેરાશ ૧૮ વખત પોતાનો ફોન ચેક કરે છે. ટ્રાફિક સિગ્નલ પાસે ઉભા હોઈએ ત્યારે લગભગ ૨૩%લોકો પોતાનો ફોન જોતા હોય છે. સ્કૂટર પર જતાં લોકોમાં પાછળ બેઠેલા લોકોમાંથી ૪૩% લોકો મોબાઈલમાં વ્યસ્ત હોય છે. બસમાં બેઠેલ લોકોમાંથી લગભગ ૫૬% લોકો મોબાઈલમાં વ્યસ્ત હોય છે.૧૮ કુટુંબમાંથી ૯ કુટુંબમાં જમતા જમતા મોબાઈલ વાપરવાની ટેવ છે.

મોબાઈલ જોવાથી આંખોને નુકસાન

આશરે ૨૩.૨૩% બાળકોને આંખોની સમસ્યાઓ જોવા મળી. જેમાં બાળકો દિવસમાં ૩ કલાકથી વધુ મોબાઈલનો ઉપયોગ કરી રહ્યા હતા.મોબાઈલ અને તેના જેવા ગેજેટ્સની આડઅસર બાળકોની આંખો પર સૌથી પહેલા દેખાય છે કારણ કે તેઓ કલાકો સુધી સ્ક્રીન પર જોતા રહે છે. તેને કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ પણ કહી શકાય. બાળકોનો શારીરિક વિકાસ ધીમો પડી જાય છે આજે જે પ્રકારની ટેક્નોલોજી છે તે બાળકોની હલનચલન ઓછી કરે છે, જેથી શારીરિક વિકાસમાં પાછળ રહી શકે છે.૩૪.૨૩% બાળકોમાં મેદસ્વીતાનું પ્રમાણ જોવા મળ્યું. સતત મોબાઈલ નો ઉપયોગ બાળકનું જીવન બેઠાડુ કરી દે છે જેથી તેની સ્થૂળતામાં વધારો થાય છે.

ઊંઘનો અભાવ

ટેક્નોલોજીને કારણે નવથી દસ વર્ષના બાળકોની ઊંઘ પર અસર થઈ રહી છે જેના કારણે તેમના અભ્યાસ પર અસર પડી રહી છે. ૩૪% વાલીઓ અને વિદ્યાર્થીઓ એ સ્વીકાર્યું કે મોબાઈલ નો ઉપયોગ તેમની ઊંઘ માં વિક્ષેપ ઉભો કરે છે.

આક્રમકતા

૫૬.૩૪% વાલીઓના મતે બાળકો પાસેથી મોબાઈલ લઈએ એટલે સખત આક્રમકતા દેખાડે છે. ઘણી વખત મોબાઈલ ગેમ્સમાં હિંસા બતાવવામાં આવે છે, જેના કારણે બાળકોમાં આક્રમકતા વધી રહી છે.આજકાલ નાના બાળકો શારીરિક અને જાતીય હિંસાના સંપર્કમાં આવે છે જે હત્યા, બળાત્કાર અને ત્રાસના દ્રશ્યોથી ભરેલા હોય છે.

ડિજિટલ સ્મૃતિ ભ્રંશ

હાઇ-સ્પીડ મીડિયા કન્ટેન્ટ દ્વારા બાળકોની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ખરાબ રીતે પ્રભાવિત થાય છે, જેના કારણે તેઓ એક વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી અને હકીકતો યાદ રાખી શકતા નથી. ૩૬% વિદ્યાર્થીઓની ફરિયાદ હતી કે વાંચીએ પણ ભૂલી જઈએ અને મોબાઈલ ન જોઈએ ત્યાં સુધી બેચેની રહે છે.

વ્યસની

લગભગ ૧૮ ટકા બાળકો જે ટેક્નોલોજીનો ખૂબ ઉપયોગ કરે છે તે એટલા વ્યસની થઈ ગયા છે કે તેઓ તેમનું ખાવા-પીવાનું પણ ભૂલી જાય છે અને સવારે જાગવાથી લઈને રાત્રે સૂવા સુધી તેમના ગેજેટને વળગી રહે છે.

માનસિક વિકાસનો અભાવ

મોબાઈલ ફોનની એક આડ અસર એ છે કે તે બાળકના માનસિક વિકાસમાં અવરોધ ઉભો કરી શકે છે. તેનું કારણ એ છે કે મોબાઈલની લતને કારણે બાળક અન્ય કોઈ કામમાં ધ્યાન આપતું નથી. તે જ સમયે, તે લોકો સાથે સામાજિક અને વ્યવહારિક રીતે જોડવામાં અસમર્થ બને છે. પરિણામે બાળકમાં જે વિકાસ ખરેખર ઉંમર પ્રમાણે થવો જોઈએ.

વર્તનમાં બદલાવ

બાળક દ્વારા મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરવાથી પણ તેના વર્તનમાં પરિવર્તન આવી શકે છે. મોબાઈલની લત બાળકને અન્ય કોઈ કામમાં ધ્યાન કેન્દ્રિત કરવા દેતી નથી.બાળક પાસેથી મોબાઈલ લઈ લેવામાં આવે તો વ્યક્તિ પ્રત્યે નકારાત્મક લાગણીઓ પેદા કરી શકે છે, તે મોબાઈલ મેળવવા માટે ચીડિયો થઈ શકે છે અથવા નારાજગી વ્યક્ત કરી શકે છે. ૬૩% બાળકોના વર્તનમાં પરિવર્તનની નોંધ વાલીઓ દ્વારા લેવામાં આવી.

માથાનો દુખાવો

ઘણા કિસ્સામાં એવું જોવામાં આવ્યું છે કે જે બાળકો લાંબા સમય સુધી મોબાઈલનો ઉપયોગ કરે છે તેમને માથાનો દુખાવો થાય છે. ૨૪% બાળકોમાં આ સમસ્યા જોવા મળી.

ડિપ્રેશન અને શોર્ટ ટેમ્પર

મોબાઈલના વધુ પડતા ઉપયોગને કારણે ઝડપી સ્વભાવની સમસ્યા પણ વિકસી શકે છે.

આ બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે

ફોનનો ઉપયોગ કરવાથી આંખો પર અસર થઈ શકે છે. દ્રષ્ટિ નબળી પડી શકે છે, કોનિક ડ્રાય આઇ સિન્ડ્રોમ ની સમસ્યા થઈ શકે છે. ફોનના વધુ પડતા ઉપયોગને કારણે બાળકો આઉટડોર ગેમ્સ રમતા નથી, જેના કારણે તેમનો શારીરિક વિકાસ થતો નથી અને સ્થૂળતાની સમસ્યા વધે છે. રાત્રે સુતા પહેલા અને સવારે ઉઠ્યા પછી સ્માર્ટફોન ચેક કરવો એ એક રોગ છે, તેને સ્માર્ટફોન બ્લાઈન્ડનેસ કહેવાય છે.હૃદયની નજીક ન રાખો કે લાંબા સમય સુધી ખિસ્સામાં ન રાખો. સ્માર્ટફોનને તકિયા નીચે બિલકુલ ન રાખવો જોઈએ અનિદ્રા થઈ શકે છે ફોનને લાંબા સમય સુધી પકડી રાખવાથી કાંડામાં દુખાવો થઈ શકે છે ગરદનને વધુ નમાવીને મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાથી ગરદનમાં કરોડરજ્જુને લગતી સમસ્યા થઈ શકે છે.મોબાઈલ એ આત્મહત્યાનું પણ કારણ બની રહ્યું છે. ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે જેમાં મોબાઈલની ના પાડતા બાળકોએ આત્મહત્યા કરી હોય.

રાજકોટ ડિવિઝનના આરપીએફ સ્ટાફની સૂઝબૂઝના લીધે ઘરેથી જાણ કર્યા વિના ભાગી છૂટેલા ઓરિસ્સાના વ્યક્તિને પરિવારના સભ્યોને સોંપ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

પૈસા કમાવવાની લ્હાયમાં ઓડિશાનો યુવક ઘરેથી ભાગી રાજકોટ રેલવે સ્ટેશન પર આવ્યો હતો. જેને રાજકોટ ડિવિઝનના રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) સ્ટાફે અવળે માર્ગે જતા અટકાવ્યો હતો અને તેના પરિવાર સાથે તેનું પુનઃમિલન કરાવ્યું હતું.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ગત તા.૭ માર્ચના રોજ, RPF કંટ્રોલને માહિતી મળી કે એક વ્યક્તિ ટ્રેન નંબર ૧૨૯૫૦ સંત્રાગાચી-પોરબંદર એક્સપ્રેસમાં જાણ કર્યા વિના ઘરેથી ભાગી ગયો છે. જેથી RPF રાજકોટના આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર બિજેન્દ્ર કુમારે જ્યારે ટ્રેન રાજકોટ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૦૧ પર આવી ત્યારે તપાસ કરી, અને રેલ મદદમાં આપેલ ફોટોગ્રાફ મળી જતાં જ વ્યક્તિ S-3 પરથી નીચે ઉતરતો જોવા મળ્યો ત્યારે તેને અટકાવ્યો હતો.

યુવકની વધુ તપાસ માટે રાજકોટ RPF ચોકી પર લઈ ગયા. જ્યાં વ્યક્તિએ તેનું નામ મનોજ કુમાર ઉમર ૩૬ વર્ષ, રહેવાસી - હંડપ્પા, બસીના હંડપ્પા અંગુલ ઓડિશા હોવાનું જણાવ્યું અને કહ્યું કે વ્યવસાયમાં વધુ નુકસાનને કારણે તણાવને કારણે, તે તેના પરિવારના સભ્યો માટે પૈસા કમાવવામાં માટે કોઈને જાણ કર્યા વગર ઘર છોડીને ચાલ્યા ગયા. ત્યારપછી બિજેન્દ્ર કુમારે રેલમદદમાં આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક કરીને ફરિયાદ નોંધાવનાર હિમાંશુ સાથે વાત કરી અને તેમને જાણ કરી કે તમારો મિત્ર મળી ગયો છે. બિજેન્દ્રકુમારે હિમાંશુ પાસેથી મનોજકુમારની પત્નીનો નંબર લીધો અને તેમનો સંપર્ક કર્યો અને કહ્યું કે તમારા પતિ મળી ગયા છે અને RPF રાજકોટમાં છે.

મનોજ કુમારની પત્નીએ કહ્યું કે તેના સંબંધીઓ રાજકોટમાં રહે છે અને તમે તેમને સોંપી દો. જે બાદ તેના સંબંધી રાજકોટ ચોકી પર પહોંચ્યો ત્યારે જરૂરી કાગળની કાર્યવાહી કરવામાં આવી હતી અને મનોજકુમારની પત્નીના સંબંધી સાથે વાત કર્યા બાદ મનોજકુમારને સલામત રીતે સોંપવામાં આવ્યો હતો. મનોજ કુમારની પત્ની અને મિત્રએ RPF રાજકોટનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.(૯)

વેકરીયા પરિવાર દ્વારા સ્નેહમિલન અને દિવ્ય ધ્વજા રોહણ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) જેતપુર, તા.૧૦

સંપ સેવા અને સમર્પણનાં ભાવની ગરિમા ધરાવતા પરિવાર સમાં વેકરીયા પરિવાર જેતપુર તાલુકા દ્વારા સુંદર મજાના સ્નેહમિલન કાર્યક્રમ તથા દિવ્ય ધ્વજા રોહણનું આયોજન ગત તા.૫ને રવિવારનાં રોજ શ્રી ખોડલધામ મંદિર કાગવડ ખાતે કરવામાં આવ્યું. કાર્યક્રમમાં જુનાગઢ, ગોંડલ, રાજકોટ, અમદાવાદ, સુરત, અમરેલી તથા આજુબાજુના ગામોનાં દરેક વિસ્તારમાંથી વેકરીયા પરિવારના લોકો એકત્રિત થયા, ત્યારે આ સ્નેહમિલનમાં વેકરીયા પરિવારના વિશિષ્ટ વ્યક્તિઓનું પણ સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ઉપસ્થિત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયાનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુક, જેતપુર જામકંડોરણાનાં ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, સૌરાષ્ટ્ર નાગરીક સંઘ સરાફી મંડળીનાં ચેરમેન અનિલભાઈ વેકરીયા, સામાજિક અગ્રણી તથા જર્નલિસ્ટ ભાવેશભાઈ વેકરીયા, જુનાગઢ જીલ્લા ભાજપ પ્રભારી ઋષિભાઈ વેકરીયા તથા પરિવારના તમામ વ્યક્તિ ઉપસ્થિત રહ્યા. આ સુંદર મજાના કાર્યક્રમમાં એન્કર તરીકે હાર્દિકભાઈ સોરઠીયાએ સેવા આપી અને જય વેકરીયા તથા સંચાલન સમિતિની ટીમએ ખૂબ જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

એચસીજી હોસ્પિટલમાં પુરૂષો દ્વારા

સ્ટિલિટોસમાં વોકના સામાજિક પ્રયોગ સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) ભાવનગર, તા.૧૦

એચસીજી હોસ્પિટલ, ભાવનગરે કલર્સ ઓફ એમ્પાવરમેન્ટ નામના એક વિશિષ્ટ કેમ્પેઇન સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી હતી. આ કેમ્પેઇનના ભાગરૂપે સેન્ટરે હોસ્પિટલમાં અનોખો સામાજિક પ્રયોગ શરૂ કર્યો હતો, જ્યાં પુરૂષોને સ્ટિલિટોસમાં ચાલીને મહિલાઓના શુઝ પહેરવા કેટલાં મુશ્કેલ હોય છે તેનો અનુભવ વ્યક્ત કરવા પડકાર અપાયો હતો. તેનો હેતુ મહિલાઓના રોજિંદા સંઘર્ષના પ્રતિકરૂપે એક પાવરફુલ વિઝ્યુઅલ મેસેજ આપવાનો હતો. તેમાં મહિલાઓની સિદ્ધિઓની પણ ઉજવણી કરાઇ હતી, જેમાં સહભાગીઓએ સ્ત્રી-પુરૂષ સમાનતા અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા ભેગા મળીને રેમ્પ વોક પણ કર્યું હતું.

'કલર્સ ઓફ એમ્પાવરમેન્ટ' કેમ્પેઇન પુરૂષ અને મહિલાઓ વચ્ચે સમાનતા અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાની એચસીજીની કટીબદ્ધતાને દર્શાવે છે. તે આ મહત્વપૂર્ણ કાર્યમાં બીજા લોકોને જોડાવા તથા તમામ મહિલાઓ માટે ઉજ્જ્વળ ભવિષ્યની રચના કરવામાં મદદરૂપ બનવા પ્રેરિત કરે છે. આ કાર્યક્રમમાં એચસીજી હોસ્પિટલ, ભાવનગરના કર્મચારીઓ અને દર્દીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમ જણાવ્યું છે.(૧૩)

અને કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

વી.વી.પી.ના કેમિકલ અને બાયોટેક્નોલોજી એન્જીનિયરીંગ વિભાગના વિદ્યાર્થીઓને GTU દ્વારા ગોલ્ડ મેડલ એનાયત

આજ સુધીમાં કુલ ૧૪ ગોલ્ડ મેડલ્સ વીવીપી કેમિકલ વિભાગના વિદ્યાર્થીઓએ મેળવેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

વીવીપી કોલેજના કેમિકલ તેમજ બાયોટેક્નોલોજી વિભાગના વિદ્યાર્થીઓને જી.ટી.યુ. પરિણામોમાં ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો. વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજના કેમિકલ વિભાગના વિદ્યાર્થી જય જોબનપુત્રા તેમજ બાયોટેક્નોલોજી વિભાગના વિદ્યાર્થી મયંક સરધારાને તાજેતરમાં જીટીયુ દ્વારા પ્રસિધ્ધ થયેલા પરિણામોમાં ગોલ્ડ મેડલ મળ્યા છે. આ સાથે જ વિદ્યાર્થીઓ એક અનેરો ઉત્સાહ વ્યાપી ગયો હતો. ગોલ્ડ મેડાલીસ્ટ વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય વી.વી.પી. દ્વારા આપવામાં આવતા શિક્ષણ અને સાથે સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ આપતા જણાવ્યુ હતું કે એન્જીનિયરીંગમાં અભ્યાસ તો માત્ર વી.વી.પી.માં જ કરાય. અત્રે એ ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૦ પાસ આઉટ પ્રથમ બેચ થી શરૂ કરીને આજ સુધીમાં કુલ ૧૪ ગોલ્ડ મેડલ્સ વીવીપી કેમિકલ વિભાગના વિદ્યાર્થીઓએ મેળવેલ છે જે પણ એક સિદ્ધિ ગણી શકાય.

આ તકે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતા ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર તથા ડો. નરેન્દ્રભાઈ દવે, આચાર્ય ડો. તેજસભાઈ પાટલીયા, તમામ વિભાગના વડાઓ તથા સમગ્ર કર્મચારી ગણ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં. તથા વી.વી.પી. એન્જિનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવાની પરંપરા જાળવી રાખે તેવી શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

આહિર સમાજ પ્રેરિત રાજકોટથી દ્વારકા સુધીની પદયાત્રાને આજે પ્રસ્થાન કરાવશે મેયર ડો. પ્રદીપ ડવ

૧૬મીએ ધ્વજાજીની પૂજનવિધિ બાદ ૧૭ મીએ ધ્વજાજી શોભાયાત્રા, ધ્વજા આરોહણ અને મહાપ્રસાદના આયોજનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

રાજકોટના આહિર સમાજના અગ્રણી આગેવાનો દ્વારા રાજકોટથી દ્વારકા સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટના વિનાયક નગર, શેરી નંબર ૮, નીલકંઠ મહાદેવ મંદિર, નંદબાબા ચોકથી આજે નિકળનારી આ પદયાત્રાને બપોરે ૨ વાગ્યે રાજકોટના મેયર ડો. પ્રદીપભાઈ ડવ પ્રસ્થાન કરાવશે. આ પદયાત્રામાં માત્ર આહિર સમાજ જ નહીં બલ્કે તમામ સમાજના સેંકડો ભાવિકો જોડાશે. તેમજ આયોજકોને હજારો શુભેચ્છકો દ્વારા બિરદાવાઈ રહ્યા છે.

૧૬ મી માર્ચે દેવભૂમિ દ્વારકા ખાતે પદયાત્રા પહોંચ્યા બાદ તે જ દિવસે સાંજે ૭ વાગ્યે ધ્વજાજીની પૂજનવિધિ થશે. ૧૭મી માર્ચે સવારે ૭:૩૦ કલાકે ધ્વજાજીની વાજતે ગાજતે શોભાયાત્રા નીકળશે. ૯ વાગ્યે ધામધૂમથી ધ્વજાજી આરોહણ કરાશે. જ્યારે ૧૧:૩૦ કલાકે શ્રી વિનાયક નગર આહિર સમાજ પદયાત્રા સંઘ તેમજ આહીર સમાજના અગ્રણી ભરતભાઇ ભીમજીભાઈ ડાંગર અને લાલાભાઈ ભીમજીભાઈ ડાંગરના સહયોગ વચ્ચે મચ્છોયા આહિર સમાજ-દ્વારકા ખાતે સામૂહિક પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૧૦ થી ૧૭ માર્ચ દરમિયાન મેરામભાઈ લોખીલ(૭૯૯૦૧ ૪૩૧૨૭), જલાભાઈ મિયાત્રા, રમેશભાઈ ખાંભરા, ભરતભાઇ રાઠોડ, પ્રભાતભાઈ છૈયાં, પ્રકાશભાઈ ગરૈયા દ્વારા પદયાત્રિકોને ચા, પાણી, નાસ્તો, ભોજન, દવા, સારવાર માટે તેમજ રહેવા માટેની સગવડ સહિત તમામ પ્રકારની જહેમત ઉઠાવાઈ રહી છે. તેમ જણાવ્યું છે.

ઓફીસ ભાડે આપવાની છે
ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફનિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦
સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

રાજકોટ આવી પહોંચ્યા ધો.૧૦ના પ્રશ્નપત્રો, સુરક્ષા અંગે અનેક સવાલો

બસોમાં ભરીભરીને પ્રશ્નપત્રો તાલુકા સેન્ટરમાં રવાના કરાઈ છેઃ બે દિવસ સુધી એટલે કે તા.૧૦, ૧૧ સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાના ઝોનલ ઓફિસરને પ્રશ્નપત્રો મોકલાતા હોવાથી હજુ વધુ લોખંડી સુરક્ષા કરવી જરૂરી

તસવીરઃ દિલીપ ગોહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

સૌરાષ્ટ્રમાં બોર્ડની પરીક્ષાઓ માટેની છેલ્લા તબક્કાની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઇ ગયો છે. ૧૪મી માર્ચથી ધો.૧૦ અને ૧૨ ની વાર્ષિક બોર્ડ પરીક્ષાઓ શરૂ થઇ ગઈ છે અને ધો.૧૦ના પ્રશ્નપત્રો ગઈકાલે જ રાજકોટ આવી જતા તમામ પ્રશ્નપત્રોનો જથ્થો ચૌધરી હાઈસ્કૂલના સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવામાં આવ્યો છે. જાણકારો કહી રહ્યા છે કે, ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાં સિવિલ હોસ્પિટલનું પાર્કિંગ હજુ યથાવત રહ્યું હોવાથી સ્ટ્રોંગ રૂમની આસપાસ દૈનિક હજારો લોકોની અવર-જવર થઇ રહી છે. એટલે પ્રશ્નપત્રોની સુરક્ષા અંગે લોકોના મનમાં ભીતિ ઉભી થઇ છે.

પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૪ થી વધુ લોકો એકઠાં થવા પર શહેર પોલીસ કમિશનરે પ્રતિબંધ મુક્યો છે પણ ચૌધરી હાઈસ્કૂલની દશા જોતા સીપીના જાહેરનામાંનો ઉલાળિયો થતો હોય એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જ્યાં પ્રશ્નપત્રો રાખવામાં આવ્યા હોય તેની બાજુના મેદાનમાં જ વાહનોના ખડકલા છે ત્યારે પ્રશ્નપત્રોની સુરક્ષા અંગે અનેક સવાલો ઉભા થાય એ સ્વાભાવિક છે.

ચૌધરી હાઈસ્કૂલના ૬ સ્ટ્રોંગ રૂમમાં ધો.૧૦ ના રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, અમરેલી, ગીર સોમનાથ, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર માટેના મળીને કુલ ૨૨૨૮૧૭ પ્રશ્નપત્રો સુરક્ષિત રાખી દેવામાં આવ્યા છે અને તમામ ૬ રૂમ સીલ કરી દેવામાં આવ્યા છે. અહીં ૨૪ કલાક પોલીસનો પહેરો મુકવામાં આવ્યો છે. આજે અને આવતીકાલે એટલે તા.૧૦ અને ૧૧ માર્ચે આ તમામ જિલ્લામાંથી આવતા ઝોનલ ઓફિસરને એમના જિલ્લા માટેના પ્રશ્નપત્રોનો જથ્થો આપી દેવામાં આવશે. એટલે હજુ અહીં સુરક્ષા બંદોબસ્ત વધુ સઝ્ઝડ અને સખ્ત બનાવવામાં આવે એ જરૂરી બન્યું છે.

રાજકોટ માટેના ધો.૧૨ ના સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના પ્રશ્નપત્રો લેવા માટે તમામ ઝોનલ ઓફિસર આજે ગાંધીનગર રવાના થઇ ગયા છે. પ્રશ્નપત્રની જાળવણીની સાથે સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજકોટ જિલ્લામાં સંવેદનશીલ અને

(અનુ.પાના નં.૪ ઉપર)

ચોધરી હાઈસ્કૂલના સ્ટ્રોંગ રૂમમાં ધો.૧૦ના પ્રશ્નપત્રો સીલ કરાયા પણ સ્કૂલના મેદાનમાં બેફામ પાર્કિંગ યથાવતઃ દરરોજ હજારો લોકોની અવર-જવરને કારણે કમિશનરના હુકમનો પણ ઉલાળિયો

રાજકોટના પડતર વિકાસ કામો, ગ્રાન્ટ, નવા પ્રોજેક્ટ અંગે મનપા વિપક્ષી નેતાની પ્રશ્નોની સટ્ટાસટી

રાજકોટ શહેરમાં પીવાનું પાણી માથાદીઠ કેટલા લીટર અપાઈ છે? નવા ભળેલા અને જુના વિસ્તારોમાં પાઈપલાઈન ક્યાં નાખવાની બાકી છે, સ્માર્ટ સિટીમાં કેન્દ્ર, રાજ્ય અને મહાપાલિકાની જે ગ્રાન્ટ હોય તે કેટલી રકમ આવી અને કેટલો ખર્ચ થયો?

મનપા વિપક્ષી નેતા ભાનુબેન સોરાણી દ્વારા આગામી જનરલ બોર્ડમાં મુકાયા ઢગલાબંધ પ્રશ્નો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ કેટલા મંજૂર થયા છે, કેટલા પડતા મુકાયા છે, કેટલું ફંડ કે ગ્રાન્ટ આવી અને વપરાઈ, શહેરમાં મિલ્કત વેરાના બાકીદારો કેટલા, રીકવરી કેટલી, માથાદીઠ કેટલા લીટર પીવાનું પાણી અપાઈ છે સહિતના ડઝનબંધ સવાલો રાજકોટ મહાનગરપાલિકાના વિપક્ષના નેતા ભાનુબેન સોરાણીએ પૂછ્યા છે. મનપાના જનરલ બોર્ડની આગામી બેઠકમાં એમણે અનેક પ્રશ્નો મુક્યા છે અને મનપા તંત્ર પાસે તેના જવાબ માંગ્યા છે. ભાનુબેને સ્માર્ટ સિટી પ્રોજેક્ટની સ્થિતિ, મિલ્કત વેરાના ટાર્ગેટ અને તેની વસુલાતની સ્થિતિ, માથાદીઠ શહેરીજનોને અપાતા પાણીનો આંકડો, પાણીની પાઈપલાઈનની સ્થિતિ, વગેરે મુદ્દાઓ પર જનરલ બોર્ડમાં સવાલો મુક્યા છે જેના જવાબ આગામી બેઠકમાં આપવાના રહેશે.

(૧) સ્માર્ટ સિટી પ્રોજેક્ટ શરૂ થયાથી અત્યાર સુધીમાં જે પણ પ્રોજેક્ટ મુકાયા હોય તેમાંથી મંજૂર કેટલા થયા અને કેટલા પ્રોજેક્ટ પડતા મૂકાયા તેની વિસ્તૃત વિગતો આપવી. (૨) સ્માર્ટ સિટીમાં કેન્દ્ર, રાજ્ય અને રાજકોટ મહાનગરપાલિકાની જે પણ ફંડ, ગ્રાન્ટ આવી હોય તેના વર્ષ મુજબ ગ્રાન્ટની રકમ કેટલી આવી અને તેનો ખર્ચ ક્યાં કરવામાં આવ્યો તે વિગતો આપવી. (૩) સ્માર્ટ સિટીમાં કેટલા પ્રોજેક્ટ પૂરા થયા છે? તેની પાછળ કેટલો ખર્ચ થયો? હાલ કેટલા પ્રોજેક્ટ ચાલી રહ્યા છે? તે ક્યા સ્તરે છે? કેટલો ખર્ચ તેમા થઈ ગયો છે? અને હજુ કેટલો ખર્ચ થશે? (૪) સ્માર્ટ સીટી પ્રોજેકટ કેટલો મોડો ચાલે છે? કામ કેટલે પહોંચ્યું? ઢીલ બદલ કંપનીઓને કેટલી પેનલ્ટી કરાઈ? જેની વિગતો આપવી. (૫) સ્માર્ટ સીટીમાં ક્યા કર્મચારી-અધિકારી ફરજ બજાવે છે? અને તેમને કેટલો પગાર ચુકવવામાં આવે છે? અને ક્યારથી ચૂકવવામાં આવે છે.? (૬) સ્માર્ટ સિટી હેઠળ ક્યા પ્રોજેક્ટ ક્યા કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યા તે એજન્સીને કેટલી રકમ ચુકવાઈ? અને ક્યારે ચુકવાઈ તે તારીખ અને રકમની વિગતો તેમજ બિલ અને પહોંચ સાથે વિગત આપવી. (૭) સ્માર્ટ સિટીના દર વર્ષના વાર્ષિક હિસાબો અને ઓડિટ રીપોર્ટની નકલ આપવી. (૮) સ્માર્ટ સિટીના દરેક પ્રોજેક્ટની વિગતો આપવી, કોન્ટ્રાક્ટરને મોડા કામ કે અન્ય કોઇ કારણોસર પેનલ્ટી કરવામાં આવેલ છે? જો થઈ હોય તો તે વિગતો મોકલવી. (૯) સ્માર્ટ સિટીમાં ચાલતા કામોમાં ગુણવત્તા જળવાય તે માટે શું પગલા લેવાય છે? અને અત્યાર સુધીમાં કરાયેલા તમામ ટેસ્ટિંગ અને તેના પરીણામોમાં શું જોવા મળ્યુ? પાસ થયેલા સેમ્પલ તેમજ ફેઈલ થયેલા સેમ્પલની વિગતો આપવી. (૧૦) હાલ સ્માર્ટસિટી હેઠળ કેટલુ ફંડ છે?

(૧) રાજકોટ શહેરમાં પીવાનું પાણી લોકોને માથાદીઠ કેટલા લીટર લેખે પૂરું પાડવામાં આવે છે? (૨) શહેરમાં કેટલા નવા ભળેલા અને જુના વિસ્તારોમાં હજુય પાણીની લાઈન નાખવાની બાકી છે? (૩) નલ સે જલ યોજના અંતર્ગત કયા કયા વિસ્તારોમાં નળ કનેક્શન આપવામાં આવેલ છે? જે કનેક્શન આપ્યાની વિગતો આપવી. (૪) રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હજુય આજની તારીખે કયા કયા વિસ્તારોમાં ટેન્કર અને ટ્રેક્ટર થી પાણી વિતરણ કરવામાં આવે છે? સવિસ્તૃત વિગતો આપવી. (૫) શહેરમાં કયા કયા પ્રકારના અને કેટલા નળ કનેક્શન આપવામાં આવેલ છે? તેમજ કેટલી ડીપોઝીટ જમા છે? નાણાકીય વર્ષ વાઈઝ અને વોર્ડ વાઈઝ વિગતો આપવી. (૬) શહેરમાં કેટલા એમ.એલ.ડી. પાણીની જરૂરીયાત-ખપત છે? અને કેટલા એમ.એલ.ડી. પાણીની આવક છે? તેની છેલ્લા પાંચ વર્ષની વિગતો આપવી.

રાજકોટ સહિત ૧૬ શહેરોમાં ૩૫ થી ૩૭ ડિગ્રી તાપમાન નોંધાયું

ભુજ ૩૭.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

બે દિવસની હિટવેવની આગાહી વચ્ચે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગઈકાલે પણ ૧૬ સ્થળોએ ૩૫ થી ૩૭ ડીગ્રી સુધી ઉંચુ તાપમાન નોંધાતા લોકોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. ગઈકાલે સૌથી હોટસિઝન ભુજ રહ્યું હતું. અત્રે ગઈ કાલે ૩૭.૮ ડીગ્રી મહતમ તાપમાન નોંધાયું હતું. જયારે કંડલામાં ૩૬.૪ તથા નલિયામાં ૩૭.૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

આ ઉપરાંત અમદાવાદ ખાતે ૩૫.૫ અમરેલીમાં ૩૫.૯ વડોદરામાં ૩૫.૮ તેમજ રાજકોટ ખાતે ૩૭.૧ જામનગરમાં ૩૫ અને જુનાગઢ ખાતે ૩૭.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત પાટણ ખાતે ૩૬.૫, પોરબંદરમાં ૩૭.૪, વલસાડમાં ૩૭.૧ અને સુરતમાં ૩૬.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું. ઉલ્લેખનીય છે કે, હજુ બે દિવસ આકરી ગરમીની આગાહી કરાઈ છે. અને તા. ૧૩મી એ ફરી માવઠાની આગાહી કરાઈ છે.

રાજકોટ જીએસટીને રૂ.૧૭૦૨ કરોડની આવક

બાકીદારોને ટેક્સ ચૂકવવા નોટીસ ફટકારાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

રાજકોટ જીએસટી વિભાગને રૂ.૧૬૬૦ કરોડના ટાર્ગેટ સામે રૂ. ૧૭૦૦ કરોડની આવક થઇ ગઈ છે. હાલમાં ૬૫ હજારથી વધુ વેપારીઓ રજિસ્ટર્ડ છે. જોકે જે વેપારીઓએ હજુ ટેક્સ નથી ચૂક્યો તેની પાસેથી ટેક્સ વસૂલાતની કાર્યવાહી ચાલુ છે. માર્ચ માસ પૂરો થવાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે જે કરદાતા નિયત સમયમાં ટેક્સ નહિ ભરપાઈ કરે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

જોકે ટેક્સ વસૂલ કરતા અધિકારીઓ હજુ વેટના એસેસમેન્ટની કામગીરી પૂરી નથી કરી શક્યા તેની સામે કરદાતામાં રોષ જોવા મળી રહ્યો છે. ટેક્સ કન્સલ્ટન્ટોના જણાવ્યાનુસાર ૬ વર્ષ પહેલાના હજુ એસેસમેન્ટના કેસ બાકી છે. જેમાં સી - એચ ફોર્મ મળતા નથી તેવા કિસ્સામાં વેપારીઓને મુશ્કેલી પડી રહી છે. અંદાજિત ૬ હજારથી વધુ કેસ બાકી છે. જીએસટી સિવાય રૂ. ૧૧૭ કરોડની વેટની આવક થઇ છે.

આ ઉપરાંત એપ્રિલ ૨૦૨૨ થી ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં રૂ. ૩૧ કરોડનું વેટનું રિફંડ ચૂકવાયું છે. જ્યારે રૂ. ૨૪૨ કરોડનું રિફંડ જીએસટીમાં ચૂકવાયું છે. આ સિવાય ઈન્કમટેક્સમાં પણ બાકી ટેક્સની વસૂલાતની કામગીરી ચાલી રહી છે. જીએસટી અને ઇન્કમટેક્સમાં મે માસમાં નવા ટાર્ગેટ જાહેર કરવામાં આવે તેવી સંભાવના છે જે ચાલુ વર્ષ કરતા ૨૫ ટકા વધારે હશે. પરંતુ આ વર્ષે તો જીએસટીએ ટાર્ગેટ કરતાં વધુ વસુલાત કરી છે.

ચોથા દિવસે પણ પીજીવીએલના દરોડા

રાજકોટમાં પ્રહ્લાદ પ્લોટ, ઉદ્યોગનગર, લક્ષ્મીનગરમાં ૪૨ ટીમ ત્રાટકી

૩ દિવસમાં ૬૬.૭૩ લાખની વીજચોરી ઝડપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

રાજકોટ શહેરમાં ચાલુ સપ્તાહે આજે ચોથા દિવસે વહેલી સવારથી પીજીવીએલની કોર્પોરેટ ટીમ દ્વારા રાજકોટ સીટી સર્કલ ડિવિઝન હેઠળ વિસ્તારમાં અલગ અલગ ૪૨ ટીમ દ્વારા વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. છેલ્લા ૩ દિવસ ચેકીંગ દરમિયાન ૩૦૦૬ કનેક્શન ચેક કરી ૩૩૦ કનેક્શનમાંથી ૬૬.૭૩ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે.

રાજકોટ શહેરી વિસ્તારમાં વીજ ચેકીંગ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ચાલુ સપ્તાહ દરમિયાન સતત બે દિવસ કરેલ દરોડા બાદ ધુળેટીની રજા બાદ કરતા આજે ચોથા દિવસે વહેલી સવારથી રાજકોટ શહેરમાં પ્રહલાદ પ્લોટ, કોઠારીયા, આજી-૧, ઉદ્યોગનગર અને લક્ષ્મીનગર સબડિવિઝન હેઠળ આવતા વિસ્તારમાં ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આજે વહેલી સવારથી અલગ અલગ ૪૨ ટીમ રામનાથપરા, અયોધ્યા સોસાયટી, બાબરીયા કોલોની, હરીધવા રોડ, મારૂતિનગર, સીતારામ સોસાયટી, હુડકો ક્વાર્ટર સહીત ૨૦ જેટલા વિસ્તારમાં વીજચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૫ ફીડરો આવરી લેવામાં આવ્યા છે.

આજની ચેકીંગ ડ્રાઈવમાં ૫ વીડિયોગ્રાફર, ૨૧ પોલીસ, ૧૩ SRPનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આજે પણ લાખોની વીજચોરી ઝડપાઇ તેવી પુરી શક્યતા છે. છેલ્લા ૩ દિવસમાં ૩૦૦૬ કનેક્શન ચેક કરી ૩૩૦ કનેક્શનમાંથી ૬૬.૭૩ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

સોમવારે ૯૩૦ વીજ કનેક્શન ચેક કરી ૧૦૭ કનેક્શનમાંથી ૨૦.૧૬ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. જયારે મંગળવારે ૧૦૦૬ વીજ કનેક્શન ચેક કરી ૧૦૯ કનેક્શનમાંથી ૧૯.૪૪ લાખની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી હતી. અને ગઈકાલે ગુરૂવારના રોજ ૧૦૭૦ વીજ કનેક્શન ચેક કરી ૧૧૪ કનેક્શનમાંથી ૨૧.૧૩ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૨ માર્ચથી ૧૨ કેન્દ્રો પર કુલ ૪ સંવર્ગની પરીક્ષાઓનો પ્રારંભ

લેખિત પરીક્ષાના કોલ લેટર, ઉમેદવારો, મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ૪ સંવર્ગ ફીમેલ હેલ્થ વર્કર, મેડિકલ ઓફિસર, લેબ ટેકનીશીયન અને ફાર્માસિસ્ટની લેખિત પરીક્ષા તા.૧૨ માર્ચના રોજ શહેરના જુદા જુદા ૧૨ કેન્દ્રો ખાતે લેવામાં આવશે.

લેખિત પરીક્ષા અંગેના કોલ લેટર ડાઉનલોડ કરવા ઉમેદવારોને મોબાઈલ એસએમએસ તથા મહાનગરપાલિકાની વેબસાઈટ દ્વારા જાણ કરવામાં આવી છે. પરીક્ષાના કોલ લેટર ઉમેદવારો મનપાની વેબસાઈટ www.rmc.gov.in પરથી ડાઉનલોડ કરી શકશે.

દરેક પરીક્ષા કેન્દ્ર પર બે થી ત્રણ વિડીયોગ્રાફર રહેશે, સઝ્ઝડ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે. પરીક્ષા માટે મનપાના ૭૫ જેટલા અધિકારી અને કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી છે.

પરીક્ષા કેન્દ્રો સીસીટીવી કેમેરાથી સઝ્ઝ છે. મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ લઇ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. તેમ મહેકમ શાખાની યાદી જણાવે છે.

ક્રમ	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	આવેલ અરજીઓની સંખ્યા
૦૧	મેડીકલ ઓફિસર	૧૧	૧૭૧
૦૨	ફિમેલ હેલ્થ વર્કર	૪૪	૫૬૫૬
૦૩	લેબ. ટેકનીશીયન	૦૭	૧૯૨૦
૦૪	ફાર્માસીસ્ટ	૦૪	૪૯૫

સૌરાષ્ટ્રના ખેડૂતોએ નાફેડને ડુંગળી વેચવામાં રસ ગુમાવ્યો

રાજકોટ સહિતના સંખ્યાબંધ માર્કેટ યાર્ડમાં ખુલ્લા બજારમાં ડુંગળી વેચતા ખેડૂતોઃ નાફેડના ખરીદી કેન્દ્રો પર સર્જાયો શૂન્યાવકાશ, કોઈ ખેડૂત ફરકતા નથી, નાફેડ કરતા વધુ ભાવ ખુલ્લી બજારમાં મળી રહ્યાનું ખેડૂતોનું કથન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૦

ડુંગળીના ભાવ બાબતમાં ખેડૂતોની રડતી આંખે રજૂઆતોના પગલે કેન્દ્ર સરકારે પણ રાજ્યની જેમ ડુંગળીની ખરીદી કરવા નાફેડને આદેશ આપ્યો પરંતુ ખેડૂતોને ડુંગળી નાફેડના કેન્દ્રો પરથી વેચવામાં કોઈ રસ નથી. ખેડૂતોનો દાવો એવો છે કે, નાફેડમાં ઓછા ભાવ મળી રહ્યા છે તેના કરતા વધુ ખુલ્લા બજારમાં મળી રહ્યા છે. પરિણામે નાફેડના ખરીદ કેન્દ્રો પર એકપણ ખેડૂત નજરે પડતો નથી. ખેડૂતો ખુલ્લા બજારમાં ડુંગળી વેચી રહ્યા છે.

ખેડૂતોના સૂત્રોએ જણાવ્યું હતું કે, ખુલ્લી બજારની હરાજીમાં પ્રતિ ક્વિન્ટલ રૂ.૫૯૦૦ ના ભાવે ડુંગળી વેચાઈ રહી છે. જયારે ચણાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ.૫૩૦૦ મળી રહ્યો છે. આથી માર્કેટિંગ યાર્ડોમાં નાફેડને ડુંગળી, ચણા વેચવાને બદલે ખુલ્લા બજારમાં વેચી રહ્યા છે.

નાફેડ દ્વારા સૌરાષ્ટ્રમાં ડુંગળીની ખરીદી માટે ગોંડલ, રાજકોટ, પોરબંદર અને મહુવા એમ ૪ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. પણ કોઈ ખેડૂત અહીં ફરકતા નથી. એટલે નાફેડના કેન્દ્રો પર શૂન્યાવકાશ સર્જાયો છે. એકલ-દોકલ ખેડૂતો જ આજે નાફેડ કેન્દ્રો પર આવ્યા હતા. જાણવા મળ્યું છે કે, નાફેડ ૪૫ એમએમની જ ડુંગળી ખરીદ કરશે અને એ માલ દિલ્હી મોકલવામાં આવશે. પરંતુ ખેડૂતોને નાફેડમાં હવે કોઈ રસ રહ્યો નથી.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.